# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 227 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ભાદ્રપદ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 September 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




## 2024-25 100% PURE VEG & JAIN GROUP TOURS




ATHENS 2N | SANTORINI 2N | RHODES 3N

- 7 રાત્રી 5 સ્ટાર હોટલ માં મુકામ
- PLAKA OLD CITY ની મુલાકાત
- ACROPOLIS ની ગાઈડેડ ટુર
- ATHENS CITY ની ગાઈડેડ ટુર
- RHODES 9D SHOW THRONES OF HELIOS
- રેડ બીચ ની મુલાકાત SANTORINI ગાઈડેડ ટુર
- RHODES OLD ટાઉન
- ગ્રાન્ડ MASTER PALACE ની મુલાકાત
- SYMI ISLAND ટુર SUBMARINE BOAT રાઈડ
- 3 INTERNAL FLIGHTS ટુર કિંમત માં શામેલ
- મહારાજ દ્વારા બનાવેલ બ્રેકફાસ્ટ-લંચ-ડિનર
- TRAVEL INSURANCE TIPS ટુર કિંમત માં શામેલ

NOV 2 | DEC 9,18,26 | FEB 10,20 | MAR 10,20




TOKYO 3N | HAKONE 1N | HIROSHIMA 1N | OSAKA 3N

- શિંજુકુ ગાર્ડન
- ચીદોરિગા ફુચિ
- Imperial Palace
- Tokyo Sky Tree (450m)
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- Todaiji Temple અને Nara Deer Park
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- Mt.Roko Cable Car Ride (1 way)
- MT FUJI - લેવલ 5
- બુલેટ ટ્રેન ની મુસાફરી
- ઓસાકા CASTLE
- Umeda Sky Tower
- બામ્બુ Forest
- Osaka Aquarium

OCT 28
NOV 4

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang




ISTANBUL 4N | CAPPADOCIA 2N | ANTALYA 3N | PAMMUKALE 1N | KUSADASI 2N

- ૨ ઈન્ટરનલ ફ્લાઈટ્સ ટુર કિંમત માં સમાવેશ
- અંતાલીયા માં 3 રાત્રી ઓલ ઈન્કલુઝીવ હોટેલ માં અનલીમીટેડ બ્રાંડેડ બેવરેજીસ (Alcoholic/Non Alcoholic) (ફક્ત ફોરમ સાથે)
- કાપાડોસિયા માં યાદગાર હોટ-એર બલુન અને 2 રાત્રી મુકામ સાથે ATV RIDE
- Bosphorus Cruise પર બેલે ડાન્સ સાથે ફોરમ સ્પેશિયલ પ્રાઈવેટ ડીનર.
- ઈસ્તાંબુલ માં PRINCESS ISLAND ટુર (ફક્ત ફોરમ સાથે)
- DUDEN WATERFALL BOAT RIDE IN ANTALYA
- બ્રેકફાસ્ટ - લંચ - ડિનર રાજસ્થાની મહારાજ દ્વારા
- TURKISH SHOW
- UNDERGROUND CITY
- Pierre Loti કેબલ કાર

OCT 12,27 | NOV 4,9,16 | DEC 21,25 | JAN 18 | FEB 17 | MAR 17




CAPE TOWN 3N | GEORGE 4N | SUNCITY 2N | MABULA 1N | JOBURG 1N

- ૨ જંગલ સફારી (Game Drive) સાથે મબુલા માં રાત્રી મુકામ
- સન સીટી પેલેસ હોટેલ માં મુકામ એ પણ રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે
- ગાર્ડન રૂટ ના સુંદર શહેર જ્યોર્જ માં 4 રાત્રી નો યાદગાર મુકામ
- કોંગો કેવ્સ અને ઓસ્ટરીચ ફાર્મ
- કેપટાઉન સીટી સેન્ટર હોટેલ માં આવેલ 4 સ્ટાર હોટેલ માં 3 રાત્રી નો મુકામ.
- હેલીકોપ્ટર રાઈડ
- કેપ પેનિનસુલા ટુર
- સીલ આઈલેન્ડ બોટ ટુર
- કેબલ કાર સાથે ટેબલ માઉન્ટેન ટુર
- પેંગ્વીન પાર્ક
- કેપ પોઈન્ટ પર Funicular Ride
- V & A વોટરફ્રંટ મોલ માં શોપિંગ
- ૧ ઈન્ટરનલ ફ્લાઈટ
- દરેક સ્થળે ૪ /૫ સ્ટાર હોટલો માં મુકામ

OCT 24,31
NOV 3,5,14
DEC 22

NEVER STOP EXPLORING

**FORAM 9324366095 | JAY 9167008678 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | VINAY 8104578855**

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900

BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

# સુરતના કીમ-કોસંબા વચ્ચે રેલકર્મીએ જ પેડલોક કાઢ્યાનો ખુલાસો થયોઃ પ્રમોશન માટે કાંડ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કીમ-કોસંબા વચ્ચે મોટી રેલ દુર્ઘટના કરવાનું કાવતરું નિષ્ફળ ગયા બાદ કેન્દ્રીય અને સ્થાનિક એજન્સીઓ તપાસ કરી હતી. આ દરમિયાન સુરત ગ્રામ્ય પોલીસનાં સૂત્રો અને રેલવેનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના પ્રથમ જોનાર રેલકર્મી સુભાષ પોદાર જ આરોપી છે. પ્રમોશન મેળવવા માટે તેણે આ યોજના બનાવી હતી. સુભાષ પોદારે જ પેડ લોક કાઢ્યા હતા. એનઆઈએને સૌથી પ્રથમ સુભાષ ઉપર શંકા ગઈ હતી. કારણ કે, ૭૧ પેડ લોક કોઈ સામાન્ય વ્યક્તિ ટૂંક સમયમાં કાઢી શકે નહીં. જ્યારે આ ઘટના પ્રકાશમાં આવી તે પહેલાં ત્રણ ટ્રેન ત્યાંથી પસાર થઈ હતી. પરંતુ ત્રણેય ટ્રેનના લોકો પાઇલટને કોઈપણ શંકાસ્પદ વસ્તુ નજર આવી નહોતી. કોઈપણ ફૂટપ્રિન્ટ કે અન્ય શંકાસ્પદ વસ્તુ ઘટના સ્થળેથી મળી આવી નહોતી.

આરોપી સુભાષ પોદારના સહકર્મચારીઓ દ્વારા આ મામલે ખુલાસો કરાયો હતો કે, તેને પ્રમોશન જોઈતું હતું. રેલવેમાંથી ઈનામ મેળવવા, પ્રમોશન મેળવવા અને રજા માટે સોશિયલ મીડિયામાં ઈન્ફ્લુઅન્સ માટે કાવતરું રચ્યું હતું. આવી ઘટનાઓના સતર્કતા માટે કર્મચારીઓને રેલવે તરફથી ખાસ એવોર્ડ આપવામાં આવે છે, એ મેળવવા માટે આરોપીએ કૃત્ય કર્યું હતું. ખાસ આવી ઘટનાઓમાં એક્સિડન્ટ એવર્ટેડ એવોર્ડ આપવામાં આવે છે. આમ આરોપીએ વ્યક્તિગત લાભ માટે આરોપીએ કૃત્ય કર્યું હતું.

તપાસમાં એનઆઈએને કંઈ શંકાસ્પદ ન મળતા ટીમને રેલવે ટ્રેકમેન પર શંકા ગઈ હતી. સુભાષ પોદ્દાર, મનીષ મિસ્ત્રી અને જયસ્વાલની આકરી પૂછપરછ કરતા તેઓએ ગુનો પોપટની જેમ કબૂલ્યો હતો. જેમાં સુભાષે બંને સાથીદારોને નાઈટ રાઉન્ડ લંબાઈ જાય અને એવોર્ડ મળે એવી વાત કરીને જાતે જ જોગલ ફિશ પ્લેટ અને એઆરસી પેડ લોક ખોલી અપ ટ્રેક પર મૂકી દીધા હતા. સુભાષે પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી અને ફોટો પાડી તમામને ગુમરાહ કરવાના ગુનાની કબૂલાત કરી હતી. આ કેસમાં ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતની કીમ કોસંબા રેલવેના પાટા પર જોગલ ફિશ પ્લેટ અને એઆરસી પેડ લોક ખોલી અપલાઈન પર મૂકી દેવાયા હતા. તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આશરે ૫ વાગ્યા આસપાસ આ ઘટના બની હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અનુસંધાને કીમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ સુરત ગ્રામ્ય એસઓજીને સોંપાઈ હતી. એલસીબી, એસઓજી, પેરોલ તથા લોકલ પોલીસ સ્ટેશન અને જિલ્લાના અન્ય પોલીસ સ્ટેશનની અલગ અલગ મુખ્ય ૫ ટીમો અને બીજી ૧૬ ટીમ કામે લાગી હતી. જેમાં ગુનાવાળી જગ્યાની આસપાસ ગ્રીડ સર્ચ કરાવતા કોઈ ગુનાને લગતી ચીજવસ્તુ મળી ન હતી.

આમ, ૪૮ કલાકની અંદર સતત ફિલ્ડ અને ટેક્નિકલ આધારે ગુનો ડિટેક્ટ કરાયો હતો. ત્રણેય આરોપી રેલવે કર્મચારીઓ છે. અટકાયત ૩ પૈકી એક કોન્ટ્રાક્ટ કર્મચારી છે. સુભાષ પોદ્દાર પોતે જ ઘટનાનો ફરિયાદી હતો. ■

# રાજ્યમાં ૧૦૮ સેવાએ અત્યાર સુધીમાં ૧૫.૫૨ લાખ લોકોના જીવ બચાવ્યાઃ ૧.૬૬ કરોડ કોલ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઇમરજન્સી સેવા શરૂ થઇ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૬૬ કરોડથી વધુ ઇમરજન્સી કોલ એટેન્ડ કરીને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા આપવાનમાં આવેલી વિગતો મુજબ, ૫૫.૩૯ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૦.૩૨ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી હતી. જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા હતા. જ્યારે, એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૪૩ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૧૪ જેટલી ખિલખિલાટ વાનનો ૧.૧૩ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આરોગ્ય સંજીવની-મોબાઇલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૨૫૬ વાન થકી ૨.૭૯ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો હતો. વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૪.૭૬ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૨.૯૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી હતી.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન દ્વારા કુલ ૫૦.૪૪ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૪૨ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યા હતા. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઇમરજન્સી સેવા અંતર્ગત ૧.૪૭ કરોડથી વધુ ઇમરજન્સી કોલ, પોલીસ ઇમરજન્સી, ફાયર ઇમરજન્સી, મેડીકલ ઇમરજન્સી અને ડિઝાસ્ટર ઇમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૦માં દસ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું અને વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ ૬૮૬ વાન સેવારત છે, જેમાં ૭૦ લાખથી વધુ પશુઓની સારવાર પણ કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબૂ

## ડેન્ગ્યૂના રોજના સરેરાશ ૨૬૫ અને મેલેરિયાના ૨૧૫ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મચ્છરજન્ય બીમારીએ માથું ઊંચક્યું છે અને ડેન્ગ્યૂ મેલેરિયા-ચિકનગુનિયાના કેસમાં સતત વધારો થઈ રહ્યા છે. સપ્ટેમ્બરના ૧૦ દિવસમાં જ ડેન્ગ્યૂના ૨૬૫૦થી વધુ મેલેરિયાના મેલેરિયા ૨૧૫૦થી વધુ, ચિકનગુનિયાના ૨૮૮થી વધુ કેસ નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત બે વ્યક્તિનાં ડેન્ગ્યૂથી મોત પણ થયા છે.

ઓગસ્ટ મહિનાથી વાઈરલ ઈન્ફેક્શન અને મચ્છરજન્ય બીમારીના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસના પીજીના ૬૮થી વધુ ડેન્ગ્યૂના કેસ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલના સ્ટાફે અનેક વખત તંત્રને ફરિયાદ કરી કારણે હોસ્પિટલનો સ્ટાફ ડેન્ગ્યૂનો ભોગ બન્યા હોવાનો તંત્ર પર ગંભીર આક્ષેપ લાગ્યો છે. દર્દીઓની સારવાર કરતા તબીબો અને સ્ટાફ જ માંદા પડ્યા છે. બીજી તરફ સિવિલ હોસ્પિટલના અધિકારીઓના દાવા અનુસાર સિવિલના ૨૦થી વધુ ડોક્ટર-આરોગ્યકર્મીઓ ડેન્ગ્યૂની ઝપટમાં આવ્યા છે. આ પૈકી ૬ ડોક્ટર-આરોગ્યકર્મીઓ હાલ સિવિલમાં સારવાર હેઠળ છે. ■

# આજે માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી યોજાશેઃ પ્રથમવાર મહિલા ઉમેદવાર મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી આવતીકાલે યોજાશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચૂંટણી યોજાવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી લેવામાં આવી છે. બે સંવર્ગો (૧) શાળા સંચાલક મંડળ (૨) સરકારી શિક્ષકોના સંવર્ગની ચૂંટણીમાં ઉમેદવારી કરી રહેલા ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સરકારી સંવર્ગમાં ઉમેદવારી કરનારા અને રાજ્યના સરકારી સંવર્ગના પ્રાન્ત હોદેદાર ચેતના બેન બચુભાઈ ભગોરાને સંગઠન દ્વારા ટેકો જાહેર કર્યો હોવાથી સંગઠનના હોદેદારો પણ ચેતના બેન ભગોરાના સમર્થનમાં પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. ઈતિહાસમાં પહેલીવાર મહિલા ઉમેદવાર ચેતના બેન બચુભાઈ ભગોરા માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી લડી રહ્યા છે, આથી તેમને જંગી બહુમતીથી વિજય બનાવવા મહેનત થઈ રહી છે. પદાધીકારીઓનો ટેકો તથા છેલ્લા અઠવાડિયામાં તમામ મતદારોનો થયેલો સંપર્ક, બેઠકો તથા ટેલિફોન અને વોટ્સએપ મેસેજ, ઓનલાઈન બેઠકોમાં મળી રહેલા વ્યાપક સમર્થનથી ચેતના બેને ચૂંટણી મેદાને ઝંપલાવ્યું છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતમાં તમામ મતદાન મથકો પર એજન્ટ નીમવા માટે તથા મતદાન કરનાર મતદારોને કોઈ તકલીફ ન પડે એની કાળજી લેવાઈ રહી છે. ૧૦૦ ટકા મતદાન થાય મહિલા મતદારો સવારે જ મતદાન કરી પછી ચેતના બેન માટે મતદાન કરાવવા માટે પ્રયત્ન કરે એવું આયોજન કરવામાં આવી રહ્યું છે. ■

# કચ્છમાં ભૂગર્ભીય હલચલ યથાવત્‌ઃ ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૂકંપ ઝોન-૫મા સમાવાયેલા સરહદી કચ્છમાં ચિંતાજનક સ્તરે ભૂગર્ભીય સળવળાટ સતત વધી રહ્યો છે. નવરાત્રી પર્વના શરૂ થઇ ગયેલાં કાઉન્ટડાઉન વચ્ચે સોમવારે સવારના ૧૦ અને ૦૫ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદ્‌ભવેલા ૩.૩ની તીવ્રતા ધરાવતા ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરાને વધુ એકવાર ધ્રુજાવતાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, પૂર્વ કચ્છના તાલુકા મથક રાપરથી ૧૨ કિલોમીટર દૂર કુડા ગામ તરફ પશ્ચિમ-દક્ષિણ દિશાએ કેન્દ્રબિંદુ ધરાવતો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો.આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના સીમાવર્તી વિસ્તારમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. અત્રે એ ઉલેખનીય છે કે, ગુજરાતમાં ખાસ કરીને કર્કવૃત જ્યાંથી પસાર થાય છે એવા કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં ભૂગર્ભીય હિલચાલ ચિંતાજનક રીતે વધી રહી છે. રાપર, ભચાઉ અને પુરાતન નગરી ધોળાવીરા સહિતના વિસ્તારોને સમાવતી વાગડ ફોલ્ટલાઇન વધુ પડતી સક્રિય થઇ છે અને જાન્યુઆરીથી લઇ, સપ્ટેમ્બર સુધીના સમયગાળામાં ભૂકંપના નાના-મોટા સેંકડો આંચકાઓ નોંધાઈ ચુક્યા છે. સૌરાષ્ટ્રના અમરેલી, તલાલા, જામનગર અને ઉના, તેમજ ઉત્તર ગુજરાતના પાલનપુર વિસ્તારમાં પણ ભેદી ધડાકા સાથે ભૂકંપના આંચકાઓ સમયાંતરે આવી રહ્યા છે જે એક ચિંતાનો વિષય બની ચુક્યા છે.

આ મહિનામાં અત્યાર સુધીમાં રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં નોંધાયેલ ૩ થી વધુની તીવ્રતાનો આ ચોથો આંચકો છે.ગુજરાતમાં ભૂકંપનું જોખમ ઘણું વધારે છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જીએસડીએમએ) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ છેલ્લા ૨૦૦ વર્ષોમાં તેને નવ મોટા ભૂકંપનો સામનો કરવો પડ્યો છે. ૨૦૦૧નો કચ્છનો ભૂકંપ છેલ્લી બે સદીઓમાં ભારતમાં ત્રીજો સૌથી મોટો અને બીજો સૌથી વિનાશક ધરતીકંપ હતો. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ, ગુજરાતમાં ૬.૯ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો અને તેનું કેન્દ્ર કચ્છમાં ભચાઉ પાસે હતું જેણે સમગ્ર રાજ્યને અસર કરી હતી. ભૂકંપમાં લગભગ ૧૩,૮૦૦ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય ૧.૬૭ લાખ લોકો ઘાયલ થયા હતા. ■

# અમદાવાદમાં ૩૩૧ બોગસ ડિમેટ ખાતાં ખોલી ૫૫ લાખની ઠગાઈઃ ૧૫ લોકો સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સી જી રોડ મ્યુનિસિપલ માર્કેટ પાસે આવેલી બ્રોકિંગ કંપનીમાં ચાહકોની જાણ બહાર તેઓના આધારકાર્ડ અને બોગસ આઈ ટી રિટર્ન આધારે ૩૩૫ ડિમેટ એકાઉન્ટ ખોલાવનાર શખ્સ સહિત ૧૫ આરોપી સામે સીઆઈડી ક્રાઈમમાં શનિવારે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસમાં ખૂલેલી વિગત મુજબ આરોપીએ આ ખાતામાં ગ્રાહકોની જાણ બહાર ટ્રેડિંગ કરી બ્રોકરેજ મેળવી તેમ જ ખાતામાં ૨.૨૦ કરોડ ડેબિટ કરી સરકારને જીએસટી ટૅક્સ, એસટીટી અને ટર્નઓવર ચાર્જનું નુકસાન કર્યું હતું. આ રીતે ફરિયાદીની કંપનીને પણ આરોપીઓએ ૫૫ લાખનું નુકસાન કર્યું હતું.

ડિમેટ ખાતા ખોલી કૌભાંડ આચરનાર કિશન સોની આણી મંડળીની પૂછપરછમાં ઘટસ્ફોટ થયો હતો કે, આરોપી કિશન ખાતા ખોલવા માટે માણસોને ત્રણ હજારથી દસ હજાર કમિશન આપતો હતો. કિશન તેના સહ આરોપીઓને ક્લાયન્ટની જાણ બહાર તેઓની ડોક્યુમેન્ટ મેળવી ખોટા આઈટી રિટર્ન બનાવી ખાતા ખોલવા માટે ત્રણ થી દસ હજાર સુધીનું કમિશન આપ્યું હતું. આ ખાતામાં ટ્રેડિંગ કરનાર ખાતા દીઠ કિશન સોની ૫૦૦ રૂપિયા કમિશન પેટે આપતો હતો. કિશન સોની અને તેના મિત્રો બોગસ ડિમેટ અને ટ્રેડ ખાતામાં નાની રકમના શેર સમયાંતરે જુદી-જુદી તારીખોએ નાની રકમના શેર ગિફ્ટ કરતા તેમ જ મહિનાની એક્સપાયરી ડેટના દિવસે ઓછા મૂલ્યના ઓપ્શન્સમાં ટ્રેડિંગ કરી બ્રોકરેજ જનરેટ કરતા હતા. આ રીતે બ્રોકરેજ મેળવી પૈસા કમાવવા માટે આરોપીઓએ સમગ્ર કૌભાંડ આચર્યું હતું. ■

# આણંદમાં વરસાદથી ખરાબ થયેલા રોડ પર પેચવર્ક, પેપર પટ્ટાની કામગીરી પૂરજોશમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લામાં ભારે વરસાદના કારણે ખરાબ થયેલા રસ્તાઓના મરામતની કામગીરી ધોરીમાર્ગ અને મુખ્ય જિલ્લા માર્ગ અને કાર્યપાલક ઇજનેર જિલ્લા પંચાયત દ્વારા પંચાયતના ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓનું પેચવર્ક અને પેપર પટ્ટાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

માર્ગ અને મકાન રાજય હસ્તકના રાજ્ય ધોરીમાર્ગ અને મુખ્ય જિલ્લા માર્ગ મળીને કુલ ૧૧ જેટલા રસ્તાઓ ઉપર પેચ વર્ક તથા પેપર પટ્ટાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉપરાંત સમગ્ર જિલ્લામાં રાજ્ય ધોરીમાર્ગના રસ્તાઓના મેન્ટેનન્સનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે.

આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ ગડા -પલોલ રોડ, ખંભોળજ -કુંજરાવ રોડ, ચિખોદરા રોડ, દિલ્હી ચકલા -કઠાણા રોડ ઉપર પેચ વર્ક અને પેપર પટ્ટાની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૧ જેટલા રોડ ઉપર પેચ વર્કની કામગીરી પૂર્ણ કરીને તેની પર ડામરની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કલેકટરે આપેલી સૂચના મુજબ જિલ્લાના વિવિધ માર્ગની આજુબાજુમાં ઊગી નીકળેલી વણઉપયોગી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાના કારણે સાંકડા થયેલા રસ્તાઓ પરથી વણઉપયોગી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાને જેસીબી મશીનથી દૂર કરવામાં આવ્યા છે. ■

# દાહોદના સિંઘવડમાં સગીર વિદ્યાર્થીના હત્યારા આચાર્ય સામે ઝડપી કેસ ચલાવોઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર શિક્ષણ જગતને શર્મનાક કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસૂમ દીકરીની હત્યા તથા રાજ્યમાં શૈક્ષણિક કેમ્પસમાં દીકરી પરના અત્યાચાર અંગે ભાજપ સરકાર ક્યારે સઘન પગલા ભરશે ? તેવો પ્રશ્ન ઉઠાવીને કૉંગ્રેસે સમગ્ર કેસ ફાસ્ટ-ટ્રેક માં ચલાવીને દાખલારૂપ સજા થાય તે રીતે કાર્યવાહી કરવાની માગણી કરી છે.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં વધતા જતા માસૂમ દીકરીઓ પરના દુષ્કર્મ અને જાતીય સતામણીના વધતા કિસ્સા વાલીઓ માટે પણ ચિંતાનો વિષય છે. શાળા અને કોલેજોમાં વાલીઓ પોતાની દીકરીઓને અભ્યાસ કરવા મોકલે છે ત્યારે તેની સાથે જ્યારે આવી કાળજુ કંપાવનારી ઘટનાઓ બને ત્યારે શૈક્ષણિક સંકુલોમાં દીકરીઓની સલામતી માટે ગંભીર પગલાં ભરવાનો સમય પાકી ગયો છે. દાહોદની શાળામાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગતને શરમિંદુ ઉઠી છે ત્યારે કોની ઉપર ભરોસો મૂકવો તે સવાલ થાય છે. ગુજરાત રાજ્યમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી માત્ર કાગળ ઉપર છે. આ પ્રકારના બનાવોમાં શિક્ષણ વિભાગ લીપાપોતી કરવાને બદલે સંગીન પગલાં ભરે તેવી માગ છે. કર્મયોગી જેવી અનેક તાલીમોમાં લાખો રૂપિયા ખર્ચી નાખવામાં આવે છે ત્યારે કઈ પ્રકારની તાલીમ આ કૃત્ય આચરનાર નરાધમ શિક્ષકો મેળવી રહ્યા છે? દરમિયાન ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે, સિંઘવડમાં છ વર્ષની દીકરીની જે રીતે કરપીણ હત્યા થઈ છે તે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખે તેમ છે. દીકરીને હત્યા કરનાર તેની શાળાના આચાર્ય હતા. નરાધમ આચાર્ય ગોવિંદ નટ્ટ રાજકીય વ્યક્તિ છે. ગોવિંદ નટ્ટના કેટલાક ફોટો સામે આવ્યા છે તે ચોંકાવનારા છે. ગોવિંદ નટ્ટના સંઘના ગણવેશમાં શિબિરમાં ભાગ લેતા ફોટો જોવા મળ્યા છે અને વિશ્વ હિન્દુ પરિષદની શિબિરમાં ભાગ લેતા જોવા મળે છે. ગુજરાતના પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ જોડે આ વ્યક્તિ સાથેની બેઠકનો ફોટો છે. શું સંઘ અને વીએચપી આ પ્રકારના લોકો માટે કોઈ વિરોધ દર્શાવશે ? શું ભાજપ ના બનાવટી લોકો, દાહોદની દીકરી માટે કેન્ડલ માર્ચ કાઢશે ખરા?

# સાબર ડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની ૩જી ઓક્ટોબરે ચૂંટણી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબર ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી ૩ ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. એટલે સાત મહિના બાદ સાબર ડેરીને ચેરમેન અને વાઈસ ચેરમેન મળશે.

આ અંગે મળતી વિગત એવી છે કે, સાબર ડેરીના નિયામક મંડળની ચૂંટણી ૧૦ માર્ચે યોજાઈ હતી ત્યાર બાદ પરિણામ જાહેર થયું હતું. નિયામક મંડળની ચૂંટણી પૂર્ણ થયા બાદ લોકસભાની ચૂંટણી જાહેર થઇ હતી.

જો કે ૧૫ જૂન સુધી ચૂંટણી યોજાઈ ન હતી. સોમવારે સાત મહિના બાદ સાબરડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીની તારીખની જાહેરાત થઇ હતી.

આ અંગે સાબર ડેરીના એમડી.સુભાષભાઈ પટેલે જણાવ્યું હતું કે, સાબર ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી ૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ થશે. સાબર ડેરીના સભાખંડમાં અધ્યાશી અધિકારી તરીકે હિંમતનગરના પ્રાંત અધિકારી હાજર રહેશે અને સવારે ૧૧ કલાકથી બપોરે ૧૨.૨૦ કલાક સુધી ચૂંટણી પ્રક્રિયા યોજાશે. જેમાં ૧૧ થી ૧૧.૧૫ કલાક દરમિયાન ઉમેદવારીપત્રો સ્વીકારવા, ૧૧.૧૫ થી ૧૧.૩૦ કલાક ઉમેદવારી પત્રો ચકાસણી, ૧૧.૩૦ થી ૧૧.૪૫ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો સમય,૧૨.૦૦ કલાકે હરીફ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવી અને ૧૨.૦૦ ૧૨.૨૦.કલાક દરમિયાન જરૂર જણાયે મતદાન અને ૧૨.૨૦ કલાકે મતગણતરી અને પરિણામની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રક્રિયા ચાલશે. ■

# ખાવડામાં અગરબત્તીના તણખાથી ચાદરમાં આગ લાગતા બે ભાઈ-બહેન દાઝ્યાં, એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મચ્છર મારવાની અગરબત્તીનો ઉપયોગ કરતા વાલીઓ માટે ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે.

ભુજના સીમાવર્તી ખાવડા ગામે આવી અગરબત્તીનો તણખો ઝરવાથી લાગેલી આગમાં બે માસૂમ બાળકો ઝપેટમાં આવી ગયા હતા. જેમાં બે વર્ષીય માસૂમનું મોત થતા સમગ્ર ખાવડા પંથકમાં અરેરાટી સાથે શોક છવાઈ જવા પામ્યો છે.

ગત રવિવારે પરોઢિયે બનેલા બનાવ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, ખાવડાના નવાવાસમાં રહેતા પરિવારે તેમના ઘરમાં મચ્છર મારવાની અગરબત્તી સળગાવી હતી.

બે વર્ષની આયુનો પુત્ર અને ત્રણ વર્ષીય પુત્રી પલંગ પર સૂતા હતા અને મચ્છર મારવાની અગરબત્તી ચાલુ હતી એ દરમિયાન અગરબત્તી પલંગ પર પડતા ચાદરમાં આગ લાગી હતી.

જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને બંને બાળકો આગની ઝપેટમાં આવી જતા તાત્કાલિક માતા-પિતા જાગી ગયા અને આગ બુઝાવી બાળકોને સારવાર માટે લઈ ગયા હતા.

ગંભીર રીતે દાઝી જવાના કારણે બે વર્ષીય મોસીન ક્યુમ સમાનું ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું જ્યારે ત્રણ વર્ષીય બહેન મુકશાના હાલે સારવાર તળે દાખલ હોવાનું જાણવા મળ્યું છે.

ખાવડા પોલીસે એમએલસીના દાખલ કરી છે. ■

# ગિરનાર પર બે દીકરીની માતાએ ડિવોર્સી પ્રેમી સાથે ઝેરી દવા પીધીઃ બંનેના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતથી બે દીકરીની માતા ડિવોર્સી પ્રેમી સાથે ભાગીને જૂનાગઢ પહોંચી હતી. જ્યાં ગિરનાર પર્વત પર આ પ્રેમી જોડાએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ ભવનાથ પોલીસને શનિવારે સાંજે થતાં અંબાજી નજીક આવેલા ગોરખનાથ નજીકની ખીણમાંથી લોકોની મદદથી ડોલીના સહારે બન્ને મૃતદેહોને નીચે લાવવામાં આવ્યા હતા. રવિવારે સવારે ૫ વાગ્યે જૂનાગઢ સિવિલમાં મૃતદેહો લઇને પોલીસ પહોંચી હતી અને પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શનિવારની સાંજે ૬:૩૦ વાગ્યાના અરસામાં ઉજાગર થયેલી ઘટનામાં ભવનાથ પોલીસ ગિરનાર પર્વત ચડીને અંબાજી નજીક આવેલા ગોરખનાથ નજીકની ખીણમાંથી ડોલીના સહારે બંને મૃતદેહો લાવી રવિવારે સવારે ૫ વાગ્યે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં પહોંચી હતી, જ્યાં મૃતદેહોના પોસ્ટ મોર્ટમ સહિતની તમામ કાર્યવાહી હાથ ધરી હતી.

ભવનાથ પોલીસ મથકના પીએસઆઇ આર.એસ. ડામોરે કહ્યું હતું કે, સુરતના નવા ગામના કોળવદ વિસ્તારનો ૩૨ વર્ષીય દીપક વશરામ વેકરિયા અને કામરેજ વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય ચૈતાલી હિતેશ લાખાણિયા નામની પરિણીતા સુરતમાંથી ગત તા. ૫ સપ્ટેમ્બરના સુરતથી ભાગીને જૂનાગઢ આવ્યા હતા. ગઈકાલે શનિવારે સાંજે ૬:૩૦ વાગ્યાના અરસામાં તેઓને ગિરનાર સ્થિત અંબાજી મંદિર નજીક આવેલા ગોરખનાથ પાસેની ખીણમાં એક પુરુષ અને સ્ત્રીનો મૃતદેહ પડ્યા હોવાની વિગતો મળી હતી.

બનાવની જાણ થતાં પોલીસ ગિરનારના પગથિયાં ચડી રાત્રિના ૧૨ વાગ્યાના અરસામાં બનાવ સ્થળે પહોંચી જરૂરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેઓને મૃતક સ્ત્રી પુરુષ બંનેના આધાર કાર્ડ મળી આવ્યા હતા, જેમાંથી તેમની ઓળખ કરાઈ હતી. બાદમાં પોલીસ અને અન્ય લોકોની મદદથી મૃતદેહોને ડોલી મારફતે વહેલી સવારે ૫:૦૦ વાગે જૂનાગઢ સિવિલ હૉસ્પિટલમાં લાવી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ગિરનારના ગોરખનાથ નજીકથી મળેલા મૃતદેહો સંદર્ભે તપાસ કરતાં પોલીસને જાણવા મળ્યું હતું કે દીપક વશરામ વેકરિયાના છૂટાછેડા થઈ ગયા છે, જ્યારે ચૈતાલીને સંતાનમાં બે દીકરીઓ છે અને તેણે હર્યો ભર્યો સંસાર છોડીને પ્રેમી સાથે ભાગી જઈ અંતિમ પગલું ભરી લીધું છે. આ પગલું ભરવાનું કારણ શું એ દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# સુરતના કામરેજના ભાદા ગામે બે શખ્સોએ હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કામરેજના ભાદા ગામે દિલીપ ગાગાણી અને સંજય ગાગાણી નામના બે શખ્સોએ હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનો બનાવ બન્યો છે. રસ્તા પર ઘાસચારો ઉતારવા બાબતે માથાકૂટ થઈ હતી અને તેમાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાની વાત બહાર આવી છે. રેતીની ટ્રક આવતી હોવાથી ઘાસચારો રોડ પર હતો અને તેથી માથાકૂટ થઈ હતી.

કામરેજના ભાદા ગામે ફાયરિંગની ઘટના બનતા કામરેજ પોલીસ દોડતી થઈ હતી. રસ્તા પર ઘાસચારો ઉતારવાનો હોવાથી અને રેતીની ટ્રક આવવાની હોવાથી ઘાસચારો સાઈડ પર ઉતારવાનું કહેતા બબાલ થઈ હતી. રખેવાળે માલિકને બોલાવતા માલિકે આવીને હવામાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ કરનાર દિલીપ અને સંજય ગાગાણીને સુરત ખાતે સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. આરોપીઓએ પોતાના સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હોવાની પોલીસને માહિતી આપી હતી. પોલીસે ફાયરિંગ કરનાર બંને શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

આ અગાઉ સુરતના સરથાણા વિસ્તારમાં ફાયરિંગની ઘટના બની હતી, કારચાલકે કાર ઊભી રાખીને હવામાં ફાયરિંગ કર્યું હતું. સરથાણાના વ્રજ રેસિડેન્સીમાં આ ઘટના બની હતી જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ ઘટનામાં પોલીસે કારના નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 227 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 September 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

શૅરબજારમાં આગઝરતી તેજી

## સેન્સેક્સ-નિફ્ટી વિક્રમી સપાટીએ

### રોકાણકારોની સંપત્તિમાં ત્રણ દિવસમાં ₹ ૮.30 લાખ કરોડનો વધારો

નવી દિલ્હીઃ અમેરિકાની ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ઘટાડો કર્યો હોવા વચ્ચે સોમવારે સતત ત્રીજે દિવસે પણ શૅરબજારમાં આગઝરતી તેજી જોવા મળી હતી અને રોકાણકારોની સંપત્તિમાં ત્રણ દિવસમાં રૂ. ૮.૩૦ લાખ કરોડનો વધારો થયો હતો.

સોમવારે સેન્સેક્સ ૩૮૪.૩૦ પૉઈન્ટ કે ૦.૪૫ ટકા વધીને ૮૪,૯૨૮.૬૧ની વિક્રમજનક સપાટીએ પહોંચ્યો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સ ૪૩૬.૨૨ પૉઈન્ટ કે ૦.૫૧ ટકા વધીને ઈન્ટ્રા ડેમાં ૮૪,૯૮૦.૫૩ પૉઈન્ટની નવી ઊંચાઈને સ્પર્શ્યો હતો.

ત્રણ દિવસમાં બૅન્ચમાર્ક ૧,૯૮૦.૩૮ પૉઈન્ટ કે ૨.૩૮ ટકા વધ્યો હતો. ટેલિકોમ, બૅન્કિંગ, રિયલ એસ્ટેટ તેમ જ ઓઈલ ઍન્ડ ગૅસ કંપનીઓના શૅરના ભાવમાં થયેલા

(જુઓ પાનું ૨) ▸▸

## આતિશીનું ‘રામાયણ’: હોદ્દો સંભાળ્યો પણ મુખ્ય પ્રધાનની ખુરશી પર ન બેઠાં

નવી દિલ્હીઃ આપ નેતા આતિશીએ સોમવારે દિલ્હીનાં આઠમા મુખ્ય પ્રધાન તરીકે પદભાર સંભાળ્યો હતો. આ તકે તેણીએ કહ્યું કે તે ભરતની જેમ કામ કરશે જેણે અયોધ્યાના સિંહાસન પર તેના મોટા ભાઇ ભગવાન રામની ચાખડી મૂકી હતી. આતિશી કેજરીવાલની ખુરશી પર બેઠાં ન હતાં. તેણીએ કહ્યું કે મુખ્ય પ્રધાન કાર્યાલયમાં તેમની ખુરશી ખાલી રહેશે. તેણી કેજરીવાલની ખુરશીની બાજુમાં રાખવામાં આવેલી એક સફેદ ખુરશી પર બેઠાં હતાં. દિલ્હી ભાજપના વડા વિરેન્દ્ર સચદેવાએ આતિશીની ટીકા કરતા કહ્યું કે

(જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં વીજળી પડવાથી આઠનાં મોત

રાજનાંદગાંવ : છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના એક ગામમાં સોમવારે વીજળી પડવાથી શાળાના પાંચ બાળક સહિત આઠ લોકોનાં મોત થયાં હતાં અને એક વ્યક્તિ ઘાયલ થઈ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. આ ઘટના સોમની પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જોરાતરાઈ ગામમાં બપોરે દોઢ વાગ્યે બની હતી.

ઘટનાની જાણ થતા વરિષ્ઠ વહીવટીતંત્ર અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. રાજનાંદગાંવના પોલીસ અધિક્ષક મોહિત ગર્ગે ફોન પર જણાવ્યું હતું કે,

(જુઓ પાનું ૨) ▸▸

બદલાપુરના બળાત્કારીને પોલીસે ક્યાં અને કેવી રીતે પતાવ્યો? ૧૨

## ઓસ્કર ૨૦૨૫: ભારતની એન્ટ્રી તરીકે ‘લાપતા લેડીઝ’ની પસંદગી

ચેન્નાઇઃ કિરણ રાવની ‘લાપતા લેડીઝ’ને ઓસ્કાર ૨૦૨૫ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. આ જાહેરાત સોમવારે ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ કરી હતી.

આ હિન્દી ફિલ્મ પિતૃસત્તા પર એક હળવું વ્યંગ છે. જેને ૨૯ ફિલ્મોની યાદીમાંથી પસંદ કરવામાં આવી છે. જેમાં બોલીવૂડની હિટ ‘એનિમલ’, મલયાલમ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ‘અટ્ટમ’ અને કાન્સ વિજેતા ‘ઓલ વી ઇમેજિન એઝ લાઇટ’નો સમાવેશ થાય છે. આસામી

(જુઓ પાનું ૨) ▸▸

સ્વાદ માટે અજોડ
જૂની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કું. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 68,490/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

Freedom
TOUR PLAN
12N NZ GROUP TOUR - OCT-JAN '25
₹ 1,85,400/- Land Package with BF
₹ 2,25,000/- Land Package - Restaurant
₹ 2,43,000/- Land Package with Chef
₹ 4,54,500/- All Inclusive Package
+91 98751 62567
FREEDOMTOURISM.COM

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો



તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ
મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ | કેપ્સ્યુલ



મોટાભાઈ, ૩૮ વર્ષનો અનુભવ છે!
કોઇ ‘રેવડી’ નહી
કોઇ ‘ડિસ્કાઉન્ટ’ નહી
માત્ર સર્વિસ... સર્વિસ અને સર્વિસ

| | | | | |
|---|---|---|---|---|
| મહારાજ સાથે ગ્રુપ ટુર<br>સ્પીતી<br>(હિમાચલ પ્રદેશ - વેલી)<br>89284 67688 / 99300 92741 | સાંગલા - સરહાન્<br>કિન્નોર<br>વેલી - હિમાચલ પ્રદેશ<br>89284 67688 / 99300 92741 | ચોપતા - ઋષિકેશ<br>ઔલી<br>8928467688 / 9930092741 | બંડિપુર - વૈત્રિ<br>કૂર્ગ<br>9326474508 / 9833515645 | ખજુરાહો - ગ્વાલીયર<br>મધ્ય પ્રદેશ<br>8928467688 / 9930092741 |
| પારો-પુનાખા-થીમ્પુ<br>ભૂતાન<br>9326474508 / 9833515645 | પોખરા-ચિત્તવન<br>નેપાલ<br>9326474508 / 9324210059 | જયપુર- જોધપુર<br>રાજસ્થાન<br>8591467707 / 9326474508 | બદ્રિનાથ - કેદારનાથ<br>ચારધામ<br>9324210059 / 9930092741 | અયોધ્યા-વારાણસી<br>ઉત્તર પ્રદેશ<br>9324210059 / 9930092741 |
| આસામ - મેઘાલય<br>અરુણાચલ<br>9326474508 / 9769442741 | દાર્જિલિંગ -પેલિંગ<br>સિક્કિમ<br>8104068685 / 8369230503 | મસુરી -કૉર્બેટ<br>ઉત્તરાખંડ<br>8369230503 / 9769442741 | આર્યનવેલી- દ્રાસ<br>લદાખ<br>8591467707 / 9833515645 | પટ્નીટોપ - કતરા<br>કાશ્મીર<br>8104068685 / 8591467707 |
| ડેલહાઉઝી મનાલી - સીમલા<br>હિમાચલ<br>9137890531 / 7021657978 | મુન્નાર - કોવાલમ<br>કેરાલા<br>7021657978 / 9137890531 | સીમલા - મનાલી<br>જીભી<br>8928467688 / 9769442741 | | |

વ્યવસ્થિત બજેટ અને ઉંચો ટેસ્ટ ધરાવતા ૨૦ થી વધૂ વ્યક્તિનો સીલેક્ટેડ ગ્રુપો માટે સ્પેશિયલ ગ્રુપ ટુરોના વૈભવી આયોજન માટે મારો સંપર્ક સાધો.
જીતુભાઈ શાહ...8928467688

Heena TOURS & TRAVELS
DOMESTIC & INTERNATIONAL
303 / 304 / 305, એમ એલ સ્પેસ, ડી જે રોડ (સ્ટેશન રોડ), વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-56
ફોન:- 022-67294444 / 61596900
ઘાટકોપર: 022-67295000 | સુરત: 0261-2456655
અમદાવાદ: 079-49065500 | પુના: 8237042741
enquiry@heenatours.in
www.heenatours.in

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આ દેશના મોટા ભાગના યુવાઓની હાલત અન્ના જેવી છે

**પૂણેમાં** મલ્ટિનેશનલ કંપની અન્સર્ટ એન્ડ યંગ (ઈવાય)માં કામ કરતી ૨૬ વર્ષની આશાસ્પદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) યુવતી અન્ના સેબેસ્ટિયન પેરાયિલના મોતે વિવાદ જગાવ્યો છે. બલ્કે અન્ના સેબેસ્ટિયનના મોતનાં કેસે બધાને ચોંકાવી દીધા છે એમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.

અન્નાનું બે મહિના પહેલાં મોત થયેલું પણ અત્યારે કેસ ચગ્યો છે તેનું કારણ અન્નાની માતાએ કરેલા આક્ષેપો છે. અન્નાની માતાના કહેવા પ્રમાણે, અન્ના વધારે પડતા કામના બોજના કારણે ગુજરી ગઈ હતી. અન્નાની માતા અનિતા ઓગસ્ટાઇને યુવતીના બોસ સામે આક્ષેપ કર્યો છે કે, તેમણે પોતાની દીકરી પાસે એટલું બધુ કામ કરાવ્યું કે તે તણાવ હેઠળ આવી ગઈ હતી.

અનિતાના કહેવા પ્રમાણે, અન્ના રોજના ૧૪ કલાક કરતી હતી છતાં તેના પર સતત વધુ ને વધુ કામ કરવાનું પ્રેશર નાખવામાં આવતું હતું અને છેવટે કામના બોજા હેઠળ દબાઈને તેમની પુત્રીનું મોત નિપજ્યું. અનિતાએ અફસોસ વ્યક્ત કર્યો છે કે, અન્નાનું મોત થયું તેના કારણે કંપનીને જરાય ફર્ક પડ્યો નહીં. અન્નાના અંતિમસંસ્કારમાં કંપનીમાંથી કોઈ હાજર નહોતું ને કંપનીએ પરિવારને સાંત્વના આપવાની તસદી સુધ્ધાં લીધી નથી.

અન્નાના મોતના પડઘા કેન્દ્ર સરકાર સુધી પડ્યા છે કેમ કે કેન્દ્રીય શ્રમ મંત્રાલયે એલાન કરવું પડ્યું છે કે, આ અંગે તેમણે ફરિયાદ નોંધી લીધી છે અને અન્ના સેબેસ્ટિયન પેરાયિલના મોતના કારણોની તપાસ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારનાં રાજ્ય કક્ષાનાં શ્રમ મંત્રી શોભા કરંદલાજે એક્સ પર એક પોસ્ટ મૂકીને અન્નાના મોત અંગે અફસોસ વ્યક્ત કર્યો છે અને જાહેરાત કરી છે કે, મોટી કંપનીઓમાં અસુરક્ષિત અને ટોક્સિક વર્ક કલ્ચરના આક્ષેપોની ઊંડી તપાસ ચાલી રહી છે.

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે આ મુદ્દાને સંસદમાં ઉઠાવવાનું એલાન કર્યું છે. અન્ના કેરળની હતી તેથી શશિ થરૂરે અન્નાના પિતા સિબી જોસેફ સાથે ફોન પર વાત કરીને જાહેરાત કરી છે કે, દેશભરની તમામ ઓફિસો અને કાર્યસ્થળો માટે કામના કલાકો નક્કી કરવા અંગેનો કાયદો પોતે સંસદમાં લાવશે.

થરૂરે લખ્યું છે કે, અન્ના સેબેસ્ટિયનના પિતા સિબી જોસેફે મને કહ્યું કે, અન્સર્ટ એન્ડ યંગ ખાતે સતત ૧૪ કલાક અને સાત દિવસના અઠવાડિયાનાં સતત, તણાવપૂર્ણ કામ કર્યા પછી અન્નાનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. અન્નાના પિતાએ સૂચન કર્યું કે બીજા કોઈ યુવાનની આ હાલત ના થાય એટલે કાયદો બનવો જોઈએ. થરૂરે સિબીને સંસદમાં ઓફિસોમાં અઠવાડિયામાં પાંચ દિવસ અને દિવસમાં આઠ કલાકથી વધુ ન કામ ના કરવું પડે એ માટે રજૂઆત કરવા અને કાયદો લાવવાની પણ જાહેરાત કરી છે.

આ પ્રકારનો કાયદો આવશે કે નહીં એ ખબર નથી કેમ કે આપણે ત્યાં કોઈ કરુણ ઘટના બને ત્યારે બધાંનાં મનમાં સંવેદનાની સરવાણી ફૂટી નીકળે છે પણ પછી બધું ભુલાઈ જાય છે. આ કેસમાં તો મલ્ટિનેશનલ કંપની અન્સર્ટ એન્ડ યંગ સંડોવાયેલી છે ને મોટી કંપનીઓના દબાણ હેઠળ સરકાર કશું કરી શકતી નથી એ જગજાહેર છે. આ સંજોગોમાં અન્નાના મોતને પણ સરળતાથી ભુલાવી દેવાય એવી પૂરી શક્યતા છે પણ અન્નાનું મોત આ દેશના યુવાઓ માટે એક વેક અપ કોલ છે. આ દેશના દરેક યુવાને તેને ગંભીરતાથી લેવાની જરૂર છે.

કહેવાતા કોર્પોરેટ કલ્ચરમાં કે મોટી કંપનીઓમાં કર્મચારીઓ પર ટાર્ગેટ હાંસલ કરવા માટે કે બીજાં ટાસ્ક પૂરાં કરવા માટે વધારે કામ લેવામાં આવે કે પ્રેશર ક્રીયેટ કરવામાં આવે એ સામાન્ય પ્રેક્ટિસ બની ગઈ છે. મોટી કંપનીઓ અને મલ્ટિનેશનલ કંપનીઓ સારો પગાર આપતી હોય છે તેથી યુવાનો આ પ્રેશરને સહન કરવા પ્રયત્ન કરે છે અને ગમે તે રીતે ટકી રહેવા માગે છે. અન્નાએ પણ એ જ કર્યું ને તેમાં તેણે જીવ ખોયો. અન્નાની માતાએ આ વાત લોકો સામે મૂકી તેથી તેના વિશે આખી દુનિયાને ખબર પડી. બાકી અન્ના જેવી બીજી ઘણી યુવાન દીકરીઓ કે દીકરાની સ્થિતિ પણ આવી જ સ્થિતી હશે પણ તેની કોઈ નોંધ પણ નહીં લેતું હોય.

અન્ના કેરળના કોચીની હતી અને માર્ચ ૨૦૨૪માં ઈએન્ડવાય કંપનીમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. ચાર મહિના પછી જુલાઈમાં તો અન્ના સૌને છોડીને જતી રહી. અન્નાએ થેવરાની સેક્રેડ હાર્ટ કોલેજમાંથી ફાઈનાન્સ એન્ડ ટેક્સેશનમાં બી.કોમ. કર્યા પછી સીએની તૈયારી શરૂ કરી હતી અને નવેમ્બર ૨૦૨૩માં અન્નાએ સીએની પરીક્ષા પાસ કરી હતી. એ પછી અન્સર્ટ એન્ડ યંગમાં તેની પહેલી જ નોકરી હતી.

અન્નાની માતા અનિતા ઓગસ્ટાઈને ઈએન્ડવાયના ચેરમેન રાજીવ મેમાણીને લખ્યું છે કે, હું આ પત્ર એક દુખી માતા તરીકે લખી રહી છું કે જેણે પોતાનું સંતાન ગુમાવી દીધુ છે. અન્ના ૧૯ માર્ચ ૨૦૨૪ના રોજ એક્ઝિક્યુટિવ તરીકે તમારી કંપનીમાં જોડાઈ પણ ચાર મહિના બાદ ૨૦ જુલાઈના રોજ મારી દુનિયા ઉજડી ગઈ જ્યારે મને સમાચાર મળ્યા કે અન્ના હવે આ દુનિયામાં નથી. મારી અન્ના ફક્ત ૨૬ વર્ષની હતી. સતત કામનો બોજ, નવો માહોલ અને લાંબા સમય સુધી કામ કરવાથી તેને ફિઝિકલ, ઈમોશનલ અને મેન્ટલ રીતે નુકસાન થયું. કંપનીમાં જોડાયા પછી તરત ચિંતા, અનીદ્રા અને તણાવનો અનુભવ કરવા લાગી પણ એક દિવસ તેને આ સખત મહેનતનું ફળ મળશે એમ માનીને કામ કરતી રહી.

અનિતાના કહેવા પ્રમાણે, અન્ના ટીમમાં સામેલ થઈ ત્યારે તેને કોઈએ કહેલું કે, અનેક કર્મચારીઓએ વધુ કામના કારણે રાજીનામું આપી દીધુ છે. જો કે ટીમ મેનેજરે અન્નાને કહ્યું હતું કે, તારે આપણી ટીમ વિશે દરેકનો અભિપ્રાય બદલવો પડશે. એ વખતે અન્નાને અહેસાસ નહતો કે, તેણે પોતાની જિંદગી ગુમાવીને કિંમત ચૂકવવી પડશે. અન્ના પાસે કંપનીનું પુષ્કળ કામ હોવાથી આરામ કરવા માટે ખૂબ ઓછો સમય મળતો હતો. મેનેજર મોટા ભાગની મીટિંગો રિશિડ્યુલ કરતો હતો અને દિવસના અંતમાં કામ આપતો તેથી મોડી રાત સુધી કામ કરવું પડતું હતું અને તણાવ વધી જતો હતો. અન્નાએ વિક-એન્ડ્સમાં પણ કામ કરવું પડતું હતું.

અન્નાની માતા અનિતાએ બહુ ઓછા શબ્દોમાં ઘણું બધું કહી દીધું છે.

આ દેશના દરેક યુવાને વિચારવું જોઈએ કે, અન્નાની સ્ટોરી તેમની પોતાની સ્ટોરી તો નથી ને? આટલું વિચાર્યા પછી બીજો વિચાર એ કરવો જોઈએ કે, અન્ના જેવી કિંમત પોતે ચૂકવવી તો નહીં પડે ને?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૨૪-૯-૨૦૨૪, કાલાષ્ટમી, અષ્ટમી શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી આર્દ્રા.
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૯-૫૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૪ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૫-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૮ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૭, રાત્રે ક. ૨૨-૦૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - સપ્તમી. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, ચંદ્ર મંગળ ગ્રહ દેવતાનું પૂજન, હનુમાનજીનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, શિવ પૂજા વિશેષ રૂપે.
- શ્રાદ્ધ પર્વઃ આઠમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. આઠમનું શ્રાદ્ધ નાણાં વ્યવસ્થા જાળવવામાં ઉપયોગી થાય છે. સમૃદ્ધિ આપે છે. ઉદ્યોગ, ધંધા, નોકરીમાં સફળતા આપે છે. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુસહસ્ર સ્તોત્ર પાઠ શ્રાદ્ધ પક્ષમાં નિત્ય કરવા. પરિવારની સુખ-શાંતિ અને મનની શાંતિ શ્રાદ્ધ દ્વારા પ્રાપ્ત થાય છે.
- આચમનઃ ચંદ્ર બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિનાં, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન, બુધ-હર્ષલ ત્રિકોણસ્વતંત્ર પ્રકૃતિનાં. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર બુધ ચતુષ્કોણ,ચંદ્ર -નેપ્ચૂન ચતુષ્કોણ, બુધ-હર્ષલ ત્રિકોણ શુક્ર સ્વાતિ નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# અનુરા કુમારા દિશાનાયકેએ શ્રીલંકાના નવમા રાષ્ટ્રપતિ તરીકે શપથગ્રહણ કર્યા

કોલંબોઃ નવા રાષ્ટ્રપતિ દેશના અર્થતંત્રને વેગ આપશે અને ભ્રષ્ટાચારને નાબૂદ કરશે એવી આશાઓ વચ્ચે અનુરા કુમારા દિશાનાયકેએ સોમવારે શ્રીલંકાના નવમા રાષ્ટ્રપતિ તરીકે શપથગ્રહણ કર્યા હતા.

અનુરા કુમારા રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયા બાદ દેશમાં સત્તાના હસ્તાંતરણના ભાગરૂપ શ્રીલંકાના વડા પ્રધાન દિનેશ ગુણવર્દનેએ સોમવારે રાજીનામું આપી દીધું હતું.

૫૬ વર્ષના અનુરા કુમારાને મુખ્ય ન્યાયધીશ જયંતા જયસૂર્યાએ રાષ્ટ્રપતિ ભવન ખાતે શપથગ્રહણ કરાવ્યા હતા.

અનુરા કુમારા નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)ના નેતા છે અને તેમણે સમાગી જના બાલાવેગાયા (એસજેબી)ના તેમના નિકટના પ્રતિસ્પર્ધી સાજિદ પ્રેમદાસાને પરાજય આપ્યો હતો.

દેશમાં નિર્માણ પામેલી આર્થિક કટોકટીને પગલે વર્ષ ૨૦૨૨માં ગોટબાયા રાજાપક્સેને હોદ્દા પરથી હટાવી દેવામાં આવ્યા બાદ શ્રીલંકામાં પ્રથમ જ વાર ચૂંટણી યોજાઈ હતી.

રાષ્ટ્રને સંબોધન કરતા અનુરા કુમારાએ જનતાને ચુકાદાને માન આપવા બદલ તેમ જ શાંતિપૂર્ણ રીતે સત્તાનું હસ્તાંતરણ કરવા બદલ વિદાય લઈ રહેલા રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેનો આભાર માન્યો હતો.

રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ સત્તાના હસ્તાંતરણના ભાગરૂપ વડા પ્રધાન દિનેશ ગુણવર્દનેએ હોદ્દા પરથી રાજીનામું આપ્યાના ગણતરીના કલાકો બાદ અનુરા કુમારાએ શપથગ્રહણ કર્યા હતા.

અનુરા કુમારા ૫૭.૪ લાખ મતથી ચૂંટણી જિત્યા હતા. પ્રમેદાસાને ૪૫.૩ લાખ મત મળ્યા હતા.

અનુરા કુમારાએ આપેલા ભ્રષ્ટાચાવિરોધી સંદેશ અને રાજકીય સંસ્કૃતિમાં પરિવર્તન લાવવાના આપેલા વચને દેશમાં આવેલી આર્થિક કટોકટી બાદથી સિસ્ટમમાં પરિવર્તન લાવવાની માગણી કરી રહેલા યુવા મતદારોને પ્રભાવિત કર્યા હતા. (એજન્સી)

# ઈઝરાયલે કરેલા હુમલામાં ૧૦૦થી વધુનાં મોત, ૪૦૦ ઘાયલઃ લૅબેનોન

જેરુસલેમઃ ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાને ઑક્ટોબર મહિનામાં સંઘર્ષ શરૂ થયા બાદના સૌથી જીવલેણ લેખાવતા લૅબેનોનના આરોગ્ય ખાતાએ જણાવ્યું હતું કે આ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૪૦૦થી પણ વધુ લોકો ઘાયલ થયા હતા.

ઈઝરાયલને સેનાના જણાવ્યા અનુસાર સોમવારે તેમણે લૅબેનોનના ૩૦૦ કરતાં પણ વધુ સ્થળને નિશાન બનાવ્યાં હતાં.

હિઝબુલ્લા આતંકવાદી જૂથ સાથે શરૂ થયેલા યુદ્ધ બાદનો આ સૌથી જીવલેણ હવાઈહુમલો હતો, એમ તેમણે કહ્યું હતું.

ગયા ગુરુવારે પૅજરની મદદથી કરેલા વિસ્ફોટે બંને દેશ વચ્ચેના યુદ્ધને વધુ વકરાવ્યું છે.

ગયા વર્ષના ઑક્ટોબરમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં લૅબેનોનમાં ૬૦૦ કરતાં પણ વધુ લોકોનાં મોત થયાં છે.

હિઝબુલ્લા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ ગૅલિલીસ્થિત ઊઝરાયલના વડામથકને નિશાન બનાવી અમે ડઝનબંધ રૉકેટ છોડ્યાં હતાં. (એજન્સી)

# ચાઈલ્ડ પોર્ન ડાઉનલોડ કરવી કે જોવી પૉક્સો, આઈટી કાયદા અંતર્ગત ગુનો

નવી દિલ્હીઃ સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે ચાઈલ્ડ પોર્ન ડાઉનલોડ કરવી કે જોવી એ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન્સ ફ્રોમ સેક્સ્યૂઅલ ઑફેન્સ (પૉક્સો) અને ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી (આઈટી) કાયદા અંતર્ગત ગુનો લેખાશે.

સુપ્રીમ કોર્ટે સંસદને કાયદામાં સુધારો કરી 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી'ની વ્યાખ્યા બદલીને 'ચાઈલ્ડ સેક્સ્યૂઅલી ઍબ્યૂસિવ ઍન્ડ એક્સપ્લોઈટેટિવ મટિરિયલ' કરવા જણાવી દેશની તમામ કોર્ટને 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી' શબ્દનો ઉપયોગ ન કરવા જણાવ્યું હતું.

આ અંગે વટહુકમ બહાર પાડવાનું પણ અમે તેમને જણાવ્યું છે, એમ કોર્ટે કહ્યું હતું. ચાઈલ્ડ પોર્ન ડાઉનલોડ કરવી કે જોવી એ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન્સ ફ્રોમ સેક્સ્યૂઅલ ઑફેન્સ (પૉક્સો) અને ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી (આઈટી) કાયદા અંતર્ગત ગુનો ન ગણાય એ પ્રકારના મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડની વડપણ હેઠળની ખંડપીઠે નામંજૂર કર્યો હતો.

મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજીની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને તેનાં કાયદેસર પરિણામોને લગતી ચોક્કસ માર્ગદર્શિકા પણ મુકરર કરી હતી. (એજન્સી)

# રાજસ્થાનમાં ૫૮ આઈપીએસ અને ૨૦ આઈએએસ અધિકારીઓની સાગમટે બદલી

જયપુરઃ રાજસ્થાનમાં અમલદારશાહીમાં મોટા ફેરબદલમાં ૫૮ આઇપીએસ અને ૨૦ આઇએએસ અધિકારીઓની સાગમટે બદલી કરવામાં આવી છે. તેમ જ ૪ આઇપીએસ અને ૮ આઇએએસ અધિકારીઓને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. રાજ્ય સરકારના કર્મચારી વિભાગે રવિવારે મોડી રાત્રે ટ્રાન્સફર યાદી જાહેર કરી હતી.

આયોજન, આધુનિકીકરણ અને કલ્યાણના એડિશનલ ડાયરેક્ટર જનરલ(એડીજી) ગોવિંદ ગુપ્તાને જેલોના મહાનિર્દેશક બનાવવામાં આવ્યા છે. એડીજી(વિજિલન્સ) અશોક રાઠોડને ટ્રેનિંગમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જ્યારે એડીજી(પ્રશિક્ષણ) માલિની અગ્રવાલને એડીજી(નાગરિક, અધિકાર અને માનવ તસ્કરી) બનાવવામાં આવ્યા હતા. આઠ એડીજી અને આઠ ઇન્સ્પેક્ટર જનરલ રેન્કના અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

અલવર, ભીલવાડા, જયપુર, ગ્રામીણ, અજમેર, બીકાનેર, ટોંક, બ્યાવર, કોટા ગ્રામીણ, જોધપુર ગ્રામીણ, બુંદી, ડીડવાના-કુચમન, બેહરોડ, હનુમાનગઢ અને બલોત્રાને નવા પોલીસ અધિક્ષક(એસપી) મળ્યા છે. કેકડી, શાહપુરા, સાંચોર અને કેકડી જિલ્લાના એસપીનો ચાર્જ અન્ય જિલ્લાના એસપીને સોંપવામાં આવ્યો છે.

બદલી કરાયેલા આઇએએસ અધિકારીઓમાં અજમેરના મહેસૂલ વિભાગના સભ્ય ભવાનીસિંહ દેથાને આયુર્વેદના મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. જ્યારે પોસ્ટિંગની રાહ જોઇ રહેલા અંબરીશ કુમારને તબીબી શિક્ષણ વિભાગના સચિવ બનાવવામાં આવ્યા છે. કોટાના ડિવિઝનલ કમિશનર(ડીસી) ઉર્મિલા રાજોરિયાને વહીવટી સુધારણા વિભાગમાં સચિવના પદ પર સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે, જ્યારે પાલીના ડીસી પ્રતિભા સિંહ જોધપુરના ડીસી તરીકે કાર્યભાર સંભાળશે. ડીગ, રાજસમંદ, ડીડવાના-કુચમન, સવાઇ માધોપુર અને બ્યાવરના જિલ્લા કલેક્ટરોની પણ બદલી કરવામાં આવી છે.

# અલાબામા સામૂહિક ગોળીબારના હુમલાખોરો હજી ફરાર

બર્મિંગહામઃ સત્તાવાળાઓએ સપ્તાહના અંતે થયેલા સામૂહિક ગોળીબારમાં ચાર લોકોનાં મોત અને ૧૭ અન્ય ઘાયલ થયા પછી કોઈ ધરપકડની જાણ કરી નથી, ગોળીબારને પોલીસે અલાબામા નાઇટસ્પોટની બહાર ગોળીબાર કરનારા બહુવિધ શૂટરો દ્વારા લક્ષ્યાંકિત ''હુમલા'' તરીકે વર્ણવ્યો હતો. બર્મિંગહામના લોકપ્રિય ફાઈવ પોઈન્ટ્સ સાઉથ એન્ટરટેઈનમેન્ટ ડિસ્ટ્રિક્ટમાં શનિવારે મોડી રાત્રે થયેલા ગોળીબારે રેસ્ટોરન્ટ્સ અને બારના વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. બર્મિંગહામના મેયર રેન્ડલ વુડફિને ગોળીબારના એક દિવસ બાદ જણાવ્યું હતું કે, ''અમારી પ્રાથમિકતા આ શૂટર્સને શોધવાની અને તેમને શેરીઓમાંથી બહાર કાઢવાની છે.''

મેયરે કેસ પર અપડેટ્સ પ્રદાન કરવા માટે સોમવારે સવારે ન્યૂઝ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

ગોળીબાર હુશની બહાર ફૂટપાથ અને શેરી પર થયો હતો, જ્યાં રવિવારે સવારે સ્થળની બહાર ફૂટપાથ પર લોહીના ડાઘ હજુ પણ દેખાતા હતા.

બર્મિંગહામ પોલીસ ચીફ સ્કોટ થર્મન્ડે જણાવ્યું હતું કે સત્તાવાળાઓનું માનવું છે કે ગોળીબારમાં માર્યા ગયેલા લોકોમાંથી એકને નિશાન બનાવવામાં આવ્યો હતો, સંભવતઃ ભાડેથી હત્યા કરવામાં આવી હતી. એક વાહન આવ્યું અને તેમાંથી બહુવિધ શૂટર્સએ બહાર આવીને ગોળીબાર કરવાનું શરૂ કર્યું, પછી ઘટનાસ્થળેથી ભાગી ગયા. પોલીસે જણાવ્યું કે લગભગ ૧૦૦ શેલ કેસીંગ મળી આવ્યા છે.

# બિહારમાં વધુ એક પુલનો ભાગ તૂટી પડ્યો

પટનાઃ બિહારના પટના જિલ્લામાં એક નિર્માણાધીન પુલનો એક ભાગ તૂટી પડ્યો હતો. એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે રવિવારે રાત્રે બનેલી ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. તાજેતરના ભૂતકાળમાં બિહારના કેટલાક જિલ્લાઓમાં એક ડઝનથી વધુ પુલ અને કોઝવે ધરાશાયી થયાની પૃષ્ઠભૂમિમાં આ ઘટના બની છે. બખ્તિયારપુર-તાજપુર ગંગા મહાસેતુના નિર્માણની દેખરેખ બિહાર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવી છે. થાંભલાઓ પર ગર્ડર મૂકતી વખતે તેમાંથી એક પડી ગયો હતો. કોર્પોરેશનના ચીફ જનરલ મેનેજર પ્રબીન ચંદ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ''બેરિંગ્સ બદલવી એ એક નિયમિત કવાયત છે. કોઈ જાનહાનિના અહેવાલ નથી. અમે ચાલી રહેલા કામનું નિરીક્ષણ કરવા સ્થળ પર જઈ રહ્યા છીએ.''

# સૈનિક શાળાઓ સમાજને નવી દિશા આપશેઃ રાજનાથ

જયપુર : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે જણાવ્યું હતું કે સૈનિક શાળાઓ સમાજને નવી દિશા આપવાના પ્રયાસોને નવી ગતિ આપશે અને તેમના વિદ્યાર્થીઓમાં શિસ્ત, દેશભક્તિ અને હિંમત જેવા મૂલ્યો જગાડશે.

અહીં શ્રી ભવાની નિકેતન સૈનિક સ્કૂલના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સિંહે જણાવ્યું હતું કે ''સૈનિક શાળાઓ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીયું જ્ઞાન જ નથી આપતી પણ તેમનામાં મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા કેળવવાનો પ્રયાસ પણ કરે છે. આ મૂલ્યોને કારણે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સ્વાભાવિક રીતે જ તેમને દેશને આગળ લઈ જવાની પ્રેરણા આપે છે.''

''આજે જ્યારે અમે નવી શિક્ષણ નીતિ દ્વારા સમાજને નવી દિશા આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, ત્યારે હું દ્રઢપણે માનું છું કે સૈનિક શાળાઓ આ પ્રયાસને નવી ગતિ આપવા માટે કામ કરશે,'' તેમણે કહ્યું. અગાઉ સિંહે નવી સ્થપાયેલી શાળામાં વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન દિયા કુમારી અને પ્રધાન રાજ્યવર્ધન સિંહ રાઠોડ પણ હાજર હતા.

ગયા વર્ષે, કેન્દ્ર સરકારે એનજીઓ, ખાનગી શાળાઓ અને રાજ્ય સરકારો સાથેની ભાગીદારીમાં ૧૦૦ નવી સૈનિક શાળાઓની સ્થાપનાને મંજૂરી આપી હતી, જે ધોરણ ૬થી શરૂ થાય છે.

## પહેલા પાનાનું ચાલુ

### સેન્સેક્સ-નિફ્ટી

વધારા વચ્ચે રોકાણકારોએ સતત ત્રીજા દિવસે પણ ખરીદી કરીને બજારને બૂલિશ રાખ્યું હતું. ફૉરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર (એફઆઈઆઈ)એ શુક્રવારે રૂ. ૧૪,૦૬૪.૦૫ કરોડના શૅર ખરીદ્યા હતા.

બીએસઈ પર મિડકેપ અને સ્મૉલકેપના ઈન્ડેક્સમાં ૦.૭૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

૨,૩૮૨ કંપનીના શૅરના ભાવમાં વધારો તો ૧,૭૩૧ કંપનીના શૅરના ભાવમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. (એજન્સી)

### છત્તીસગઢમાં

''પ્રારંભિક માહિતી મુજબ, શાળાના કેટલાક બાળકો સહિત આઠ વ્યક્તિ વીજળી પડવાથી મૃત્યુ પામ્યાં હતાં. ઉપરાંત, એક વ્યક્તિ ઘાયલ થયાની જાણ કરવામાં આવી હતી અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.''

માર્યા ગયેલાઓમાં ૧૧મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેઓ નજીક આવેલા માધીપુર ગામની સરકારી શાળાના વિદ્યાર્થીઓ હતા, જેઓ પરીક્ષા આપીને સાઈકલ પર ઘરે પાછા ફરી રહ્યા હતા.

મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવે આ દુર્ઘટના અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. જ્યારે જિલ્લા વહીવટીતંત્રે મૃતકોના પરિવારજનને રૂ. ચાર લાખની સહાય જાહેર કરી હતી.

### આતિશીનું 'રામાયણ'

તે મુખ્ય પ્રધાન પદનું અપમાન છે. આતિશીએ કેજરીવાલ સરકારમાં તેની પાસે રહેલા ૧૩ વિભાગોને જાળવી રાખ્યા છે. જેમાં શિક્ષણ, મહેસૂલ, નાણાં, વીજળી અને પીડબ્લ્યુડીનો સમાવેશ થાય છે. તેણીએ કાર્યભાર સંભાળ્યા બાદ કહ્યું કે હું દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકે ચાર મહિના સુધી કામ કરીશ. જેવી રીતે ભરતે ભગવાન રામની ચાખડીને સિંહાસન પર મૂકીને કર્યું હતું. અરવિંદ કેજરીવાલે પદ ત્યાગ કરીને રાજકારણમાં ગરિમાની મિસાલ સ્થાપિત કરી છે. ભાજપે તેમની છાપ ખરડવામાં કંઇ બાકી રાખ્યું નહોતું. પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે પણ દિલ્હી સચિવાલયમાં કાર્યભાર સંભાળ્યો હતો. શ્રમ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, રોજગાર અને જમીન અને મકાન વિભાગ ફાળવવામાં આવેલા નવા પ્રધાન મુકેશ અહલાવતે પણ દિલ્હી સચિવાલયમાં ચાર્જ સંભાળ્યો હતો.

આતિશી પર પ્રહાર કરતા સચદેવાએ કહ્યું કે તેમનું આ પગલું બંધારણીય નિયમો અને મુખ્ય પ્રધાનપદનું અપમાન છે. તેમણે જે કર્યું તે યોગ્ય નથી. આ પગલાથી તેમણે માત્ર મુખ્ય પ્રધાનપદનું જ અપમાન નથી કર્યું, પરંતુ દિલ્હીના લોકોની ભાવનાઓને પણ ઠેસ પહોંચાડી છે. આતિશીની આગેવાની હેઠળની નવી કેબિનેટ પાસે પેન્ડિંગ પ્રોજેક્ટ્સ, યોજનાઓ અને નવી પહેલોની લાંબી યાદી છે, જેને આવતા વર્ષે ફેબ્રુઆરીમાં દિલ્હીમાં યોજાનારી ચૂંટણી પહેલા આગામી કેટલાક મહિનાઓમાં શરૂ કરવામાં આવશે.

### ઓસ્કર ૨૦૨૫

દિગ્દર્શક જાહનુ બરુઆની આગેવાની હેઠળની ૧૩ સભ્યોની પસંદગી સમિતિએ સર્વસંમતિથી આમિર ખાન અને કિરણ રાવ દ્વારા નિર્મિત 'લાપતા લેડીઝ'ને એકેડમી ઍવૉર્ડસમાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિલ્મ શ્રેણીમાં સામેલ કરવાનો નિર્ણય લીધો હતો. 'લાપતા લેડીઝ' ઉપરાંત હિન્દી ફિલ્મ 'શ્રીકાંત', તમિલ ફિલ્મ 'વાઝાઇ' અને 'થંગાલન' અને મલયાલમ ફિલ્મ 'ઉલોઝુક્કુ' ૨૯ શીર્ષકોવાળી યાદીમાં ટોપ પાંચમાં સામેલ હતી.

'લાપતા લેડીઝ' માર્ચમાં વિવેચકો તરફથી સાર્વત્રિક પ્રશંસા સાથે રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મમાં ૨૦૦૧ના ગ્રામીણ ભારતની બે દુલ્હનોની હ્રદયસ્પર્શી અને સશક્ત વાર્તા રજૂ કરવામાં આવી છે, જે ટ્રેનની મુસાફરી દરમિયાન બદલાઇ જાય છે. આ વિશે રાવે કહ્યું કે તે ખૂબ જ સન્માનિત અને ખુશ છે કે તેમની ફિલ્મ ૯૭માં એકેડેમી ઍવૉર્ડસમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. સિનેમા હંમેશા હૃદયને જોડવાનું, સરહદો પાર કરવાનું અને અર્થપૂર્ણ વાતચીતને પ્રજ્વલિત કરવા માટેનું એક શક્તિશાળી માધ્યમ રહ્યું છે. મને આશા છે કે આ ફિલ્મ ભારતની જેમ દુનિયાભરના દર્શકોને પણ પસંદ આવશે. કિરણ રાવે ૨૦૧૦માં ફિલ્મ 'ધોબીઘાટ'થી શરૂઆત કરી હતી. રવિ કિશન, છાયા કદમ અને ગીતા અગ્રવાલ શર્મા સાથે મુખ્ય ભૂમિકામાં નિતાંશી ગોયલ, પ્રતિભા રાંતા અને સ્પર્શ શ્રીવાસ્તવ અભિનિત હિન્દી ફિલ્મનું વર્લ્ડ પ્રીમિયર ૨૦૨૩ના ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. ૨૦૦૨માં 'લગાન' બાદથી ઓસ્કરમાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ માટે કોઇ ભારતીય એન્ટ્રીને નોમિનેટ કરવામાં આવી નથી. આ પહેલા માત્ર બે ફિલ્મો અંતિમ પાંચમાં પહોંચી શકી છે. જેમાં 'મધર ઇન્ડિયા' અને 'સલામ બોમ્બે'નો સમાવેશ થાય છે. તમિળ ફિલ્મ 'મહારાજા', તેલુગુ ફિલ્મ 'કલ્કિ-૨૮૯૮ એડી અને 'હનુમાન', હિન્દી ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' અને 'આર્ટિકલ-૩૭૦'ને મહાત આપીને કિરણ રાવની 'લાપતા લેડીઝ'ની પસંદગી કરવામાં આવી છે.

# બૉમ્બે હાઇ કોર્ટના નવા કોમ્પ્લેક્સનો સીજેઆઇ ચંદ્રચૂડ દ્વારા શિલાન્યાસ



બીકેસીમાં બૉમ્બે હાઇ કોર્ટના નવા સંકુલના શિલાન્યાસ વખતે મહાનુભાવો. (એજન્સી)

મુંબઈ: બાન્દ્રા પૂર્વમાં બૉમ્બે હાઇ કોર્ટનું નવું કોમ્પ્લેક્સ બનાવવામાં આવનાર છે ત્યારે સોમવારે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચુડે આ નવા કોમ્પ્લેક્સનો શિલાન્યાસ કર્યો હતો.

દક્ષિણ મુંબઈમાં આવેલી હાઇ કોર્ટની અત્યારની ઇમારતના પથ્થરને નવી ઇમારતના પાયામાં મૂકીને શિલાન્યાસ કરાયો હતો.

આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર, સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ જજ અને હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ ડી. કે. ઉપાધ્યાય તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત હતા.

હાઇ કોર્ટના આ કોમ્પ્લેક્સમાં આધુનિક રીતે ડિઝાઇન કરાયેલા કોર્ટ રૂમ, જજીસ અને રજિસ્ટરી કર્મચારીઓ માટે ચેમ્બર્સ, આર્બિટ્રેશન અને મેડિએશન સેન્ટર્સ, ઓડિટોરિયમ, લાઇબ્રેરી તથા સ્ટાફ, વકીલો અને અન્યો માટે રિફ્રેશમેન્ટ સેન્ટર્સ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ હશે.

મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું હતું કે હાઇ કોર્ટના નવા કોમ્પ્લેક્સ માટે તબક્કાવાર ૩૦.૧૬ એકરની જમીન આપવામાં આવશે જેમાંથી ૪.૩૯ એકરની જમીન પહેલાથી સોંપી દેવામાં આવી છે. બૉમ્બે હાઇ કોર્ટની સ્થાપના ૧૬મી ઓગસ્ટ, ૧૮૬૨ના થઇ હતી અને નવેમ્બર, ૧૯૭૮થી અત્યાર સુધી તેની ઇમારત ફ્લોરા ફાઉન્ટન (હુતાત્મા ચોક) ખાતેની મેજેસ્ટિક બિલ્ડિંગ નજીક આવેલી છે. ■

# ઉદ્ધવને એમવીએમાંથી દરવાજો દેખાડી દેવાશે?

## આવા પ્રકારનું કાવતરું ઘડાઈ રહ્યું હોવાનો ભાજપી નેતા ચંદ્રશેખર બાવનકુળેનો દાવો

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ ઢૂંકડી આવી રહી છે ત્યારે રાજ્યના તમામ રાજકીય પક્ષો કમર કસી સજ્જ થઈ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજકીય પક્ષોએ સભા યોજવાનું શરૂ કરી દીધું છે અને અનેક નેતાઓની બેઠકો પણ મળી રહી છે. શાસક મહાયુતિ અને મહા વિકાસ આઘાડી (એમવીએ)ના પક્ષોમાં બેઠકોની ફાળવણી અંગે વાતચીત ચાલી રહી છે. વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ અને મહા વિકાસ આઘાડી વચ્ચે મોટી સ્પર્ધા જોવા મળે તેવી ભારોભાર સંભાવના છે. આવા રાજકીય માહોલમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે 'કૉંગ્રેસ અને એનસીપીનું શરદ પવાર જૂથ મળી ઉદ્ધવ ઠાકરેને મહા વિકાસ આઘાડી (એમવીએ)માંથી હાંકી કાઢવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.' તેમના આ દાવાને કારણે ઠેકઠેકાણે ચર્ચા ફૂટી નીકળી છે. અજિત પવારને મહાયુતિમાંથી હાંકી કાઢવામાં આવશે એવી ચર્ચા વિશે ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે 'આવા અહેવાલ ઉદ્ધવ ઠાકરે અને કૉંગ્રેસના 'પગારદારો' તરફથી આવે છે. એ લોકો ખોટું ચિત્ર ઉપસાવી રહ્યા છે. મારું તો માનવું છે કે કૉંગ્રેસ અને એનસીપીનું શરદ પવાર જૂથ ઉદ્ધવ ઠાકરેને મહા વિકાસ આઘાડીમાંથી હટાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેઓ ઉદ્ધવ ઠાકરેનું મુખ્ય પ્રધાનપદ માટે સમર્થન નથી કરી રહ્યા. તેમને બે દિવસ સુધી દિલ્હીમાં બેસાડી રાખવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાનનું પદ મેળવવા માટે ઉદ્ધવ ઠાકરે પણ દિલ્હીમાં કટોરો લઈને ફરી રહ્યા હતા.'

બાવનકુળેએ વધુમાં જણાવ્યું હતું કે 'શિવસેના ઠાકરે જૂથના પ્રવક્તા કહી રહ્યા છે કે મહારાષ્ટ્રને ઉદ્ધવ ઠાકરેની જરૂર છે. પરંતુ તેમનું સમર્થન કરવા બીજું કોઈ તૈયાર નથી. આથી વિદર્ભમાં ઉદ્ધવ ઠાકરેને એમવીએમાંથી દૂર કરવાની ચર્ચા ચાલી રહી છે. નાગપુરમાં ઠાકરે જૂથને એક પણ બેઠક આપવા કોઈ તૈયાર નથી. કૉંગ્રેસે જાહેરાત કરી કે નાગપુરની તમામ બેઠકો પર ચૂંટણી લડીશું. આ જોતા એવું લાગે છે કે મહા વિકાસ આઘાડીમાં અન્ય પક્ષો ઉદ્ધવ ઠાકરેને હાંકી કાઢવા ઉત્સુક છે.' ■

TOSAA®
PRESSURE COOKER
NON-STICK COOKWARE
MUCH MORE...

RSET's Deviprasad Goenka management college of media studies
INDIA'S PREMIER MEDIA SCHOOL
NAAC Accredited
ADMISSIONS OPEN (2024-25)
BMS PROGRAMME
AICTE APPROVED
Eligibility: As prescribed by The State CET Cell, Maharashtra (www.mahcet.org)
Total Intake - 60 seats
DTE Code 03655 | Choice Code 0365510210
For more details visit our website: www.dgmc.org.in
Hostel Accommodation available for Boys and Girls
Additional Certificate Courses | Assistance in securing Bank Loan | Placement Support
Contact: 022-45207722, 9004444091/95/97
Deviprasad Goenka Management College of Media Studies,
RSET Campus, Opp Bajaj Hall, S.V Road, Malad (W), Mumbai 400064

# નવરાત્રિમાં મેટ્રો-૩ શરૂ થઈ જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આખરે લાંબા સમયથી રાહ જોવાઈ રહેલી મુંબઈની પહેલી અંડર ગ્રાઉન્ડ મેટ્રો રેલ તેના પહેલા તબક્કામાં બીકેસીથી આરે વચ્ચે ઑક્ટોબરના પહેલા અઠવાડિયામાં મુંબઈગરાની સેવામાં હાજર થવાની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો-૩નું લોકાર્પણ કરવામાં આવવાનું છે. ત્રણથી પાંચ ઑક્ટોબર વચ્ચે પહેલા તબક્કામાં મેટ્રો રેલ ખુલ્લી મુકાશે. હાલ મેટ્રો રેલ સેફટી કમિશનર દ્વારા સેફટી ઈન્સ્પેકેશનનું કામ ચાલી રહ્યું છે.

નવી મેટ્રો આરેથી બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)વચ્ચેનું ૧૨ કિલોમીટરનું અંતર કવર કરશે. આ રૂટમાં ૧૦ મહત્ત્વના સ્ટેશનો હશે. ૩૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ બન્યો છે.

એમએમઆરસીએલના અધિકારીના જણાવ્યા મુજબ ઉદ્ઘાટન માટે અમે તૈયાર છીએ. આ સમારોહ ત્રણથી પાંચ ઑક્ટોબર વચ્ચે યોજવાની શક્યતા છે. આ મેટ્રો શહેરની ટ્રાન્સપોર્ટ સિસ્ટમને સુધરાો કરવા માટેનું એક પગલું હશે. મેટ્રો-૩ પ્રોજેક્ટ પહેલા તબક્કામાં મુંબઈના મહત્ત્વના ઉપનગરોના જોડશે. પશ્ચિમ ઉપનગરને મધ્ય ઉપનગર અને દક્ષિણ મુંબઈને નજીક લાવશે. એક વખત આખો પ્રોજેક્ટ પૂરો થઈ જશે પછી ૩૩ કિલમીટરનો કોરિડોર દક્ષિણ, મધ્ય અને પશ્ચિમ મુંબઈને જોડશે. લાખો લોકો માટે દૈનિક મુસાફરી ઝડપી અને સરળ બનશે. આ રૂટ પર મેટ્રો સ્ટેશનો આરે કોલોનીની સીપ્ઝ સુધી નરીમાન પોઈન્ટ, ફોર્ટ, બીકેસી, સાંતાક્રુઝ અને વિદ્યાનગરી જેવા સ્થળોને આવરી લેશે. પહેલા તબક્કામાં આગામી થોડા દિવસમાં ચાલુ થશે, જેમાં આખો પ્રોજેક્ટ ૨૦૨૫ સુધીમાં પૂરો થવાની અપેક્ષા છે. જ્યારે આ મેટ્રો પૂરી થશે ત્યારે મેટ્રો લાઈનમાં દરરોજ લગભગ ૧.૭ મિલિયન મુસાફરો પ્રવાસ કરશે એવી અપેક્ષા છે. આ રૂટ પર ત્રણથી ચાર મિનિટના અંતરે ટ્રોને આવશે અને દરેક રેક ઓછામાં ઓછા ૨,૫૦૦ મુસાફરોનું વહન કરવાની ક્ષમતા રાખશે. ૩૩.૫ કિલોમીટર લાંબી લાઈનમાં ૨૭ મેટ્રો સ્ટેશન છે. ■

## મુંબઈ સેન્ટ્રલના મેટ્રો સ્ટેશનને નામ અપાશે જગન્નાથ શંકરશેટનું

મુંબઈ: સમાજ સુધારક અને શિલ્પકાર જગન્નાથ શેટનું નામ સ્ટેશનને આપીને તેમનું સન્માન કરવાનું મેટ્રોએ નક્કી કર્યું છે. અંડર ગ્રાઉન્ડ મેટ્રો-૩ માર્ગના મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને નાના શંકર નામ આપવાનું જાહેરનામું કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

ઘણા સમયથી જેની રાહ જોવાઇ રહી છે એ મેટ્રો-૩ શરૂ થવાની આરે છે. મેટ્રો-૩ માર્ગના આરેથી બીકેસી સુધીના પ્રથમ તબક્કામાં ૧૦ સ્ટેશન હશે. આ માર્ગના બીજા તબક્કામાં મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ સ્ટેશનનું નામ બદલીને તેને 'જગન્નાથ શંકરશેટ મેટ્રો સ્ટેશન' નામ આપવાની માગણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી જે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય રાખવામાં આવી છે.

મેટ્રો-૩ માર્ગના પ્રથમ તબક્કામાં એરપોર્ટના બે સ્ટેશનનો પણ સમાવેશ થાય છે જેના નામ 'ઇન્ટરનેશનલ એરપોર્ટ' અને 'ડોમેસ્ટિક એરપોર્ટ' હતા, હવે આ સ્ટેશનનો નામ બદલીને 'છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટી-૧' અને 'છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટી-૨' હશે. આ અંગેની વિનંતી પણ રાજ્ય સરકારે કેન્દ્ર પાસે કરી હતી.

મેટ્રો-૩નું કામ કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી સંયુક્ત રીતે મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિ. (એમએમઆરસીએલ) કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. ■

**ઈમાનદારીની મિસાલ**

# લોકલમાં ૨૦ લાખ રૂપિયા ભરેલી બેગ પોલીસને સોંપી

મુંબઈ: મુંબઈમાં લોકલ ટ્રેનના ડબ્બામાં ૨૦ લાખ રૂપિયાની રોકડ ભરેલી બેગ મળી આવી હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાક મુસાફરોએ રવિવારે રાત્રે ૧૦ વાગ્યે આસનગાંવ - સીએસએમટી લોકલ ટ્રેનના બીજા વર્ગના ડબ્બામાં એક નધણિયાતી બેગ જોઇ હતી. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના જૂથની એક મહિલા સભ્યએ કલ્યાણ સ્ટેશન પર ઉતરતી વખતે અન્ય લોકોને રેલવે પોલીસને જાણ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ આ બેગ કલ્યાણ જીઆરપી સ્ટેશન પર પોલીસને સોંપવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ પ્રોટોકોલ અનુસરી બેગની સામગ્રીની તપાસ કરી હતી. બેગની અંદર ૫૦૦ રૂપિયાની ચલણી નોટોના સાત બંડલ ઉપરાંત મીઠાઈના બોક્સ અને દવાઓ મળી આવતા તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસે બેગના અસલી માલિકને શોધવા માટે શોધખોળ શરૂ કરી છે. (પીટીઆઈ) ■

# પુણે ઍરપોર્ટને જગદ્‌ગુરુ સંત તુકારામ મહારાજનું નામ મળશે

## આ ઉપરાંત મહારાષ્ટ્ર કેબિનેટમાં બ્રાહ્મણ, રાજપૂત અને કુણબી સમાજની માગણીઓ પણ મંજૂર કરાઇ

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે મંત્રાલયમાં સોમવારે પ્રધાનમંડળની બેઠક યોજવામાં આવી હતી, જેમાં ૨૪ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણયોમાં પુણે ઍરપોર્ટનું નામ બદલવું, બ્રાહ્મણ અને રાજપૂત સમાજ માટે કોર્પોરેશન(મહામંડળ)ની સ્થાપના, ક્રિકેટર અજિંક્ય રહાણેને સ્પોર્ટ્સ એકેડેમી ઊભું કરવા માટે જમીન વગેરે નિર્ણયોનો સમાવેશ થાય છે. પ્રધાનમંડળે બેઠકમાં પુણે ઍરપોર્ટનું નામ બદલાવીને જગદગુરુ સંત તુકારામ મહારાજ પુણે ઇન્ટરનેશનલ ઍરપોર્ટ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. હવે આ પ્રસ્તાવને કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે. આ ઉપરાંત છેલ્લાં ઘણા સમયથી વિલંબિત એવી બ્રાહ્મણ અને રાજપૂત સમાજની માગણીઓ પણ મંજૂર કરવામાં આવી હતી. બ્રાહ્મણ સમાજ માટે પરશુરામ આર્થિક વિકાસ મહામંડળ(કોર્પોરેશન) અને રાજપૂત સમાજ માટે વીર શિરોમણી મહારાણા પ્રતાપ આર્થિક વિકાસ મહામંડળની સ્થાપના કરવાની માગણી પ્રધાનમંડળે મંજૂર કરી હતી. આ સિવાય રાજ્યના બધા જ સરપંચ અને ઉપસરપંચને આપવામાં આવતા માનધનમાં વધારો કરી તેને બમણું કરવાના પ્રસ્તાવ પર પણ મહોર લગાવવામાં આવી હતી. શિરુરથી છત્રપતિ સંભાજીનગર ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે તૈયાર કરવા માટે પણ મંજૂરી અપાઇ હતી. આ પ્રોજેક્ટ અંદાજે ૧૪૮૬ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે. કુણબી સમાજની ત્રણ પેટા-જાતિઓને અધર બેકવર્ડ ક્લાસ એટલે કે ઓબીસીની શ્રેણીમાં સામેલ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. ■

### બાંદ્રાનો ગાવસ્કરને અગાઉ અપાયેલો પ્લોટ હવે અજિંક્ય રહાણેને એકેડેમી માટે ફાળવાયો

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભું કરવા માટે ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી અજિંક્ય રહાણેને બાંદ્રામાં આવેલી ૨,૦૦૦ સ્ક્વેર મીટરની જમીન ફાળવવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ પ્લોટ ૧૯૮૮માં ભૂતપૂર્વ ક્રિકેટર સુનીલ ગાવસ્કરને ફાળવવામાં આવ્યો હતો. એક ઇનડોર ક્રિકેટ એકેડમી ઊભી કરવા માટે આ પ્લોટ તેમને અપાયો હતો. જોકે હજી સુધી આ એકેડમી બનાવાઇ ન હોવાથી આ પ્લોટ અજિંક્ય રહાણેને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લેવાયો હતો. ■

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
પ્રાર્થના સભા



શ્રીમતી શાંતાબેન રોહિતભાઈ શાહ
સખેદ જણાવાનું કે અમારા માતાશ્રી
શ્રીમતી શાંતાબેન રોહિતભાઈ શાહ
આજરોજ ભાદરવા વદ - ૬ ને
તા ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ને સોમવારના રોજ
અરીહંત શરણ પામેલ છે
ઈશ્વર ને ગમ્યું તે ખરું. સદ્દગત ની
પ્રાર્થના સભા
તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ને
મંગળવારે સાંજના ૫ થી ૭
ના રોજ નિચેના સ્થળે રાખેલ છે
કે.સી. કોલેજ, સુંદર મહેલ, વીર નરીમન રોડ,
ચર્ચગેટ, મુંબઈ-૨૦.
લી
સ્વ.રોહિતભાઈ સોમાભાઈ શાહ
દેવાંગ અને મૈત્રી શાહ
નિલિમા અને દિલીપ શાહ
બીના અને રાજ ઝવેરી
કાનન અને રવિ ફોતેદાર
કનિકા, અમન, જલ્પા,
સાહિલ-હેના, વરુણ-શિવાની,
કરણ-મલ્લિકા, રિચા-અદિત,
પ્રિયંકા-રોહન, ઈવાન

# નવું જોડાણ?: રાજ ઠાકરે ઓચિંતા એકનાથ શિંદેની મુલાકાતે

મુંબઈ: ચૂંટણીને ધ્યાનમાં રાખીને વધુને વધુ રાજકીય પક્ષોને પોતાની સાથે લેવાના પ્રયાસો શરૂ છે ત્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને મનસે(મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)ના અધ્યક્ષ રાજ ઠાકરે વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે થયેલી આ બેઠકને ખૂબ જ મહત્ત્વની માનવામાં આવે છે. છેલ્લાં બે મહિનામાં રાજ ઠાકરે અને શિંદે વચ્ચે થયેલી આ બીજી બેઠક હતી. આ પૂર્વે ઑગસ્ટ મહિનાના પહેલા અઠવાડિયામાં પણ બીડીડી ચાલ અને પોલીસ કોલોની જેવા વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા કરવા માટે બંનેની મુલાકાત થઇ હતી. ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણીમાં શિંદે રાજ ઠાકરેનું સમર્થન મળે તેવું ઇચ્છે છે અને એ માટે બંને વચ્ચે ચર્ચાનો દોર શરૂ હોવાનું કહેવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીમાં પણ રાજ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એટલે કે આડકતરી રીતે મહાયુતિને પોતાનો બિનશરતી ટેકો આપ્યો હતો. એટલે વિધાનસભાની ચૂંટણીમાં પણ રાજ ઠાકરેનું સમર્થન મળી શકે એવી ચર્ચા છે. રાજ ઠાકરે પણ વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવાના છે અને એ તે મધ્ય મુંબઈથી પોતાના ઉમેદવાર સંદીપ દેશપાંડેને ચૂંટણીમાં ઉતારવા માગે છે. હાલ અહીંના વિધાનસભ્ય ઉદ્ધવ ઠાકરેના પુત્ર તેમ જ ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે છે. સંદીપ દેશપાંડેનો પ્રચાર કરવા માટે રાજ ઠાકરેએ રવિવારે વરલીમાં જાહેર સભા પણ યોજી હતી. ■

# નાના પટોળેને જો સીએમ ન બનાવ્યા તો...

## ચૂંટણી છાગોળે, પરિણામ ભાગોળે ને કૉંગ્રેસમાં ધમાધમ


મુંબઈ: નવેમ્બર મહિનામાં મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને મહાયુતિ અને મહાવિકાસ આઘાડી બંનેમાંથી કોણ સત્તા હાંસલ કરે છે એ નક્કી થવાનું બાકી છે ત્યારે મુખ્ય પ્રધાનના પદ માટે હુંસાતુંસી શરૂ થઇ ગઇ છે.

કૉંગ્રેસના એક વિધાનસભ્યએ મહારાષ્ટ્ર કૉંગ્રેસ પ્રદેશાધ્યક્ષ નાના પટોળેને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર બનાવવાની માગણી કરતા મહાવિકાસ આઘાડીમાં મુખ્ય પ્રધાનપદને લઇને ચાલી રહેલી ખેંચતાણ લોકોની સામે આવી છે.

ફક્ત માગણી જ નહીં, કૉંગ્રેસના વિધાનસભ્ય વિકાસ ઠાકરેએ ચીમકી આપતા કહ્યું હતું કે જો નાના પટોળેને મુખ્ય પ્રધાનનું પદ ન અપાય તો એ છીનવી લેવામાં આવશે. આવી ભાષાને કારણે એમવીએમાં ઘણી સમસ્યા હોવાનું લાગે છે. ■

### નહીં આપે તો છીનવી લઇશું

ઠાકરેએ સાથી પક્ષોને ચીમકી આપતા કહ્યું કે નાના પટોળેએ વિધાનસભાનું અધ્યક્ષ પદ છોડી કૉંગ્રેસ અધ્યક્ષપદ સંભાળ્યું ત્યાર પછી સાંસદોની સંખ્યા વધી ગઇ છે. તેમણે પોતાનું ઘર છોડી આખા મહારાષ્ટ્રની જવાબદારી સંભાળી છે. જે મહેનત કરે તેને ન્યાય મળવો જોઇએ. આવા મહેનતું વ્યક્તિને જ મુખ્ય પ્રધાન બનાવવા જોઇએ. જો આ પદ તેમને ન આપવામાં આવે તો અમે એ છીનવી લઇશું. ■





# અમરાવતીમાં બસ 30 ફૂટ ઊંડી ખાઈમાં પડી: ચારનાં મોત

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં ૨૩મી સપ્ટેમ્બરે એક મોટો અકસ્માત થયો હોવાની માહિતી મળી છે. અમરાવતી જિલ્લાના સેમાદોહ પાસે એક ખાનગી ટ્રાવેલ કંપનીની બસ ઊંડી ખાઈમાં પડી જતાં ચાર લોકોનાં મોત થયાં છે અને ૫૦ જેટલા લોકો ઘાયલ થયા હતા. અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી મૃતકોની સંખ્યામાં વધારો થવાની આશંકા છે. ઘાયલ મુસાફરોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે એનડીઆરએફની ટીમ બચાવ કામગીરી હાથ ધરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના આજે સવારે લગભગ ૮:૩૦ વાગ્યે થઈ હતી. બસ ખૂબ જ તેજ ગતિએ જઈ રહી હતી, ત્યારે અમરાવતીથી ધારની તરફના માર્ગ પર ખાનગી બસના ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે આ અકસ્માત થયો હતો.

જાણવા મળ્યા મુજબ આ બસ ચાવલા ટ્રાવેલ્સની માલિકીની છે. આ ખાનગી બસ સોમવારે સવારે ૬ કલાકે અમરાવતીથી ધારની જવા નીકળી હતી. મહારાષ્ટ્રમાં અકસ્માતનો બીજો કેસ બુલઢાણા જિલ્લામાંથી નોંધાયો છે. ■

# ઘરે તો હું અને અજિત સાથ-સાથ હૈ: શરદ પવાર

મુંબઈ: રાજકારણમાં ભત્રીજો અજિત પવાર ભલે અલગ પક્ષનું નેતૃત્વ કરતો હોય, પરિવારના સભ્યો તરીકે અમે બધા સાથે છીએ અને હળીમળીને રહીએ છીએ એમ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે સોમવારે જણાવ્યું હતું.

દરિયાકાંઠાના કોંકણ ક્ષેત્રના ચિપલૂણ ખાતે એક પત્રકાર પરિષદમાં પીઢ રાજકારણીએ જણાવ્યું હતું કે 'ઘરાત તરી એકત્રચ આહોત' (ઘરમાં તો અમે હળીમળીને ભેગા રહીએ છીએ). કાકા અને ભત્રીજાની જોડીએ રાજકારણમાં ફરી એકવાર હાથ મિલાવવા જોઈએ તેવી 'રાજ્યના વિવિધ વર્ગો'ની માંગણી સંદર્ભે કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું. ગયા વર્ષે જુલાઈમાં અજિત પવાર કાકાથી અલગ થઈને રાજ્યની એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે જોડાઈ ગયા હતા. શાસકીય જોડાણમાં તેઓ ટકી રહેશે કે કેમ એ અંગે છેલ્લા કેટલાક સમયથી વિવિધ અટકળો થઈ રહી છે. (પીટીઆઈ)■

FORTUNE Wealth
MOTILAL OSWAL WEALTH MANAGEMENT
BHARAT
PE BHAROSA
Celebrating 25 Years of Fortune Wealth
Date & Time
Sunday, 29th September 2024
09:15 AM Onwards, (Followed by Lunch)
Venue
Mukesh Patel Auditorium, NMIMS College, Vile Parle (W)
Guests
Shri. Mavji Bhai Patel, Kiran Gems (Chief Guest)
Dr. Sultan Pradhan, Surgical Oncologist (Guest of Honour)
Shri. Jitendra Chunilal Mehta (Distinguished Guest)
Speakers
Mr. Navin Agarwal (MD & CEO of MOFSL)
Mr. Aashish P Sommaiyaa (CEO of WhiteOak Capital AMC)
Mr. Suresh Srinivasan (Motivational Speaker)
Organized by
Satish Mehta
(Fortune Wealth and Motilal Oswal)
For enquires Contact - 7666965533
Valet Parking Available | Exclusive Entry by Invitation only.
Scan this QR CODE to register
Limited seats available.
Investments in securities market are subject to market risks, read all the related documents carefully before investing.
Full Disclaimer: https://cutt.ly/f2KT89J

# તન-મન-ધનથી રહો તરોતાજા




# સેકન્ડ ઈનિંગ્સ માટે તૈયાર છોને?

**ગૌરવ મશરૂવાલા**
feedback@bombaysamachar.com

એક દિવસીય ક્રિકેટમાં સેકન્ડ ઈનિંગ્સ નિર્ણાયક હોય છે. મેચમાં જે ટીમ પછીથી રમવા આવે એ જો પોતાની વિકેટ બચાવીને રાખે અને પહેલી ટીમ કરતાં વધારે રન કરે તો વિજયી નીવડે છે.જો તે વિકેટ બચાવી શકે નહીં તો હારી જાય.

કોઈ પણ રમતમાં જેનો સ્કોર વધારે એ ટીમ જીતી કહેવાય છે. ક્રિકેટમાં સેકન્ડ ઈનિંગ્સમાં રમવા આવનારે પહેલી ટીમ કરતાં વધારે સ્કોર કરવાનો હોય છે. જીવનની સેકન્ડ ઈનિંગ્સ એટલે કે નિવૃત્તિકાળમાં પણ વધારે સ્કોરનું મહત્ત્વ છે. પૈસાનો સ્કોર એટલો હોવો જોઈએ કે જીવનની ગાડી ચાલે ત્યાં સુધી ટકી રહે. મૃત્યુ સુધી ક્યારેય પૈસા ઓછા પડવા જોઈએ નહીં. સેકન્ડ ઈનિંગ્સમાં વિકેટ પણ બચાવવાની હોય છે. ત્રણે સ્ટમ્પ અકબંધ રહેવા જોઈએ. નિવૃત્તિના ત્રણ સ્ટમ્પમાંથી એક છે પ્રવાહિતા, બીજું છે વૃદ્ધિ અને ત્રીજું છે નિયમિતપણે મળતી આવક. આમાંથી એક પણ સ્ટમ્પ પડ્યો તો વિકેટ ગઈ!

જોકે, આપણી સેકન્ડ ઈનિંગ્સમાં આ ત્રણે સ્ટમ્પ સ્વતંત્ર છે...તાકીદના સમયે કામ આવે એ માટે નાણાંની પ્રવાહિતા જરૂરી છે. એ પરિસ્થિતિ બીમારીની સારવાર કે બીજા અણધાર્યા ખર્ચની પણ હોઈ શકે છે. આપણી આવરદા આપણા બાપ-દાદા કરતાં વધારે છે. આથી આપણી પાસે એટલું ધન હોવું જોઈએ કે 'ફુગાવો' નામનો રાક્ષસ ખાઈ જાય પછી પણ તેમાંથી આપણા માટે નિવૃત્તિકાળમાં કંઈક બચે. આથી આપણે સંપત્તિની સતત વૃદ્ધિ થતી રહે એ જોવું પડે છે. આ ઉપરાંત આપણને રોજિંદા ખર્ચ કાઢવા માટે નિયમિત આવકની જરૂર હોય છે.

આ ત્રણેય સ્ટમ્પ સ્વતંત્ર છે એવું કહેવા પાછળ પણ કારણ છે. ધારો કે આપણી નિવૃત્તિ માટેનું સંપૂર્ણ ભંડોળ સેવિંગ્સ બેન્ક અકાઉન્ટમાં રહેવા દઈએ તો પ્રવાહિતા મળે, પણ વૃદ્ધિ ન મળે. જો ફક્ત ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ જેવા ઈક્વિટીલક્ષી સાધનોમાં રહેવા દઈએ તો વૃદ્ધિ થશે, પરંતુ ઈક્વિટી ચંચળ હોવાથી નિયમિત આવક ન પણ મળી શકે. ભંડોળ સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ કે પોસ્ટ ઑફિસની માસિક આવક યોજનામાં મૂકી દઈએ તો નિયમિત આવક મળે, પણ વૃદ્ધિ ન મળે. તેમાંય પ્રવાહિતી તો ઓછી જ કહેવાય, કારણ કે તમે મુદત પહેલા રકમ ઉપાડવા જાઓ તો વ્યાજ કપાઈને આવે. નાણાકીય ક્ષેત્રમાં વણલખ્યો નિયમ એ છે કે ઘરના છ મહિનાના ખર્ચ જેટલી રકમ તાકીદની સ્થિતિને પહોંચી વળવા માટે તરત મળી રહે એ રીતે અલગ રાખી મૂકવી. તેમાંથી એક સપ્તાહનો ઘરખર્ચ ચાલે એટલી રકમ ઘરમાં રોકડ સ્વરૂપે હોવી જોઈએ અને બાકીની રકમ સેવિંગ્સ અકાઉન્ટમાં હોવી જોઈએ, જે ફિક્સ્ડ ડિપોઝિટ સાથે લિંક કરેલી હોય. એટીએમની સુવિધા વાપરતા આવડવું જોઈએ. ભંડોળનું રોકાણ એવી રીતે કરવું કે પછીના ચાર કે પાંચ વર્ષના નિયમિત ખર્ચ પૂરા કરી શકાય. આ રકમ કેટલી હોવી જોઈએ એ ગણવા માટે પોતાને મળી રહેલા પેન્શન, ગ્રેજ્યુટી વગેરે નિયમિત આવકને ધ્યાનમાં રાખવી. નિયમિત આવક માટે સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ, પોસ્ટ ઑફિસની માસિક આવક યોજના, વગેરેનો ઉપયોગ કરવો.

મ્યુચ્યુઅલ ફંડમાં પણ માસિક આવક યોજના હોય છે, પરંતુ તેનું વળતર બજારની સ્થિતિ સાથે સંકળાયેલું હોવાથી તેની કોઈ ગેરંટી નથી હોતી. વીમા કંપનીઓના ઍન્યુઈટી પ્રોડક્ટ્સ પણ એક વિકલ્પ છે, પરંતુ એ પ્રોડક્ટને લગતો ખર્ચ પહેલા જ દિવસથી વાજબી હોવો જોઈએ.

નિવૃત્તિકાળના ભંડોળની વૃદ્ધિ માટે ઈક્વિટી આધારિત સાધનોનો વિચાર કરવો. જો તમે પોતે શૅરબજારમાં રોકાણ કરવામાં માહેર હો તો જ જાતે ઈક્વિટીમાં રોકાણ કરવું અન્યથા ઈક્વિટીલક્ષી મ્યુચ્યુઅલ ફંડની પસંદગી કરવી. તાકીદની સ્થિતિ તથા નિયમિત આવકની જોગવાઈ કરી લીધા બાદ બચેલી રકમ વૃદ્ધિ માટે ઈક્વિટીમાં રોકવી.

જેમ એક દિવસીય મેચમાં બીજો ચાન્સ મળતો નથી. બેટિંગ અને બોલિંગ ફક્ત એકવાર જ કરવા મળે છે. નિવૃત્તિમાં પણ બીજો ચાન્સ મળતો નથી. નારાયણ પાસે જવાનો દિવસ આવે તેની પહેલાં જ નગદ નારાયણ ખૂટી પડે તો વિકેટ પડી જ સમજો. સો પ્લાન એન્ડ પ્લે વેલ! ■

# વીમા સુરક્ષાકવચ

**નિશા સંઘવી**
feedback@bombaysamachar.com




## વીમાની રકમ નક્કી કરવા માટેનાં આ છે ૬ પરિબળ

આજે આપણે રોજિંદી અતિ વ્યસ્ત જિંદગીમાં ક્યારેક જાણતાં -અજાણતાં આપણા આરોગ્યની સંભાળ લેવાનું ચૂકી જઈએ છીએ. આમ છતાં, આપણે બધા જ દ્રઢ રીતે માનીએ છીએ - જાણીએ છીએ કે આવી ચૂક -લાપરવાહી અચાનક ત્રાટકતી બીમારી વખતે કેટલી બધી નુકસાનકારક પુરવાર થઈ શકે છે. આવી આફત વખતે આપણી ફરતે વીમાનું સુરક્ષાચક્ર હોવું અત્યંત જરૂ રી છે.

આવે વખતે આપણી પાસે શું હોવું જરૂરી છે ?

મેડિક્લેમ કે આરોગ્ય વીમો ?

હેલ્થ ઈન્સ્યોરન્સ અને મેડિક્લેમ વચ્ચે મુખ્ય શું તફાવત છે એ સૌથી પહેલાં જાણી લેવું જરૂરી છે.

આરોગ્ય વીમો એ એક વ્યાપક પ્રકારનો વીમો છે, જે હોસ્પિટલમાં દાખલ થવા, બહારના દર્દીઓની

સારવાર (OPD treatment), ડાયગ્નોસ્ટિક પરીક્ષણો અને કેટલીકવાર નિવારક સંભાળ સહિત

તબીબી ખર્ચની વિશાળ શ્રેણીને આવરી લે છે. સ્વાસ્થ્ય વીમા પૉલિસીમાં સામાન્ય રીતે ઉચ્ચ કવરેજની

મર્યાદા હોય છે અને તે મેડિકલ બિલનો મોટા ભાગ ભરપાઈ કરી શકે છે.

બીજી બાજુ, મેડિક્લેમ એ વધુ ચોક્કસ પ્રકારનો વીમો છે , જે મુખ્યત્વે હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચ અને સંબંધિત તબીબી ખર્ચાઓને આવરી લે છે.

વ્યાપક આરોગ્ય વીમા યોજનાઓની તુલનામાં મેડિક્લેમ પૉલિસી ઓછા કવરેજની મર્યાદા ધરાવે છે.

આમ આરોગ્ય વીમો અને મેડિક્લેમમાંથી પસંદ શું કરવું ? એવો પ્રશ્ન જાગે. આમાં વ્યક્તિગત પસંદગી, નાણાંકીય અવરોધ અને આવશ્યક આરોગ્યસંભાળ કવરેજના સ્તર પર એ આધારિત છે.

હવે આપણે મેડિક્લેમ અને હેલ્થ ઈન્સ્યોરન્સ વચ્ચેનો તફાવત લીધો પછી આવો, વીમાની રકમ પસંદ કરતી વખતે ધ્યાનમાં લેવાનાં કેટલાંક પરિબળ પર ચર્ચા કરીએ.

જ્યારે કોઈ વ્યક્તિ સ્વાસ્થ્ય વીમો ખરીદે છે ત્યારે વ્યક્તિએ યોગ્ય વીમાની રકમ પસંદ કરવી જોઈએ. આદર્શ વીમાની રકમની ગણતરી કરવા માટે કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી માટે કેટલાંક પરિબળના આધારે રક્ષણનું શ્રેષ્ઠ સ્તર નક્કી કરવું જોઈએ.

અહીં એવાં છ પરિબળ દર્શાવ્યાં છે,જે વ્યક્તિની સ્વાસ્થ્ય વીમા પોલિસી માટે વીમાની રકમ પસંદ કરવામાં મદદરૂપ થશે, જેમકે...

**૧) ઉંમર:**

દરેકે યુવાવસ્થામાં યોગ્ય રકમનો આરોગ્ય વીમો લઈ લેવો જોઈએ. નાની ઉંમરે વીમાનું પ્રીમિયમ ઓછું લાગે છે.



કેટલાક નિષ્ણાતો માને છે કે ૨૦ વર્ષના દાયકામાં પ્રવેશેલી વ્યક્તિ માટે શરૂઆતમાં ૫ થી ૭ લાખ રૂપિયાની વીમાની રકમ પૂરતી છે. જોકે, પૉલિસી રિન્યુઅલના સમયે વ્યક્તિની જરૂરિયાત મુજબ વીમાની રકમ વધારી શકાય છે.

**૨) વસવાટનું શહેર:**

વીમા કંપનીઓ દરેક શહેરના જીવનધોરણના આધારે પ્રીમિયમની રકમ નક્કી કરતી હોય છે. આથી તમે જે શહેરમાં વસતા હો એના આધારે પ્રીમિયમ અને તેને પગલે વીમાની પરવડનારી રકમ નક્કી થાય.

**૩) વ્યક્તિગત કે કુટુંબ ફ્લોટર:**

વ્યક્તિગત પૉલિસી હોય તો ઓછી વીમા રકમ સારી રીતે કામ કરે છે, પરંતુ જો તે જ પૉલિસીમાં કુટુંબના સભ્યોને આવરી લેવાયા હોય તો વધુ વીમાની જરૂર પડશે, કારણ કે વધુ સભ્યોને વધુ કવરેજની જરૂર પડશે.

**૪) તબીબી ફુગાવો:**

તબીબી સારવારનો ખર્ચ હંમેશાં વધતો રહે છે. છેલ્લામાં છેલ્લા અહેવાલ મુજબ આરોગ્યને લગતી પ્રોડક્ટ્સનો ફુગાવાનો દર આશરે ૧૦ ટકા છે. આજે જેટલો ખર્ચ આવતો હોય એ અમુક વર્ષોમાં બમણો થઈ જાય છે.

આથી સમ ઇન્સ્યૉર્ડ નક્કી કરતી વખતે ફુગાવાનો અંદાજ રાખીને ચાલવું.

**૫) જીવનશૈલી:**

દરેકે પોતાની જીવનશૈલીના આધારે વીમાની રકમ પસંદ કરવી જોઈએ. જે વ્યક્તિ વધુ પડતી માનસિક તાણ ધરાવતી હોય અને ભાગ્યે જ વ્યાયામ કરવાની તક મળતી હોય ઉપરાંત આરોગ્યપ્રદ ભોજન લેતી ન હોય એ વ્યક્તિએ ઊંચી રકમનો વીમો લેવો. આ વાત તમાકુ અથવા દારૂનું સેવન કરનારને ખાસ લાગુ પડે છે. ઉપરાંત, પૉલિસી ખરીદતી વખતે કંપનીથી આવી આદત ક્યારેય છુપાવવી નહીં, કારણ કે એમ કરવા જતાં ક્લેમ પાસ થવામાં મુશ્કેલી ઊભી થાય છે.

**૬) કોર્પોરેટ કવર:**

ઘણા પગારદારો એમ વિચારે છે કે જો કંપની પાસેથી કોર્પોરેટ પ્લાન હેઠળ વીમો મળ્યો હોય તો પછી સ્વતંત્ર રીતે પૉલિસી લેવાની શું જરૂર છે?

અહીં એક વાત યાદ રાખો કે કોર્પોરેટ કવર માત્ર ત્યાં સુધી જ લાગુ રહે છે, જ્યાં સુધી તમારી જોબ ચાલુ હોય... કોર્પોરેટ પ્લાન ગ્રુપ પ્લાનની શ્રેણીમાં આવે છે અને તેના નિયમો અને શરતો દરેક કંપનીમાં અલગ અલગ હોય છે. વ્યક્તિની તંદુરસ્તી હંમેશાં સરખી રહેતી નથી. વધતી આયુ તથા જીવનશૈલીને કારણે આરોગ્યની અનેક સમસ્યા સર્જાય છે. આથી કોર્પોરેટ પ્લાનની સાથે સાથે દરેક વ્યક્તિએ પોતાની તથા પરિવારની અલગ પૉલિસી લેવી જ જોઈએ.

ટૂંકમાં કહીએ તો આપણે બધા એકમેકથી જુદા છીએ અને તેથી આપણી આરોગ્ય વીમાની જરૂરિયાતો પણ અલગ રહેવાની તેથી જ વ્યક્તિએ વીમાની રકમ કાળજીપૂર્વક પસંદ કરવાની જરૂર છે. ઉપરોકત મુદ્દા ધ્યાનમાં રાખશો તો તમે જરૂર યોગ્ય સમ ઇન્સ્યોર્ડ નક્કી કરી શકશો. ■



# આપણી કહેવતોમાં પણ છે આરોગ્યની ચાવી

feedback@bombaysamachar.com

**આરોગ્ય એક્સપ્રેસ**
**રાજેશ યાજ્ઞિક**

આપણા પૂર્વજો -વડીલો એમના જમાનામાં ભણ્યા ઓછું હતા,પણ વિભિન્ન ક્ષેત્રમાં એમના અનુભવોને લીધે એમની હૈયાસૂઝ જબરી ખીલી હતી એટલે એમનું આરોગ્યલક્ષે જ્ઞાન કહેવતરૂપે પ્રગટતું, જેમકે 'આંખે ત્રિફળા દાંતે લૂણ, પેટ ન ભરવું ચારે ખૂણ...' જેવી કહેવત એનું એક ઉત્તમ દૃષ્ટાંત છે.

ચાલો, એને તબક્કાવાર સમજીએ. આપણી જ્ઞાનેન્દ્રિયોમાં આંખનું મહત્ત્વ ખૂબ વધુ છે, કારણકે આંખ અને મગજના સંયોજનથી શારીરિક હિલચાલ ઉત્તમ પ્રકારે થાય છે તેથી જ દૃષ્ટિહીન લોકોને શારીરિક હલનચલનમાં ઘણી તક લીફો સહન કરવી પડે છે. આપણે નસીબદાર છીએ કે આપણી આંખો સલામત છે.

એ જ રીતે, દાંત વિના ખોરાક ખાવો અને પચાવવો એ કેટલું અઘરું છે તે તો જેમને દાંત ચાલ્યા ગયા હોય તેવા વડીલોને જ ખબર પડે. જોકે, પેટનું આરોગ્ય એટલું મહત્ત્વનું છે કે આયુર્વેદમાં તો કહેવાય છે કે મોટાભાગના રોગનું ઘર પેટ જ છે.

હરડે- બહેડાં અને આમળાં એ ત્રણેય ફળને ત્રિફળા કહેવામાં આવે છે. તેની સમભાગ છાલનું ચૂર્ણ મેળવવાથી ત્રિફળા બને છે. આમ ત્રિફળા અનેક રોગમાં ઉપયોગી હોવા છતાં આંખો માટેનું તે સર્વોત્તમ ઔષધ છે. આંખોને સ્વસ્થ અને તેજ રાખવા માટે ત્રિફળા એ ખૂબ જ અસરકારક ઘરેલુ ઉપચાર છે.

ઉદાહરણરૂપે, ૧ ચમચી ત્રિફળા પાઉડરને હૂંફાળા પાણીમાં આખી રાત પલાળી રાખો. આ પલાળેલા મિશ્રણથી તમારી આંખો ચોખ્ખી કરી દો. નિયમિત આ પ્રયોગ કરવાથી આંખોનું તેજ જળવાઈ રહે છે. આંખોનું જતન કરવા કે આંખોના રોગ મટાડવા રોજ રાત્રે ત્રિફળા ચૂર્ણ લેવું તે ખૂબ ઉપકારક છે.

ત્રિફલા ધૃત જેવું મહાન ઔષધ જાણકાર વૈદ્ય પાસેથી લીધું હોય તો આંખોના ચશ્માં, તિમિરરોગ, આંખોની લાલાશ, આંખોની બળતરા વગેરે ૭૬ જાતના નેત્ર રોગ પર વિજય મેળવી શકાય છે.

'દાંતે લૂણ ...' એટલે કે દાંતે લવણ (સિંધવ) લગાડવાથી, તેના કોગળા ભરવાથી કે તલતેલમાં મેળવીને કોગળા ભરવાથી આજીવન

દંતરક્ષા થાય છે. સિંધવ સામાન્ય મીઠાનું પથ્થર સ્વરૂપે મળી આવતું ખનિજ છે. આને અંગેજીમાં રોક સોલ્ટ (ખડક મીઠું), હિન્દીમાં સેંધા નમક અથવા લાહોરી નમક કહે છે. તે દાંત, દાંતના મૂળ, પેઢાંને મજબૂત કરવાં, મોંની ચામડીનું સ્વાસ્થ્ય જાળવવું અને વિવિધ ચેપને દૂર કરવા કે તેના નિવારણમાં ઉપયોગી છે.

મીઠું ખાવાથી હાઇ બ્લડપ્રેશર, સ્ટ્રોક અને હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. આ માટે ડૉક્ટર પણ મીઠું કોઇ પણ વસ્તુમાં ઓછું ઉમેરવા કહે છે. મીઠાનું વધુ પડતું સેવન હેલ્થ માટે નુકસાનકારક બની શકે છે.

બીજી તરફ, સિંધવ મીઠું સંપૂર્ણ રીતે નેચરલ હોય છે. તમે સિંધવ મીઠાનું પાણી પીઓ છો તો ૧૦ ગંભીર બીમારીમાંથી તમને છુટકારો મળી શકે છે.

સિંધવના ફાયદા ગણાવીએ તો એ પાચન તંત્રને લગત તકલીફ દૂર કરે છે-મેટાબોલિઝમ વધારવામાં મદદરૂપ થાય છે- ફેફસાં મજબૂત બનાવે-પીએચ લેવલ સંતુલિત રાખે- ત્વચાને તાજગી આપે- હાડકાં મજબૂત બનાવે અને શરીરમાં પાણીની ઊણપ -ડિહાઇડ્રેશનની તકલીફ દૂર કરે છે...

તમને સાંધાનો દુઃખાવો રહે છે તો તમે શક્ય તેટલું સિંધવ મીઠું ઉપયોગમાં લો. તેનાથી તમારા સાંધાના દર્દમાં પણ તમને રાહત મળશે.

હવે પેલી કહેવતમાં રહેલી 'પેટ ન ભરવું ચારે ખૂણ...'વાળી વાત પર આવીએ...

જઠર કે આમાશય આપણી બંધ કરેલી મુઠ્ઠી જેટલું છે. ઓછું ખાવાથી અશક્તિ નથી આવતી. અપોષણ પણ નથી ઊભું થતું. પચાસ ગ્રામ રાઇસ કરતાં એક ચમચો સીઝેલા ભાતમાં ઘી નાખી લેતાં વધુ પોષણ મળશે, પરંતુ પેટ જાણે કચરો ઠાલવવાની જગ્યા હોય તેમ એમ તેમાં ગમે તે પ્રકારનો ખોરાક ઓર્યા કરો અને પેટ સખત થઇ જાય એટલું જ ખાધા કરો તો પેટને લગતા ઘણા દર્દ થવાની શક્યતા ઊભી થાય છે. તેથી જ આયુર્વેદમાં અનશન એટલે કે ઉપવાસ અને ઉણોદરી એટલે કે ઓછું ખાવાની પરેજી પાળવા માટે સલાહ આપવામાં આવી છે. વધારે પડતું ખાવાથી અપચો, ચરબીમાં વધારો ઉપરાંત પાચનજન્ય અન્ય ઘણી બીમારી થવાની સંભાવના રહેલી છે તેથી જ ભૂખ લાગે ત્યારે જ ખાવું તેવી સલાહ પણ આરોગ્યશાસ્ત્રી આપે છે. ■

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા



# સુંદરતા માટે મેલાનિન યુક્ત આહાર

આજે સૌંદર્ય એટલે બહારની સુંદરતા ગણવામાં આવે છે. આધુનિક યુગમાં બહારની સુંદરતાનું મહત્ત્વ વધુ છે. લોકોને પણ આ જ ભ્રમ છે કે બહારની સુંદરતા જ વ્યક્તિની અસલી સુંદરતા છે. વાસ્તવિક સુંદરતા એ આંતરિક સૌંદર્ય છે.

શરીરની અંદરના અવયવોનું સ્વાસ્થ્ય બની રહેવું જોઈએ. જેથી બહારનું સૌંદર્ય જળવાય. સૌંદર્ય ક્ષણિક નહીં, પરંતુ શાશ્વત રહેવું જોઈએ. જેમ કે પશુ-પંખી, પ્રાણીઓ તેમનું સૌંદર્ય ક્યારેય ખોતા નથી, મરણ સુધી તેમનું સૌંદર્ય અકબંધ રહે છે. પ્રાણીઓ ક્યારેય વૃદ્ધ દેખાતા નથી. મનુષ્યનો દેખાવ, રંગ, વાળ સફેદ થવા, ચામડી પર કરચલીઓ થવી વગેરે થાય છે.

પશુ-પંખી, પ્રાણીઓ તેનો પ્રાકૃતિક ખોરાક ક્યારેય છોડતાં નથી, તેમ જ સમયસર જ ખોરાક-પાણી લે છે. મનુષ્ય અપ્રાકૃતિક જીવનશૈલી તરફ વળવાને કારણે પોતાનું સૌંદર્ય ખોઈ નાખે છે.

સૌંદર્ય અકબંધ રાખતો ખોરાક મેલાનિન છે. જે કુદરતી રીતે દરેક જીવો પાસે હોય છે. મેલાનિનનું સંતુલન શરીરમાં જળવાઈ રહે તો શરીર જલદી પોતાનું સૌંદર્ય ગુમાવતું નથી. મેલાનિન ત્વચામાં રહેલો એક પદાર્થ છે. જે રંગદ્રવ્યનું ઉત્પાદન કરે છે. બધા જ વ્યક્તિની ત્વચામાં મેલાનિનની માત્રા અલગ-અલગ હોય છે. મેલાનિન ત્રણ પ્રકારનાં હોય છે. યૂમેલેનિન અને ફેઓમેલેનિન એ ત્વચામાં હોય છે. જ્યારે ન્યૂરો મેલાનિન મસ્તિષ્કમાં હોય છે. જેટલું મેલાનિન વધારે તેટલો ત્વચાનો રંગ ઘેરો કે ડાર્ક હોય છે. મેલાનિનનું ઉત્પાદન ત્યારે વધે છે જ્યારે સૂર્યના કિરણો ત્વચા પર પડે છે. ત્યારે મેલાનિન સૂર્યનાં કિરણોથી બચાવવા પોતાનું ઉત્પાદન વધારી દે છે. એ વખતે ત્વચાનો કલર વધુ ડાર્ક બની જાય છે. કર્કરેખાની નીચેના દેશોમાં સૂર્યનું તાપમાન વધારે હોય છે. એથી ત્યાં થોડા ઘઉંવર્ણના કે કાળા રંગની ત્વચાવાળા લોકો હોય છે. એટલે કે મેલાનિન સૂર્યના પ્રકાશના પ્રભાવથી ત્વચાની રક્ષા કરે છે. માનવની ત્વચામાં મેલાનિનનુ ઉત્પાદન સંતુલિત ના હોય કે બનવું મુશ્કેલ હોય ત્યારે ત્વચા ખરાબ થાય છે. વાળ સફેદ થાય છે. વાળના મૂળમાં એક બલ્બ હોય છે. જે મેલાનિનને સંતુલિત રાખે છે. સારુ મેલાનિન વાળને કાળો રંગ આપે છે. વાળને સ્વસ્થ રાખે છે. મેલેનો સાઇટ્સ માનવ શરીરમાં કોશિકાઓનો એક વિષમ સમૂહ બનાવે છે. એમાં મેલાનિનને ઉત્પાદન કરવાની ક્ષમતા હોય છે. મેલેનો સાઇટ્સનું ઘનત્વ, પર્યાવરણ કેરાટિનોસાઇટ્સ અને ફાઇબ્રોબ્લાસ્ટ દ્વારા સ્ત્રાવિત કારકો પર નિર્ભર કરે છે. કેરાટિન, ફાઈબરવાળા ખોરાકથી મેલાનિનનું સ્તર સંતુલિત રાખે છે. મેલાનિનનું સ્તર નીચે જાય તો ચામડીના રોગો, વાળના રોગો અને આંખના રોગો થવાની શક્યતા વધી જાય છે.

મેલાનિન યુક્ત આહાર આપણા રોજિંદા ખોરાકમાં લેવો જોઈએ. ફક્ત મેલાનિનવાળો ખોરાક વધુ લેવાથી નુકસાન ન કરી લેવું. સંતુલન જાળવવુ જરૂરી છે. વધુ તળેલા, વધુ બાફેલા કે વધુ પડતા શેકેલા ખોરાક પર નિયંત્રણ રાખવું. મેલાનિનને સંતુલન કરવા માટે વિટામિન એ, સી અને બી-૫, બી-૬ની જરૂર પડે તેમજ કોપર જેમાંથી મળતું હોય તેનો ખોરાક પસંદ કરવો.

શક્કરિયા- ફેટથી મુક્ત છે. વિટામીન સી, બી-૬ અને ડાયટરી ફાઇબરથી ભરપૂર છે. કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે. દ્રષ્ટિ સતેજ કરે છે. શૂગરને સારા પ્રમાણમાં નિયંત્રિત કરે છે. કેરાટિન બનાવવામાં મદદ કરે છે. કાચા ખાવાથી આના દરેક ગુણો શરીરને મળે છે. વાળને કાળો, ઘેરો રંગ આપે છે. ચામડીની ચમક જાળવી રાખે છે. સલાડ બનાવીને લઈ શકાય કાં તો દહીંમાં ખમણીને ખાઈ શકાય છે. કાચા ખાવાથી વધુ લાભ મળે છે. શૂગર થોડા જ દિવસોમાં ઘટાડી નાખે છે. શેકીને ખાઈ શકાય છે પણ વધુ પડતા ન શેકવા. કેલ ભાજી- લીલા ઘેરા રંગની ભાજી છે. શરીરને મજબૂત તેમજ યુવાન બનાવી રાખે છે. વિટામિન-સી, કે તેમજ કેલ્શિયમથી ભરપૂર છે. ઘણાં હેલ્થના પ્રોબ્લેમ દૂર કરે છે. શરીરને બીટા-કેરોટિન બનાવી આપે છે. જેથી ચામડી-વાળને રંગ અને ચમક મળે છે. આનો એક કપ જેટલો રસ પીવો. શાક અને સલાડ પણ બનાવી શકાય. ગાજરનાં પાન - ગાજર કરતાં ગાજરનાં પાનમાં વિટામિન એ અને કેરાટિન ત્રીસ હજાર ગણું વધારે છે. જે આંખોને ક્યારેય નબળી પડવા દેતો નથી.

આંખમાં થતો પરૂનો રોગ થોડા જ દિવસોમાં સાજો કરે છે. રતાંધળાપણું દૂર કરે છે. ગાજરનાં પાન મળવા મુશ્કેલ છે પણ કોશિશ કરતા રહેવું. કૂંડામાં ગાજર વાવીને વાપરી શકાય. ગાજરમાં રહેલુ ક્લોરોફિલ નામનું તત્ત્વ લાલ રક્ત કોશિકાઓ બનવાની પ્રક્રિયાને વેગ આપે છે. જે લોહીની ઓછપ દૂર કરી આપે છે. રક્ત શુદ્ધિ થવાથી કિડની અને હૃદય મજબૂત બને છે. રોગ પ્રતિકારક શક્તિ વધારી આપે છે. હિલ સ્ટેશનો પર ગાજર પાંદડા સાથે મળે છે. તેનો ઉપયોગ ભરપૂર કરવો. ફ્રીજમાં પાંદડા લાંબો સમય સુધી ટકે છે. ગાજરનાં પાનનો રસ એક કપ જેટલો જ લેવો. ગાજરનો ઉપયોગ સિઝનમાં ભરપૂર કરવો.

કાચું અને પાકું પપૈયું બન્ને લઈ શકાય. કાચા પપૈયાના ગુણો ખૂબ જ ઊંચા પ્રકારના છે. શરીરની પ્રતિરક્ષા પ્રણાલીને મજબૂત બનાવે છે.

તલ, બદામ, સૂરજમુખીના બીજ, મશરૂમ, પાલક, ટામેટાં, જરદાલુ, અનાનસ અને ખાટા ફળો રોજિંદા ખોરાકમાં ઉમેરી યુવાન રહી શકાય છે. જે મેલાનિનનું સંતુલન બનાવી રાખે છે.

મેલાનિન ઉત્તેજીત કરવાની દવાઓ, ક્રીમ લોશન કે સાબુ લાંબા ગાળે નુકસાનકારક પૂરવાર થયા છે. પ્રાકૃતિક ખોરાક જ લેવો જોઈએ. માનવ શરીરમાં મેલાનો સાઇટ્સ ફક્ત ચામડી, વાળ કે આંખોની અંદર જ છે એવું નથી. આ બધી જ કોશિકાઓમાં છે એટલે કે આંતિરક કાન, હૃદય, તંત્રિકા તંત્રમાં પણ છે. જેને ચલાવવા માટે સારા મેલાનિનવાળા ખોરાકની જરૂર પડે છે.

---

feedback@bombaysamachar.com


## ફોકસ

રેખા દેશરાજ

# કમરને રાખો ટટ્ટાર ને ટનાટન

ફિટનેસને લઈને જાગૃત લોકો આજે પોશ્ચર કરેક્ટર બ્રેસની ખૂબ ચર્ચા કરી રહ્યાં છે. આ એક એવું ઉપકરણ છે જે આપણાં શરીરની ખરાબ મુદ્રાને અમુક હદે ઠીક કરવામાં મદદ કરે છે. એનાથી ડોક, ખભા અને પીઠનું પોશ્ચર સુધરે છે. ઑફિસમાં લાંબા સમય સુધી ખોટી સ્થિતિમાં બેઠા રહેવાથી પીઠ અને ડોકના દુખાવામાં રાહત આપે છે. એ સાધનને ખરેખર તો આપણી ખરાબ મુદ્રાને વ્યવસ્થિત કરવા માટે જ બનાવવામાં આવ્યું છે. કઠોર પ્લાસ્ટિક અને ધાતુની ફ્રેમથી બનેલું આ ઉપકરણ એ લોકોની કમર અને ખભાને સીધા રાખે છે જેમની ડેસ્ક પર નમીને કામ કરવાને કારણે કમર અને ખભા ઢળી ગયા છે. આ પોશ્ચર કરેક્ટર બ્રેસમાં ઘણી પટ્ટીઓ છે, જે માથાને ઉપરથી માંડીને કમર સુધી ચારેય બાજુથી કસીને રાખે છે.

બાળપણમાં આપણને યાદ જ હશે કે આપણાં માતા-પિતા, વડીલો અને ટીચર હંમેશાં ટટ્ટાર બેસવાની સલાહ આપતા હતાં. એ વખતે તેમની વાત



આપણને ગળે નહોતી ઊતરતી. જોકે તેમની વાત સો ટકા સાચી હતી. બાળપણથી જ આપણને ખોટી રીતે બેસવાની ટેવ પડી ગઈ હોય છે. ખુરશીમાં સતત નમીને બેસવું, કલાકો લેપટૉપ ઉપર કામ કરવું અથવા તો પુસ્તકમાં ઊંડા ઊતરીને વાંચવાથી આપણા શરીરનું પોશ્ચર ખરાબ થતું જાય છે. એને કારણે આપણી કમર સીધી નથી રહેતી. જોકે સ્વસ્થ રહેવા માટે કમરનું સીધું હોવું ખૂબ જરૂરી છે.

સતત ખોટી મુદ્રામાં બેસવાને કારણે બાળપણમાં વધુ પરેશાની નથી થતી, પરંતુ જેમ-જેમ ઉંમર વધે છે, તેમ-તેમ માથાનો દુખાવો, કમર દર્દ, સ્નાયુમાં અને ડોકમાં તાણ જેવી મુશ્કેલીઓ ઊભી થાય છે. આ સમસ્યા વર્તમાનમાં એટલી તો વધી ગઈ છે કે કોમ્પ્યુટર અને લેપટૉપ પર સતત કામ કરવાને કારણે વ્યક્તિને વિવિધ શારીરિક તકલીફનો સામનો થાય છે. આ પીડામાંથી છુટકારો મેળવવા અને બગડી ચુકેલા શરીરના પોશ્ચરને ઠીક કરવા માટે બજારમાં અનેક પ્રકારનાં સાધનો મળી રહે છે. એમાં સૌથી વધુ લોકપ્રિય પોશ્ચર કરેક્ટર બ્રેસ છે. આ ખરેખર તો ચેસ્ટ કોટ કાં તો જેકેટ જેવું દેખાય છે. આ પહેરવાથી કમરથી માંડીને છાતી સુધીનો ભાગ સીધો રહે છે.

શરીરનાં અન્ય અવયવોને પણ ખોટી મુદ્રાથી બચાવવા માટે માર્કેટમાં અન્ય પ્રકારનાં સાધનો આવી ગયાં છે. જોકે ખભાથી કમર સુધીના ભાગને સીધા રાખવા માટે બેસ્ટ છે પોશ્ચર કરેક્ટર બ્રેસ. આખી દુનિયામાં એની ડિમાન્ડ છે. આ ઉપકરણની સાથે આપણને પણ સીધા બેસવાની જરૂર હોય છે. માત્ર આ સાધનના ભરોસે ન બેસી શકાય. નિયમિત એક્સરસાઇઝની સાથે સૂતી વખતે પણ ધ્યાન રાખવાની જરૂર છે. ■

---

feedback@bombaysamachar.com

## ફોકસ પ્લસ

દેવેશ પ્રકાશ

# લોહીનો રંગ લાલ શા માટે?

શું મનમાં કદી એવો સવાલ આવે છે કે આપણાં લોહીનો રંગ લાલ જ કેમ?

(યુપીએસસીએ જ્યારથી સિવિલ સેવાની પ્રારંભિક પરીક્ષામાં સી-સેટનો સમાવેશ કર્યો છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ખૂબ વધી ગયો છે. સાથે જ હવે માત્ર આઇએસની પરીક્ષામાં જ નહીં, પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં જનરલ સ્ટડીઝના સવાલો પૂછવામાં આવે છે. એને ધ્યાનમાં રાખીને જ આ વખતે અમે નોલેજ-બાઇટમાં આ મનમાં જિજ્ઞાસા જગાવનાર સવાલનો જવાબ મેળવવાનો પ્રયાસ કરીશું કે આપણા લોહીનો રંગ લાલ જ કેમ છે? કેમ કે અનેક અલગ-અલગ પ્રજાતિઓનું લોહી અન્ય રંગોનું પણ હોય છે.)

મનુષ્યના લોહીનો રંગ લાલ હોવાનું મુખ્ય કારણ લોહીમાં હાજર હિમોગ્લોબિન નામક તત્વ હોય છે. વાસ્તવમાં હિમોગ્લોબિન એક લાલ રંગનો આયરનયુક્ત પ્રોટીન હોય છે, જે વ્યક્તિની લાલ રક્ત કોશિકાઓમાં મળી આવે છે. હિમોગ્લોબિનમાં હીમ નામક લાલ રંગનો યૌગિક હોય છે, જે પોતાની સાથે ઑક્સિજનનું વહન કરે છે. જોકે, ક્યારેક ત્વચા અને પેશીઓની સાથે પ્રકાશના સંપર્કને કારણે આપણી નસો વાદળી રંગની દેખાય છે, કેમ કે વાદળી પ્રકાશના તરંગો ઓછાં હોય છે અને એ લાલ રંગની જેમ ઊંડાણમાં પ્રવેશ નથી કરતા. એથી જ્યારે લોહી વાહિકાઓ ગાઢ હોય છે, ત્યારે આંખો વધુ પ્રવર્તિત વાદળી પ્રકાશને જુએ છે. એથી અનેક વખત આપણને એવો ભ્રમ થાય છે કે શરીરમાં વાદળી રંગનું લોહી વહી રહ્યું છે. જોકે એ એક ભ્રમ છે. કેટલીક વખત મનમાં કોઈ પ્રકારના ડર અથવા તો એક ખાસ મનોવૈજ્ઞાનિક સ્થિતિમાં આપણી ત્વચાનો રંગ પણ વાદળી થઈ જાય છે. આ પણ એ એક કારણ છે. ઑક્સિજનના સ્તરમાં ઉતાર-ચડાવને કારણે પણ ઘણી વખત લોહીનો લાલ રંગ વધુ પડતો ઘેરો લાલ બની જાય છે. ચિકિત્સા સંબંધી ચિત્રોમાં આપણે હંમેશાં શિરાઓમાં વહેતાં લોહીનો રંગ વાદળી જોઈએ છીએ, જેથી કરીને એને ધમનીઓમાં પ્રવાહિત ઑક્સિજનયુક્ત લોહીથી અલગ કરી શકાય છે. જોકે, દુનિયાના તમામ જીવોના લોહીનો રંગ લાલ હોય, એ જરૂરી નથી. કેટલાક કીડાઓ અને પશુઓના લોહીનો રંગ લાલ નથી હોતો. ઉદાહરણ તરીકે જીંગા, કેકડા અને ઑક્ટોપસના લોહીનો રંગ વાદળી હોય છે. માણસોમાં પણ એક દુર્લભ જીન ઉત્પરિવર્તન મેથેમોગ્લોબિનને કારણે આવું થાય છે. વાસ્તવમાં આ હિમોગ્લોબિનનો જ એક પ્રકાર છે અને એ ઑક્સિજન સાથે મેળ નથી ખાતો. જો શરીરમાં પૂરતી માત્રામાં મેથેમોગ્લોબીન હાજર હોય તો, લાલ લોહી વાદળી અને ત્વચા પર પણ વાદળી રંગની દેખાઈ શકે છે. જોકે એવું નહીં જે રીતે અમે ઉપર જણાવ્યું કે જીંગા, કેકડા અને ઑક્ટોપસનું લોહી હંમેશાં વાદળી હોય છે. કેટલાક સમુદ્રી કીડાઓનો લોહીનો રંગ લીલો હોય છે અને કેટલાક પશુઓનો લોહીનો રંગ નથી હોતો. હિમોગ્લોબિનમાં હાજર આયરનના ચાર પરમાણુ લાલ રંગને રિફ્લેક્ટ કરે છે. એથી માનવજાતિમાં અન્ય રંગનું લોહી હોય એવી કલ્પના ન કરી શકાય, કેમ કે દરેક લાલ રક્તકોશિકાઓમાં ૨૭ કરોડ હિમોગ્લોબિન કણ હોય છે. આટલા પ્રમાણમાં લાલ રંગને રિફ્લેક્ટ કરનારા અણુઓને કારણે વ્યક્તિના લોહીનો રંગ લાલ હોય છે.

વાદળી રંગનું લોહી સમુદ્રી જીવોમાં મળી આવે છે, જેમ કે ઑક્ટોપસ, મોલસ્ક, સ્ક્વિડ, ક્રસ્ટેશિયન અને કેટલાક મકડઓના લોહીનો રંગ પણ વાદળી હોય છે. વોર્મ, અળસિયા, સમુદ્રના અળસિયા આ તમામના લોહીનો રંગ હલકો લીલો હોય છે. એનું કારણ એ છે કે તેમના લોહીમાં ક્લોરોક્રૂઓરિન મળી આવે છે. રાસાયણિક રીતે એ હિમોગ્લોબિન સાથે મળતું આવે છે. કેટલાક જીવોમાં હિમોગ્લોબિન અને ક્લોરોક્રૂઓરિન બન્ને હોય છે. જ્યાં સુધી એમાં ઑક્સિજન ન ભળે ત્યાં સુધી એ હલકા લીલા રંગનું હોય છે. જેવો એમાં ઑક્સિજન ભળી જાય છે એ હલતા લીલા રંગનું થઇ જાય છે, એમાં પણ જો ઑક્સિજન વધુ થઈ ગયું તો હલકા લાલ રંગનું પણ થઈ શકે છે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કસરત | Practice |
| તાલીમ | Concentration |
| મહાવરો | Training |
| ધ્યાન | Exercise |
| એકાગ્રતા | Meditation |

### ઓળખાણ પડી?

લોકનૃત્યો અને પરંપરાગત સંગીત અને વેશભૂષા સાથે ઉજવવામાં આવતા વાર્ષિક ઉત્સવની ઓળખાણ પડી? ઈશાન ભારતના રાજ્ય સાથે સંકળાયેલો છે.



અ) બિહુ બ) ચવાંગ કુટ ક) હોર્નબિલ ફેસ્ટિવલ ડ) ગારિયા ફેસ્ટિવલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ષ્ટ | ૨ વિ | ના | ૩ ય | ૪ ક | | ૫ લા | ય | ૬ ક |
| પ | | ચા | | ૭ કી | લ | ૮ કા | રી | | ન |
| ૯ રં | ૧૦ ગ | રો | ૧૧ ગા | ન | | મ | | ૧૨ પા | ક |
| ૧૩ પા | ર | | વ | | ૧૪ મા | યા | ૧૫ વી | | વ |
| ૧૬ ર | જ | ૧૭ ક | ણ | | ૧૮ ગો | બ | ર | | ર્ણી |
| | ૧૯ વા | રા | | ૨૦ પ્ર | | | ૨૧ પૂ | ૨૨ ત | |
| ૨૩ સ | ન | મ | | લ | | ૨૪ ભ | જ | ની | ૨૫ ક |
| હ | | ૨૬ ત | ૨૭ વા | ય | ૨૮ ક | | ૨૯ ન | ક | લ |
| ૩૦ મ | ૩૧ હા | | ય | | ૩૨ રી | ૩૩ ત | | | ર |
| ૩૪ ત | ર | ફ | દા | રી | | ૩૫ પ | ગ | ર | વ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| ૯ | | ૧૦ | | | | | ૧૧ | ૧૨ | |
| | | | | ૧૩ | | | | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | | | | ૧૮ | |
| ૧૯ | | | ૨૦ | | | | ૨૧ | | |
| | ૨૨ | ૨૩ | | | | | | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | | ૨૮ | | ૨૯ | |
| ૩૦ | ૩૧ | | | ૩૨ | | | | | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. નકલ (૫)
૪. જુસ્સાથી (૪)
૭. ઓળખાણ (૨)
૮. દેવની આરતી લેવી તે (૩)
૯. જેલ (૪)
૧૧. ભેદભરમ (૩)
૧૩. સુઘરેલું, કુલીન, એક પ્રજા (૨)
૧૪. જામનગરના દરબારનો ઈલ્કાબ (૨)
૧૫. વિનંતી, અરજ (૩)
૧૭. પાણીથી ભરેલું (૩)
૧૮. દારૂ (૨)
૧૯. રેંટિયાનો ભાગ (૨)
૨૦. જંગલ (૩)
૨૧. ---- બહાર જાય નહીં (૨)
૨૨. એક જાતનું કપડું (૩)
૨૬. વસ્ત્ર (૩)
૨૮. ગ્રામીણ વિસ્તારનો ઘટક, દેશ (૪)
૩૦. અત્યારે વિક્રમ ---- ૨૦૮૦ ચાલે છે. (૩)
૩૨. વેગવાળી ઘોડાની ચાલ (૩)
૩૩. પોશાક (૫)
૩૪. બધાને સમાન માનતી વિચારસરણી (૪)

**ઊભી ચાવી**

૧. દરેક માનવીને કરવી ગમે (૬)
૨. બેશરમ, ગુરુ વિનાના (૩)
૩. પરાજય (૩)
૪. ઉછાળો, ઊભરો, જુસ્સો (૨)
૫. બરકત, 'શ'ના ઉચ્ચારની ટેવવાળું (૩)
૬. રહસ્યથી ભરેલું (૫)
૮. આશ્ચર્ય પમાડે એવું (૬)
૧૦. કામના, લોલુપતા (૩)
૧૨. હજામ પાસે કરાવો (૪)
૧૩. તમે ---- પર બેસો (૩)
૧૬. ---- લાવી ચોખાનો દાણો (૩)
૨૦. એક ઓજાર (૩)
૨૧. યાતાયાતનું સાધન (૩)
૨૩. એકદમ નવું (૪)
૨૪. બૂમ, રાડ (૨)
૨૫. અણબનાવ (૩)
૨૭. રાજા (૩)
૨૮. મોજમજા (૩)
૨૯. દરકાર, તમા, ગરજ (૩)
૩૧. ---- નીર સરિતાનાં (૨)

### ચતુર આપો જવાબ

**અર્થ જણાવો**

ભગવાન વિષ્ણુનું એક નામ છે 'શારંગધર' - એમાં શારંગનો અર્થ શું થાય એ જણાવો.

અ) રંગીન બ) સારંગી ક) શાલીન ડ) ધનુષ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ANATOMYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પાણી બ) અનાજ ક) સંપત્તિ ડ) શરીર રચના

### માતૃભાષાની મહેક

જઠરરસ એટલે જઠરાગ્નિ, જઠરમાં ઝમતો પાચનક્રિયામાં ઉપયોગી એક જાતનો રસ. આ રસમાં સડો અટકાવી દુર્ગંધ દૂર કરવાનો ગુણ છે. પાણી, પેપ્સિન, મીઠું અને હાઇડ્રોક્લોરિક એસિડનો બનેલો છે. જઠરરસ જંતુનાશક છે. ખોરાક સાથે જનારાં જંતુઓ આ આમ્લરસથી મરી જાય છે, એટલે જંતુઓ આંતરડામાં જઈ શકતા નથી.

### ઈર્શાદ

ફૂલો ઉપર ફૂલો ખડકી બાંધ્યું છે એક ગામ,
વસ્તીમાં તો એક જ જણ કે સુગંધ જેનું નામ.

- હર્ષદ ચંદારાણા

### સુડોકુ-૬૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૭ | | | ૩ | ૪ | ૬ | |
| | | | ૮ | | | | | |
| ૧ | ૪ | | | | | | ૨ | |
| ૮ | | ૧ | | ૪ | ૭ | ૨ | | ૯ |
| | ૬ | ૩ | | | | ૮ | ૭ | |
| ૪ | | ૨ | ૩ | ૮ | | ૬ | | ૧ |
| | ૯ | | | | | | ૧ | ૬ |
| | | | | | ૫ | | | |
| | ૨ | ૬ | ૯ | | | ૭ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૭ | ૯ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૨ | ૩ | ૭ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ |
| ૧ | ૯ | ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૮ | ૩ |
| ૬ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૬ | ૧ | ૩ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૨ | ૬ | ૪ | ૫ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૩ | ૧ | ૨ | ૮ | ૯ | ૬ | ૪ | ૫ |

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ઝીણવટથી જોઈ, તેમની વચ્ચે રહેલો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હોવી જોઈએ એ ગણતરી કરી કહો.

૮, ૨૪, ૪૦, ૫૬, ૭૨, ------

અ) ૭૯ બ) ૮૪
ક) ૮૮ ડ) ૯૦

### ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| સૂર્ય વિનાયક મંદિર | નેપાળ |
| શ્રી મહાવલ્લભ ગણપતિ મંદિર | યુએસએ |
| શ્રી કસ્બા ગણપતિ મંદિર | ભારત |
| અરુલમિગુ નવશક્તિ મંદિર | સેશલ્સ |
| માત્સુચિયામા શોદેન મંદિર | જાપાન |

**ઓળખાણ પડી?** સાટોરી

**ગુજરાત મોરી મોરી રે** રેતી

**ચતુર આપો જવાબ અર્થ જણાવો** ઉકડી મોદક

**માઈન્ડ ગેમ** ધૂપાટણે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતીમા પામાની (૭) ગીતા ઉદ્દેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જયોતી ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢવીયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજારીયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) ઈનાક્ષીબેન દલાલ.

પ્રકરણ ૬૯



# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

જગમોહન હજી કરણના શબ્દોના આઘાતથી બહાર નહોતો નીકળી શક્યો.

‘મારા અને રૂપા વચ્ચે કોઈ પણ આવશે એનું હું ખૂન પણ કરી શકું છું...’ કરણના શબ્દો વારંવાર એના કાનમાં પડઘાતા હતા.

ગાયત્રી એની પાસે ઊભી હતી, ચૂપચાપ. કરણ ગુસ્સામાં બહાર નીકળી ગયો હતો.

‘ગાયત્રી, હું જ્યારે મરવા જઈ રહ્યો હતો ત્યારે મને ફક્ત કરણનો જ ચહેરો દેખાતો હતો. આજે એ જ દીકરો મને ખૂનની ધમકી આપીને ગયો છે...’

‘કાકુ, એણે તેમને ખૂન કરવાની ધમકી નથી આપી. એ ગુસ્સામાં બોલી ગયો એનું એને જ ભાન નહીં હોય. મને લાગે છે કે કાકુ, આપણે આખી વાતને ભૂલી જવી જોઈએ. ગુસ્સામાં બોલાયેલા શબ્દો જો બધા યાદ રાખે તો દુનિયામાં કોઈ સંબંધ જ ન ટકે.’

‘મેં તેને આટલાં વરસો સાથે રાખ્યો. નાનપણથી આજ સુધી એનું જતન કર્યું. અને હવે એક છોકરી માટે એ આવા શબ્દો બોલીને ગયો...’ જગમોહન એની આંખમાં ધસી આવતાં આંસુને ખાળવાની કોશિશ કરતો હતો.

‘કાકુ, એ શબ્દો બોલ્યો નથી, તમે એને બોલવા માટે ઉશ્કેર્યો છે...’

જગમોહને એક ઝાટકા સાથે ગરદન ઊંચી કરીને ગાયત્રી સામે જોયું.

‘હા, કાકુ, તમને ખરાબ લાગશે, પણ હકીકત એ છે કે તમે એને કડવાં વેણ બોલવા માટે ઉશ્કેર્યો.’ જગમોહન ચૂપચાપ ગાયત્રીની વાત સાંભળતો રહ્યો, ‘તમારે એ વખતે એને સમજાવવાની જરૂર હતી, તમે નમતું જોખત તો એ પણ ઝૂકતો આવત... તમે નાહકનો આને અહમ્‌નો મુદ્દો બનાવી દીધો છે.’

જગમોહને માથું હલાવ્યું પણ શું બોલવું એ એને સૂઝ્યું નહીં.

‘કાકુ, તમે એટલું બધું તાણ્યું કે છેલ્લે તૂટી ગયું. હોઈ શકે કે તમે બીજા ટેન્શનમાં હો અને એ કારણે તમે વધુ ગુસ્સે થઈ ગયા હો... પણ કાકુ, હું કરણનો બચાવ નથી કરતી... પણ હમણાં એનો વાંક નહોતો.’

‘ગાયત્રી, રૂપા કેવી લાગી?’ જગમોહને વિષય બદલીને પૂછી નાખ્યું.

‘દીવાન પરિવારમાં શોભે એવી નહીં.’ ગાયત્રીએ એનો અભિપ્રાય ઉચ્ચાર્યો.

જગમોહને નિરાંતનો શ્વાસ લીધો.

જો રૂપા યોગ્ય પાત્ર ન હોય તો ગમે તે ભોગે કરણને તેની સાથે પરણતાં અટકાવવો જોઈએ.

સંતાનની ભલાઈ માટે એની સામે કડક થવામાં કંઈ ખોટું નથી, જગમોહન વિચારતો હતો.

એ જ સમયે જગમોહનનો ફોન રણકી ઊઠ્યો.

‘હલ્લો...’ જગમોહન બોલ્યો.

‘મને ભૂલી નથી ગયા ને...’ સામે છેડેથી અવાજ આવ્યો.

જગમોહનની નસેનસમાં ઉત્તેજના વ્યાપી ગઈ.

હમણાં જ જેને યાદ કરતો હતો એ જ દુશ્મન એની સાથે ફોન પર વાત કરતો હતો.

‘તમે તો બહુ કાચા ખેલાડી નીકળ્યા.... મારા માણસોને તમે ઓળખી ન શક્યા? સામે છેડેની વ્યક્તિ જગમોહનના ઘરે આવેલી બે વ્યક્તિઓનો ઉલ્લેખ કરતી હતી.

‘ભ’ઈસાબ, અજાણ્યા માણસો ઘરે આવે ત્યારે જોઈ તો લેવું જોઈએ કે એણે ઘરમાં કોઈ બોમ્બ તો નથી મૂક્યોને...’

જગમોહનના પેટમાં ફાળ પડી.

આ માણસ સાચું બોલતો હશે? જો સાચે જ પેલા બે માણસો ઘરે બોમ્બ મૂકીને ગયા હોય તો?

‘શેઠ, ડરી ગયા ને? ફિકર નહીં કરો. હું તો તમને ફક્ત કહેવા માગતો હતો કે હું ધારું ત્યારે તમારા આખા કુટુંબને અહીં બેઠાં બેઠાં સાફ કરી શકું છું. પણ મારી દુશ્મની તમારી સાથે છે, તમારા પરિવારજનો સાથે નહીં...’ સામે છેડેની વ્યક્તિનો અવાજ બિલકુલ ઠંડો હતો.

‘તું શું ઇચ્છે છે મારી પાસેથી?’ જાણે હથિયાર હેઠા મૂકી દેતો હોય એ સૂરમાં જગમોહન બોલ્યો.

‘તારી પાસે ફક્ત એક જ વસ્તુ ઇચ્છું છું જગમોહન દીવાન, તારું મોત એ જ મારી કિંમત છે. એ જ મારો બદલો છે. સાચે જ, પેલી છોકરીએ તને આપઘાત કરતાં ન બચાવ્યો હોત તો મારી કેટલી મહેનત બચી જાત? ખેર, એ છોકરી સાથે તો હું પછી સમજી લઈશ. હમણાં તારી સાથેનો હિસાબ પહેલાં પતાવી દઉં...’

જગમોહનને લાગ્યું જિંદગીમાં પહેલી વાર એને ડર લાગી રહ્યો હતો. જે માણસને એના આપઘાતના પ્લાન વિશે ખબર હોય એ એના પર ચોવીસ કલાક નજર રાખી રહ્યો છે.

એ ધારે ત્યારે એને ગોળી મારી શકે છે.

એ ધારે ત્યારે એના ઘરમાં બોમ્બ મુકાવી શકે છે.

જગમોહને ગાયત્રી સામે જોયું. ગાયત્રી સમજી ગઈ હતી કે સામે બાજુની વ્યક્તિ મિત્ર તો નથી જ.

‘હું જાણું છું કે હું પૂછીશ તું કોણ છો તો મને સાચો જવાબ નથી મળવાનો. હા, મને એ જાણવાની જિજ્ઞાસા ખરી કે મારી સાથે આટલી ભયંકર દુશ્મનાવટ કોની હોઈ શકે... મેં કોની સાથે આટલો મોટો અન્યાય કર્યો છે કે એ માણસ મારા ખૂન સિવાય બીજું કંઈ નથી ઇચ્છતો...’ જગમોહન હતાશ સ્વરે બોલ્યો.

‘તું મને ઓળખી શકીશ પણ તારા મોતની ગણતરીની મિનિટો પહેલાં જ... બાકી જે માણસ હંમેશાં એ ભ્રમમાં રાચતો હોય કે એ હંમેશાં સાચું જ કરે છે એને કેવી રીતે ખબર પડે કે એણે કોને ક્યારે અન્યાય કર્યો... એની વે, આજે બહુ વાતો થઈ, હવે બીજી વાર પર્સનલ મુલાકાત થશે ત્યારે તારા ઈશ્વરને યાદ કરી લેજે.’ પેલાએ લાઇન કાપી નાખી.

જગમોહન સેલ સામે જોતો રહ્યો.

આપઘાત કરતી વખતે એને ડર નહોતો લાગ્યો.

આજે કોઈ એને મારી નાખવાની ધમકી આપતું હતું ત્યારે એના મનમાં ભય બાઝી પડ્યો હતો.

‘ગાયત્રી... ગાયત્રી, મારે નથી મરવું...’ એ અચાનક ચીસ પાડી ઊઠ્યો.

*

રાતના ડાઇનિંગ ટેબલ પર જગમોહન ચૂપ બેઠો રહ્યો હતો. બધાં એની સામે જોતાં હતાં પણ ઇચ્છા હોવા છતાં કોઈ એને પૂછતું નહોતું કે શું થયું?

ગાયત્રીને ખબર હતી કે ફોન પરની ધમકી અને કરણ સાથેની ઉગ્ર ચર્ચાને કારણે જગમોહન ઢીલો લાગતો હતો.

બીજાં બધાં એમ સમજતાં હતાં કે આગલી રાત્રે ગાયત્રીએ જે રીતે જગમોહનને ચૂપ કરી દીધો હતો એના કારણે એ હજી નારાજ હતો.

ત્યાં જ કોલબેલનો અવાજ સંભળાયો. લખુકાકા દરવાજો ખોલવા જતા હતા પણ જગમોહને એને અટકાવ્યા.

‘કાકા, તમે રહેવા દો. તમે જાઓ છો ત્યારે પોલીસને જ લેતા આવો છો. વિક્રમ તું જા ને...’

વિક્રમ ઊભો થઈને બારણું ખોલવા ગયો.

થોડી વારમાં એ દોડતો દોડતો પાછો આવ્યો - ‘પપ્પા, પપ્પા, પોલીસ...’

જગમોહન વિચારતો હતો કે દીવાન પરિવારને કોની નજર લાગી ગઈ છે કે વારંવાર પોલીસનું ઘરમાં આગમન થયા કરે છે.

જગમોહન ઊભો થઈને બહારના હોલમાં આવ્યો. બધાં એની પાછળ પાછળ આવ્યાં.

બહાર ઇન્સ્પેક્ટર પ્રમાણિક એના બે કોન્સ્ટેબલ સાથે ઊભા હતા. જગમોહનનું મોઢું બગડી ગયું. આ ઇન્સ્પેક્ટર હવે એને જોવો નહોતો ગમતો.

‘ફરમાવો ઇન્સ્પેક્ટર, અહીં કેમ આવવાનું થયું? મારા ખ્યાલ મુજબ વિક્રમે તમારી સાથે વાતચીત કરી લીધી છે.’ જગમોહને અણગમાના ભાવથી ઇન્સ્પેક્ટરના વિક્રમ સાથે થયેલા સોદાનો આડકતરો ઉલ્લેખ કરી દીધો.

‘તમારી વાત સાચી છે, મિ. દીવાન. મારે વિક્રમ દીવાન સાથે બધી વાતચીત થઈ ગઈ હતી પણ એમણે એક વાત મારાથી છુપાવી છે એટલે મારે અહીં આવવું પડ્યું.’ ઇન્સ્પેક્ટર પ્રમાણિકને જગમોહનની આવકારવાની શૈલી ગમી નહીં.

‘મેં... મેં શું છુપાવ્યું? ઇન્સ્પેક્ટર, તમે ફોનમાં મને પૂછી શકતા હતા...’ વિક્રમ તાડૂક્યો.

‘મિ. દીવાન, ફોન પર પૂછપરછ કરી શકાય, એરેસ્ટ ન કરી શકાય...’ ઇન્સ્પેક્ટર વિક્રમ સામે જોઈને બોલ્યો.


‘વ્હોટ ટુ યુ મીન, ઇન્સ્પેક્ટર? તમે કોના ઘરે ઊભા છો એનું ભાન છે?’ જગમોહનનો મૂડ આમેય ખરાબ હતો એમાં આ ઇન્સ્પેક્ટરે બળતામાં ઘી હોમ્યું.

‘યસ મિ. જગમોહન દીવાન, હું તમારા મોટા પુત્ર વિક્રમ દીવાનની શ્યામલી ચક્રવર્તી નામની એક વિધવાનું ખૂન કરવા બદલ ધરપકડ કરું છું...’ ઇન્સ્પેક્ટર પ્રમાણિક આગળ વધ્યો.

‘શું વાત કરો છો? શ્યામલી મરી ગઈ? એનો તો સવારના અકસ્માત થયો હતો...’ વિક્રમ બોલી ઊઠ્યો.

‘વિક્રમ સાહેબ, અકસ્માતમાં માણસો મરી પણ જતા હોય છે.’ ઇન્સ્પેક્ટરે કહ્યું.

‘તો... તો... એમાં મારો શું વાંક? તમે જ કહો છો કે એ અકસ્માત હતો. તમે મને એરેસ્ટ શા માટે કરવા માગો છો?’ વિક્રમે જગમોહન સામે જોયું. જગમોહન નિર્લેપભાવે તમાશો જોઈ રહ્યો હતો. આ શું ચાલી રહ્યું હતું એ એને નહોતું સમજાતું.




‘અકસ્માત ખરો, પણ માનવસર્જિત અકસ્માત. આજે બાર વાગ્યે શ્યામલી ચક્રવર્તી એક પ્રાઇવેટ કારની અડફેટમાં આવી ગઈ. મને એવી ફરિયાદ મળી છે કે આ અકસ્માત નહીં, ખૂન હતું અને આ હત્યામાં તમારી સંડોવણી હતી. આ પુરવાર કરવા માટે મારી પાસે સાક્ષી પણ છે.’

‘કોણ છે એ સાક્ષી?’ વિક્રમ ડરી ગયો હતો. ઘટનાસ્થળ પરની હાજરીનો કોઈ ફાયદો ઉઠાવી રહ્યું હતું.

‘મિ. દીવાન, એ નામ હું હાલના તબક્કે જાહેર નહીં કરી શકું. હા, પણ મામલો ખૂનનો હોવાના કારણે હું કંઈ કરી શકું તેમ નથી. તમે શ્યામલી ચક્રવર્તીને ઓળખતા હતા. એની સાથે તમારા આડા સંબંધો હતા. તમે વારંવાર એના ફ્લેટની મુલાકાત લેતા હતા. કોઈ કારણસર આ સંબંધો વણસ્યા એટલે તમે તમારા માર્ગનો કાંટો દૂર કરવાનું વિચાર્યું. લાગ મળતા જ તમે એને અકસ્માતમાં ઉડાડી મૂકી મિ. જગમોહન દીવાન, આ એક ઓપન-ઍન્ડ-શટ કેસ છે. તમે વચ્ચે નહીં પડો તો વધુ ઉચિત રહેશે...’

‘પપ્પા, પપ્પા, આ ઇન્સ્પેક્ટરે કોઈની પાસેથી લાંચ લીધી છે મને ફસાવવા માટે. તમે કમિશનરને ફોન કરો ને!’ વિક્રમના અવાજમાં કાકલૂદી હતી. થોડી પળો મોન રહીને જગમોહન બોલ્યો.

‘વિક્રમ, દીકરા, તું શ્યામલીને ઓળખતો હતો?’

‘હા...’

‘તારી એની સાથે આડા સંબંધો હતા...!’

‘...’

‘તારી ચુપકીદી એટલે કે હા...’

‘...’

‘તું શ્યામલીથી છેલ્લે છેલ્લે નારાજ હતો...’

‘પપ્પા... પપ્પા, તમે આ શું કરો છો પોલીસની સામે તમારા દીકરાને ફસાવો છો...’ વિક્રમ કડવાશથી બોલતો હતો.

‘હું તને ફસાવતો નથી દીકરા, તું નિર્દોષ હોઈશ તો દુનિયાની કોઈ કોર્ટ તને સજા નહીં આપી શકે. અને તું ગુનેગાર હોઈશ તો કોઈ કોર્ટ તને નિર્દોષ ન છોડે એવું હું ઇચ્છીશ...’ જગમોહનના અવાજમાં દૃઢ નિશ્ચયનો રણકો હતો.

‘આ તમે શું માંડ્યું છે?’ તમારા સિદ્ધાંતો તો એક વાર આખા ઘરને લઈને ડૂબશે...’ પ્રભા વચ્ચે પડે.

‘તમે છાનાંમાંના રહેજો. આ કાયદાની આંટીઘૂંટીમાં તમે કંઈ નહીં સમજી શકો...’ જગમોહને પ્રભાને બાજુમાં ખસેડી દીધી.

‘કાકુ, જો વિક્રમભાઈ ગુનેગાર હશે તો જરૂર જેલમાં જશે. પણ એ માટે હમણાં પોલીસ સ્ટેશને જવું જરૂરી ખરું? તમે કંઈ કરી નહીં શકો...’ ગાયત્રીએ વિનવણી કરી.

‘ગાયત્રી, વિક્રમે આપણી પાસેથી ૨૪ કલાકનો સમય માગ્યો હતો... કબીરે પણ કહ્યું કે આ આપણી ભૂલ હતી. જોયું ને મારી ઉદારતાનું શું પરિણામ આવ્યું!’

‘પણ પપ્પા,’ કરણ બોલ્યો, ‘વિક્રમભાઈ પોલીસ સ્ટેશને જશે તો આપણી ખાનદાનની ઇજ્જતનું શું?’

‘ગુનેગારને ઘરમાં રાખીએ તો ખાનદાનની આબરુ પર વધુ ડાઘ લાગે...’ જગમોહને જવાબ આપ્યો.

‘બસ બહુ થઈ ગયું. હવે કોઈએ મારા વતી આ માણસ સામે ઝૂકવાની જરૂર નથી.’ વિક્રમે જાણે નિર્ણય કરી લીધો હોય એટલી મક્કમતાથી બોલ્યો. ‘આ માણસ મારો પિતા ખરો પણ હમણાં એ ઉદ્યોગપતિ જગમોહન દીવાનની હેસિયતથી વાત કરે છે. કોઈએ એની સામે મારા માટે રહેમની ભીખ માગવાની જરુર નથી.’ વિક્રમ ઇન્સ્પેક્ટર તરફ આગળ વધ્યો, ‘કમ ઓન ઇન્સ્પેક્ટર, મારે ક્યાં જવાનું છે?’

‘વિક્રમ, દીકરા, તું મને ગેરસમજ નહીં કર. હું તારી પડખે જ છું.’ જગમોહન બોલ્યો, પણ કાયદાને કાયદાનું કામ કરવા દઈએ એ આપણા બધાના હિતમાં છે.

‘પ્લીઝ, મિ. જગમોહન દીવાન,’ વિક્રમના અવાજમાં છરી જેવી ધાર હતી. ‘મને બચાવવાની કોઈ જરુર નથી. હા, એક વાતની સ્પષ્ટતા કરી દેવા ઇચ્છીશ. મેં કદી કોઈનું ખૂન કર્યું નથી, શ્યામલીનું પણ નહીં, પણ જો મને એક હત્યા કરવાની છૂટ મળે તો... તો હું તમારું ખૂન કરું...!

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

### ડિપ્રેશન (વિષાદ) શું છે?

ડિપ્રેશન શક્તિહીનતાનો અનુભવ છે. ખિન્નતા, નિરાશા, ઉત્સાહશૂન્યતા આદિ લક્ષણ. તો શક્તિહીનતામાંથી ફલિત થાય છે. યોગ અને ભારતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ડિપ્રેશન એટલે જીવનશક્તિનું હડતાળ પર જવું. જીવનશક્તિ અવિરુદ્ધ થઇ જાય છે. રિસાઇ જાય છે. તેને પરિણામે વ્યક્તિ ડિપ્રેશનમાં સરી પડે છે. ડિપ્રેશન વિશેના યોગ અને ભારતીય મનોવિજ્ઞાનના આ દૃષ્ટિકોણને સમજવા માટે આપણે જીવનશક્તિવિષયક યૌગિક દૃષ્ટિને સમજવી જોઇએ અને તે માટે યોગની પંચકોશવિષયક ધારણાને સમજવી આવશ્યક છે.

સામાન્યતઃ સમગ્ર ભારતીય દર્શનમાં અને વિશેષતઃ યૌગિક દર્શનમાં આત્માનાં પાંચ શરીરનો સ્વીકાર થયેલો જોવા મળે છે. આ પાંચ શરીરને પાંચ કોશ કહેવામાં આવે છે. કોશ એટલે આવરણ કે મ્યાન. આત્માનાં પાંચ આવરણો તે જ પાંચ કોશ કે પાંચ શરીર છે.

આ પાંચ શરીર આ પ્રમાણે છેઃ

(૧) અન્નમય કોશ (૨) પ્રાણમય કોશ (૩) મનોમય કોશ (૪) વિજ્ઞાનમય કોશ (૫) આનંદમય કોશ

અન્નમય કોશને સ્થૂળ શરીર, પ્રાણમય અને મનોમય કોશને સૂક્ષ્મ શરીર, વિજ્ઞાનમય કોશને કારણ શરીર અને આનંદમય કોશને મહાકારણ શરીર પણ કહેવામાં આવે છે.

આ પાંચ કોશમાં વસનાર તેમનો અધિપતિ આત્મા છે.

આધુનિક મનોવિજ્ઞાનમાં આત્મા વિશે કોઇ વિચારણા નથી કે તેની સ્વીકૃતિ પણ નથી. આધુનિક મનોવિજ્ઞાનમાં સ્થૂળ શરીરનો સ્પષ્ટ સ્વીકાર છે, પરંતુ મનના સ્વરૂપ વિશે મનોવિજ્ઞાનના ભિન્નભિન્ન સંપ્રદાયો (schools) ભિન્નભિન્ન દર્શન રજૂ કરે છે. આધુનિક મનોવિજ્ઞાન પાસે મનના સ્વરૂપ વિશે સર્વસંમત અને સ્પષ્ટ દર્શન નથી. આધુનિક મનોવિજ્ઞાન મનનો સ્વીકાર જેવો-તેવો અને નછૂટકે કરતા હોય તેમ લાગે છે.

યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે પ્રાણમય શરીર અન્નમય શરીરથી સૂક્ષ્મ અને મનોમય શરીરથી સ્થૂળ છે અને બંનેની વચ્ચે છે. આ પ્રાણમય શરીર જ જીવનશક્તિનું કેન્દ્ર છે. પ્રાણ એટલે આત્મા નહીં, પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણ શરીર અને મનને જોડનાર કડી છે અને પ્રાણ જ શરીર અને મનને જીવનશક્તિનો પુરવઠો પૂરો પાડે છે. આપણી પરંપરામાં શક્તિમાન પુરુષને પ્રાણવાન કે મહાપ્રાણ કહેવાની પદ્ધતિ છે, તેનું કારણ પણ આ જ છે.

ડિપ્રેશન શક્તિહીનતાની અનુભવ છે. તેનો અર્થ એમ થયો કે ડિપ્રેશનનું કારણ પ્રાણમય શરીરમાં છે. મનોમય શરીરમાં અર્થાત્ મનમાં નથી. આધુનિક માનસચિકિત્સાશાસ્ત્ર ડિપ્રેશનના મૂળ કારણનું સ્થાન અને મૂળ કારણ સમજવામાં ભૂલથાપ ખાઇ ગયું છે, તેથી ડિપ્રેશનનો સચોટ ઉપાય હાથવગો બની શક્યો નથી.

મંદપ્રાણ વ્યક્તિઓમાં ડિપ્રેશન વધુ પ્રમાણમાં જોવા મળે છે અને બાહ્ય પરિબળો પ્રતિકૂળ હોવા છતાં પ્રાણવાન વ્યક્તિઓમાં



## ડિપ્રેશનની યૌગિક ચિકિત્સા

ડિપ્રેશન ભાગ્યે જ જોવા મળે છે. આમ બનવાનું કારણ એ જ છે કે પ્રાણવાન વ્યક્તિને જીવનશક્તિની ખેંચ પડતી નથી તેથી જીવનશક્તિના અભાવમાં થતો ડિપ્રેશનનો અનુભવ તેના જીવનમાં સ્થાન લઇ શક્તો નથી.

આનો અર્થ એમ નથી કે ડિપ્રેશનને મન સાથે કશો સંબંધ નથી. ડિપ્રેશનનો અનુભવ મનમાં પણ થાય છે. મનનું બંધારણ અને માનસિક ક્રિયાઓ પણ ડિપ્રેશનની પરિસ્થિતિનું નિર્માણ કરવામાં એક પરિબળ હોઇ શકે છે. આમ છતાં ડિપ્રેશનનું મૂળભૂત કારણ -શક્તિહીનતાનો અનુભવ પ્રાણમય શરીરમાં છે તેવો યૌગિક મનોવિજ્ઞાનનો નિશ્ચિત અને નિર્વિવાદ મત છે. શરીર, પ્રાણ, મન-આ ત્રણે ચેતનાની ભિન્નભિન્ન ભૂમિકાઓ છે. છતાં તે ત્રણે વચ્ચે પરસ્પર વિનિમય અને અન્યોન્ય સંબંધ પણ છે જ. તેથી ડિપ્રેશન મૂળભૂત રીતે પ્રાણમય શરીરની ઘટના છે. છતાં ડિપ્રેશનને મન સાથે કશો સંબંધ જ નથી, તેમ સમજવાનું નથી. આધુનિક મનોવિજ્ઞાનમાં શરીર અને મનની વચ્ચે તેમનાથી અતિરિક્ત પ્રાણમય શરીર નામનું એક અલગ તત્ત્વ-ચેતનાનો એક વિશિષ્ટ સ્તર છે, તેવી ઓળખ કે સ્વીકૃતિ નથી તેથી જ ડિપ્રેશનનાં મૂળ અને સ્વરૂપ સમજવામાં ભૂલ થઇ છે.

આધુનિક મનોવિજ્ઞાનમાં શરીરથી સૂક્ષ્મ જે કાંઇ છે, તેને મનમાં ગણી લેવામાં આવે છે, તેથી તેમની બંનેની વચ્ચે રહેલું પ્રાણમય શરીર દૃષ્ટિ બહાર રહી ગયું છે.

### ડિપ્રેશનમાં શું બને છે? ડિપ્રેશનની ઘટનામાં શું બને છે?

ડિપ્રેશનનાં નિમિત્તકારણો એકાધિક હોઇ શકે છે. આ કારણો શરીર, મન અને બાહ્ય પરિસ્થિતિમાં પણ હોઇ શકે છે. પરંતુ ડિપ્રેશનની ઘટનાનું ઉપાદાનકારણ પ્રાણમય શરીરમાં હોય છે. ડિપ્રેશનની ઘટના પ્રાણમય શરીરમાં બને છે. ડિપ્રેશનની ઘટના દરમિયાન પ્રાણમય શરીરમાં શું થાય છે?

આપણે જોઇ ગયા તે પ્રમાણે પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણમય શરીર શક્તિનું કેન્દ્ર છે. સ્થૂળ શરીર અને મનોમય શરીર આ બંને પ્રાણામય શરીરની બંને બાજુ અવસ્થિત છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# હટીને લખવા કરતાં લખવામાંથી હટી જા..!

હે મારી પ્રિય વાચક મંડળી, ગયા મંગળવારે મારા પ્રથમ લેખથી જેવું કોલમનું મંગળચરણ થયું ને મેં પરિવારમાં ડિકલેર કર્યું : ‘સાલા, મૈ તો લેખક બન ગયા ! ’ ત્યારે મને થયું કે આ શુભારંભથી પરિવારમાં ‘નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી’ જેવો આનંદ ચારે દિશામાં છવાઈ જશે . લોકો કદાચ મને ન આવકારે પણ મારા લેખને જરૂર આવકારશે અભિનંદન અને શુભેચ્છાના મેસેજથી મારો મોબાઈલ ફાટું ફાટું થઈ જશે . બે -ચાર લેખ પછી મારી લેખનકલાનો ચંદ્ર સોળે કળાએ નઇ પણ બત્રીસ કે ચોસઠ કળાએ ખીલી ઉઠશે એવી આશા ને અપેક્ષા બંધાઈ ત્યારે સ્મરણ ન રહ્યું કે બકા, અપેક્ષા જીવાડે છે ને ઉપેક્ષા જ વિતાડે છે. આ રોગ ક્યાં કોઈ જલ્દી મટાડે છે. અપેક્ષા ન ફળે તો દરેક જણ મોં બગાડે છે એ વાત હું જ ભૂલી ગયો કે રોજની રમત રામ રમાડે છે ને એવું જ થયું . મારા લેખક બનવાથી મારા ઘરનું વાતાવરણ હારેલી કૉંગ્રેસ જેવું થઈ ગયું . દરેક સભ્યના ચહેરા હારેલા ઉમેદવાર જેવા થઇ ગયા. અરે, ખુદના એકના એક સગ્ગા બાપુજી નામે જયંતીલાલે જ વિરોધનો શુભારંભ કર્યો . સનમાઇકા જેવી ટાલ પર ખીરું પાથરો તો રવા ઢોસોં તૈયાર થઇ જાય એવી ખોપરી ગરમ થઇ ગઈ ને સંસદમાં પપુ તીરછી નજરે મોદીને જોતો હોય એમ મને જોઈને ચિતા પર સૂતેલી લાશ પણ બેઠી થઇ જાય એવી પ્રચંડ ત્રાડ પાડીઃ

હે મૂર્ખ સુઉઉઉભાઆષ...


ડોબા,ડફોળ, ગમાર,બુદ્ધિના બળદિયા, અક્કલમઠ્ઠા ....આ તે શું મોડ્યું છે?’

‘મે?’ હું સો ગ્રામ ચમક્યો : ‘ડિયર ફાધર,વાઈફ સાથે માંડ માંડ ને માંડુ માંડુ ઘર માંડ્યુ પછી તમે મને ક્યો કંઇ માંડવા દીધું છે અને તમે ..... ’

‘અરે ચૂપ, પરિવારનું નામ બોળવા બેઠો છે? સાલું મારા બાપુ ને તારા દાદાને ગુજરી ગયાનો આઘાત હજી શમ્યો નથી ને બે જ મહિનામાં તેં લેખક બની બીજો ખતરનાક આઘાત આપ્યો છે. તને લેખક બનવાનો વિચાર આવ્યો એ પહેલા તને બ્રેન હેમરાજ કેમ ન થયું ? ’

‘લોચો બાપુ, લોચો... હેમરાજ નઇ, હેમરેજ’ અરે , મારો વિચાર ને મારી જીભ છે ગમે તે બોલું તું શબ્દ નઇ

ભાવાર્થ પકડ. માઇન્ડ વેલ, શાસ્ત્રમાં પણ લખ્યું છે કે મરીને ભૂત બનવું સારું , પણ જીવતા લેખક બનવું એ



ઈશ્વરનો શાપ છે !’ બાપુની ઉંધા લોયા જેવી ટાલ પર ઝાકળ જેવા પ્રશ્વેતબિંદુ પ્રગટ થયા.

બકા, સમાજ ભલે બહાર હોય પણ સમજ તો આપણી અંદર છે. છોડી દે બેટા, હજી મોડું નથી થયું... લેખક બનવાની જીદ છોડી દે ! આપણી સત્તરસો પેઢીમાં કોઈએ લેખક તો શું, વાચક થવાનું સાહસ નથી કર્યું ને લેખક તો સદી પહેલા ડાયનોસરની જેમ લુપ્ત થઇ ગયા ને ત્રીસ પેઢીથી તો લેખક એટલે શું ?એ વળી કઈ વાડીનો મૂળો? એ શું કરે? એનું ભાન,ધ્યાન, કે જ્ઞાન જ નથી. ને તને પાસબૂક કે પેનનું ઢોકણું જડતું નથી ને તને આ અખબારમાં ‘મોજની ખોજ ’ લખવાની ખૂજલી ક્યાંથી ઊપડી?’

બાપુ ધમણની જેમ હાંફવા લાગ્યા. ‘કઉં છું બાપુ, કઉં છું તમને નઇ કઉં તો કોને કહીશ? તમે સંત ન થાઓ તો ચાલે પણ હમણાં શાંત થઇ જાઓ નઇતર તમને જ હેમરેજ થઇ જશે. શ્રાવણમાં કથા સાંભળ્યા પછી મને થયું કે હું વેદવ્યાસનું મહાભારત કે વાલ્મીકિનું રામાયણ ન લખું, કારણકે હું કોઇની કોપી ન કરું ને આમ પણ હું રામ કે કૃષ્ણને મળ્યો નથી ને જોયા પણ નથી, ફક્ત એટલી ખબર કે એ પત્થરમાંથી ઈશ્વર બની મંદિરમાં બેઠા છે.. સોરી બેસાડ્યા છે. એથી વધુ કોઈ ગતાગમ નથી. હમણાં કવિ સુનિલ સોની બોલેલા શૂરાતન ચડે તો ફોજમાં રહેવું, વધી જાય ગરમી તો હોજમાં રહેવું,ફાવે નઇ ઘરમાં તો લોજમાં રહેવું , પણ મોજમાં તો હંમેશાં રહેવું! ’ પણ એ ‘મોજની ખોજ’ કરવા ‘મુંબઈ સમાચારે’ મને લેખક બનવાની તક આપી મારું તકદીર બદલવા માગે છે.’

‘અરે, તક ગઈ તેલ પીવા, તકદીર બદલતા કેટલી તકલીફ પડશે એનું ભાન છે?’

‘અરે બાપુ, હું એવું લખીશ કે પરિવારનો ઇતિહાસ બદલાઈ જશે ને પરિવારમાં એક દિવસ સોનાનો સૂરજ ઊગશે. ના, બકા... ઇતિહાસ કે ભૂગોળ કશું બદલવું નથી અને સોનાનો તો શું પ્લાસ્ટિકનો સૂરજ પણ નઇ ઊગે’

‘અરે, મારા લેખ તો ઈશ્વરને પણ વાચવાનું મન થશે’

‘અરે ગગા, જે ઈશ્વર આપણા ચહેરાની મજબૂરી નથી વાચતો એ તારો લેખ તંબુરામાંથી વાચશે?!’

‘તમે તો બાપુ છો કે દુશ્મન ?પ્રોત્સાહન આપવાને બદલે વિરોધ,વિરોધ ,ને વિરોધ મગજ તો મારે ચલાવવાનું છે તમારે તો પેટ્રોલ ડિઝલના ભાવની જેમ આગળ વધો એવા આશીર્વાદ આપવાના છે એમાંય કંજુસાઈ? બીજા કોઈ બાપુજી હોય, ને આશીર્વાદની સગવડ ન હોય તો ઉછીના લઈને પણ આપે, મને એમ કે લેખક બનીશ તો મારા પરિવારનું મન મોર બની થનગાટ કરશે’, પણ અહીં તો બધાનું મન કાગડો બની કકળાટ કરે છે. .તમે બાપુ તરીકે રાજીનામું આપો. મને આગળ વધવા પ્રોત્સાહન આપે એવા બાપુ શોધી લઇશ.’

‘તું દીકરા તરીકે ત્યાગ પત્ર આપી દે. અરે વહુ બેટા, સમજાવ તારા આ મૂઢમતિ પતિને !’

‘હે મારા માલવ પતિ મુંજ..’ વાઈફ પણ બાપુજી ની ગાડીમાં બેસી ગઈ :

‘કેટલીવાર કીધું કે પહેલા ઘરનો હિસાબ બરાબર લખો પછી લેખક . લગ્ન પહેલા મને ખબર ન હતી કે

લેખક બનવાનો દુર્ગુણ તમારામાં છુપાયો છે. મે તમને પતિ તરીકે સાચવ્યા ને પતિ જશો ત્યાં સુધી સાચવીશ... કેજેરીવાલના સમ,

બસ? ઇજ્જત એ લગ્ન પછીની સહિયારી મિલકત છે જે થોડી બચી છે એ જાળવો ને પાછા વળો. હજી મોડુ નથી થયું’

સોરી.. તું પણ જાણી લે મહાન લેખકની પત્ની બનવાનું દરેક સ્ત્રીના નસીબમાં નથી હોતું પણ તારું ભાગ્ય ખૂલી રહ્યું છે ને હું બધા કરતાં હટીને લખીશ કવિ નર્મદે પણ કીધું છે કે ‘ડગલું ભર્યું કે ન હટવું’ ત્યાં બાપા બરાડ્યાઃ

‘આપણે નર્મદ નથી ને નર્મદ તમારા મોટાભાઇ કે માસીના દીકરા પણ નથી. હટીને લખવા કરતાં લખવામાંથી હટી જા !’

‘મિત્રો, હવે આ લેખ લખવામાંથી હટી જાઉં છું, કારણકે મારી કોલમની જગા પૂરી...’

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

## સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# ચાલો, જાણીએ મીઠી-મીઠી ચૉકલેટના લાભ ને ઈતિહાસ



શું આપને ચૉકલેટ ભાવે છે? આવો પ્રશ્ન કોઈ કરે તેની સાથે હકારમાં માથું અવશ્ય હલે. ચૉકલેટ નામ પડતાંની સાથે જ મોઢામાં પાણી છૂટવા લાગે. ચૉકલેટ વસ્તુ જ એવી છે, જે નાના-મોટા બધાને પ્રિય હોય છે. સંબંધોમાં મીઠાશ ભરી દે છે ચૉકલેટ! ચૉકલેટનો ઈતિહાસ ઘણો જ રસપ્રદ છે. તા. ૧૩મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય ચૉકલેટ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વની પ્રથમ ચૉકલેટ કંપનીના સ્થાપક મિલ્ટન એસ હર્સીસનો જન્મદિવસ તા. ૧૩મી સપ્ટેમ્બર છે. તેથી આ દિવસને મી.હર્સીસના સન્માનમાં નેશનલ કન્ફેકશનર્સ એસોસિયેશન દ્વારા ‘ચૉકલેટ દિવસ’ તરીકે ઊજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૉકલેટ એવી વાનગી છે જેનો ઉપયોગ કોઈપણ પ્રસંગે ઝટપટ કરી શકાય છે. તેનું મુખ્ય કારણ છે કોઈપણ વયની વ્યક્તિ તેનો આનંદ માણી શકે છે.

ચૉકલેટનો ઈતિહાસ ઘણો જૂનો માનવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે ૧૬મી સદીમાં યુરોપમાં ચૉકલેટ બનાવવા માટે દૂધમાં ખાંડ તેમજ કૉકો પાઉડર ભેળવીને ખાવા માટે આપવામાં આવ્યું. જેનો સ્વાદ લોકોને પસંદ પડ્યો. ધીમે ધીમે દુનિયામાં તે ચૉકલેટ નામથી લોકપ્રિય બની. એવું પણ કહેવાય છે કે ચૉકલેટનો ઈતિહાસ ૨૫૦૦ વર્ષ જૂનો છે.

૨૦૦૦ વર્ષ પહેલાં ચૉકલેટમાં વપરાતાં કૉકો ફળની ઓળખ અમેરિકાના રેન ફોરેસ્ટમાં કરવામાં આવી હતી. થિઓબ્રામા કોકોઆ વૃક્ષના બીજથી તૈયાર કરવામાં આવે છે. તેની ખેતી મેક્સિકો, સેન્ટ્રલ અમેરિકા, દક્ષિણ અમેરિકાના ઉત્તરીય ભાગમાં મુખ્યત્વે કરવામાં આવતી. ધીમે ધીમે કોકોઆ વૃક્ષના બીજને પ્રવાહી સ્વરૂપમાં તૈયાર કરીને તેમાંથી ચૉકલેટ બનાવવામાં આવી .

શું ચૉકલેટ સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્યવર્ધક ગણાય છે ? તો જવાબ છે હા, તમિલનાડુ સ્થિત અન્નામલાઈ યુનિવર્સિટીમાંથી યોગમાં માસ્ટર્સની પદવી મેળવ્યા બાદ, આંતરરાષ્ટ્રીય યોગ એલાયન્સના ૫૦૦ કલાકની તાલીમ પૂર્ણ કરનાર ૧૦ વર્ષથી યોગ શીખવાડતાં યોગ શિક્ષક મૃણાલિની શિંદેનું કહેવું છે કે ચૉકલેટ ખાવાના અનેક લાભ છે. જેમ કે મનને પ્રસન્ન બનાવે છે. ત્વચાને ચમકદાર બનાવે છે.

ડિપ્રેશનને દૂર કરવાની સાથે હૃદયની તંદુરસ્તી માટે લાભદાયક છે. ચૉકલેટને યોગ્ય રીતે ખાવી જોઈએ. ભાવી એટલે દિવસની એક ચોકલેટ ખાઈ લીધી તેવું ના ચાલે. ડાર્ક ચૉકલેટ સ્વાસ્થ્ય માટે વધુ લાભદાયક ગણાય છે. કેમકે તેમાં ખાંડની માત્રા એકદમ ઓછી હોય છે.

**ચૉકલેટના સ્વાસ્થ્યવર્ધક ગુણોઃ**

**ઍન્ટિ-ઑક્સિડન્ટથી ભરપૂરઃ** શરીરમાં પૂરતી માત્રામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય તો કોશિકાને થતી ક્ષતિથી બચાવી શકાય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટ મુખ્યત્વે ફળ તેમજ શાકભાજીમાં જોવા મળે છે. તેના સિવાય આ ગુણો ડાર્ક -ચૉકલેટમાં હોય છે. શરીરને સ્વસ્થ રાખવા માટે ઍન્ટિ-ઓક્સિડન્ટથી સમૃદ્ધ ડાર્ક ચૉકલેટનો ઉપયોગ પ્રમાણભાન રાખીને કરી શકાય છે.

**માનસિક તાણને ઘટાડવામાં લાભકારી :** સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ માનસિક તાણનો અનુભવ કરતી જ હોય છે. આવા સંજોગોમાં ડાર્ક ચૉકલેટનો એક નાનો ટુકડો ખાઈ લેવાથી શરીરમાં એનર્જીનો સંચાર થવા લાગે છે. શરીર આનંદિત બની જાય છે. તેનું મુખ્ય કારણ છે ચૉકલેટમાં રહેલું કૈફીન. જે માનસિક તાણ પેદા કરતાં હાર્મોનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**ત્વચાને ચમકદાર રાખવામાં ગુણકારી :** ચૉકલેટ ઍન્ટિ-ઓક્સિડન્ટની ભરપૂર હોય છે. વધતી વય સાથે ત્વચા ઉપર દેખાતાં લક્ષણોને તથા કરચલીને દૂર કરવામાં મદદ કરે છે. ચૉકલેટના ગુણોને કારણે, બજારમાં વિવિધ ઉત્પાદનો સરળતાથી મળી રહે છે. જેમ કે ચૉકલેટ બાથ, ચોકલેટ ફેસિયલ તથા ચોકલેટ વૈક્સ વગેરે.

**બ્લડ પ્રેશર ઘટી જાય ત્યારે ગુણકારી :** જેમને લૉ બ્લડ પ્રેશરની ફરિયાદ રહેતી હોય તેમને માટે ચૉકલેટ અત્યંત લાભદાયક ગણાય છે. બ્લડ પ્રેશર ઘટી જવાને કારણે વ્યક્તિને ચક્કર આવવાં, આંખે અંધારા આવવાં જેવી સમસ્યામાં ચૉકલેટ ઉપયોગી બને છે.

**હૃદય સ્વસ્થ બને છે :** એક શોધ પ્રમાણે નિયમિત -ચૉકલેટ ડ્રિંકનું સેવન કરવાથી હૃદય રોગની સંભાવના ઓછી થતી જાય છે. હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ મળે છે.

**એનર્જી વધારે છે :** ડાર્ક ચૉકલેટ કૉકો બીન્સથી બનાવવામાં આવે છે. જેને કોકોઆ તરીકે ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ શરીરને શક્તિ પ્રદાન કરે છે. તેથી જ ચૉકલેટ ખાઈ લીધા બાદ શરીરમાં સ્ફૂર્તિ આવે છે.

**શરદી-ખાંસીમાં રાહત :** ડાર્ક ચૉકલેટમાં થિયોબ્રોમાઈન નામક રાસાયણિક પદાર્થ સમાયેલો હોય છે. જે શ્વસન તંત્ર સંબંધિત સમસ્યામાં પ્રભાવી રૂપે કામ કરી શકે છે. ડાર્ક ચૉકલેટમાં વિટામિન -સી તથા ફૈટી એસિડ હોય છે. જે શરદી-ખાંસીની તકલીફથી રાહત અપાવે છે. તેના સેવનથી ગળાની ખરાશમાં રાહત મળે છે.

**કેન્સરથી બચાવ માટે ગુણકારીઃ** ડાર્ક ચૉકલેટમાં ઍન્ટિ-કેન્સરના ગુણો હોય છે. વળી તેમાં ફ્લેવોનોઈડ રહેલું હોય છે. જે કેન્સરથી બચાવમાં મદદ કરે છે. શરીરમાં કેન્સરની કોશિકા વધતી રોકવામાં મદદ કરે છે.

**ચૉકલેટ શબ્દનો અર્થ :** ચૉકલેટ કૉકો વૃક્ષના બીજથી બને છે. જેને લેટિન ભાષામાં ‘થિયોબ્રામાં કાકાઓ’ ના નામથી ઓળખવામાં આવે છે. જે ગ્રીક શબ્દ ‘થિયો’ થી લેવામાં આવ્યો છે. જેનો અર્થ થાય છે ભગવાન અને ‘બ્રોસી’ જેનો અર્થ થાય છે ભોજન. તેથી શાબ્દિક સંપૂર્ણ અર્થ જોઈએ તો એમ કહી શકાય ‘ભગવાનનું ભોજન’.

બજારમાં ચૉકલેટનો ઉપયોગ કરીને કૅક, બિસ્કિટ, મીઠાઈ વગેરે મળતી જ હોય છે. ■




### આજે આપણે જાણી લઈએ ઘરે ચૉકલેટ બનાવવાની સરળ રીત

**સામગ્રી :** ૧ કપ કૉકૉઆ પાઉડર, ૧ કપ દળેલી ખાંડ, અડધો કપ મિલ્ક પાઉડર, ૨૦-૨૫ નંગ શેકેલા કાજુ બદામ. ૧ કપ માખણ. ૩-૪ ટીપાં વેનિલા ઍસેન્સ.


**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક મોટા બાઉલમાં કૉકૉઆ પાઉડરને ચાળી લેવો. ત્યારબાદ દળેલી ખાંડને ચાળી લેવી. મિલ્ક પાઉડરને ચાળી લેવો. બધું એક બાજુ રાખવું. ડબલ બોઈલરની રીતથી માખણને ગરમ કરવું. (એક પહોળી કડાઈમાં પાણી ગરમ કરવું તેની ઉપર બીજા બાઉલમાં માખણને ગોઠવીને ધીમી આંચ ઉપર પીગાળી લેવું.) હવે ધીમે ધીમે ચાળીને તૈયાર કરેલી સામગ્રી ભેળવવી. શેકેલો સૂકો મેવો ભેળવવો. વેનિલા ઍસેન્સ ઉમેરી લેવું. બરાબર હલાવ્યા બાદ ચૉકલેટ મૉલ્ડમાં ગોઠવી દેવી. ફ્રિઝમાં ૧ કલાક માટે રાખવી. હળવે હાથે બહાર કાઢીને મીઠી મીઠી ચૉકલેટનો સ્વાદ માણવો.

feedback@bombaysamachar.com

## વિશેષ

નિધી શુકલ

# ગર્ભવતી મહિલાઓ પર તોળાય છે ઝીકા વાયરસનું જોખમ



ઝીકા વાયરસ હાલમાં ફાટી નીકળતાં સૌથી વધુ જોખમ ગર્ભવતી મહિલાઓ અને તેમનાં ગર્ભ પર તોળાય છે. ડૉ. નમિતા ભામલેરાવે તેની ૧૮ મહિનાની પ્રેગ્નન્ટ મહિલાની સ્ટડીઝ કરી હતી. પૂનાના બાનેરમાં આ ગાયનૅકોલોજિસ્ટની ક્લિનીક આવેલી છે. સોનોગ્રાફીના માધ્યમથી ગર્ભમાં રહેલા બાળકના હાર્ટ, દિમાગ, હાડકા, કરોડરજ્જુ ચહેરો, કિડની અને અન્ય અવયવોના વિકાસ પર ડૉક્ટરે નજર રાખી હતી. એમાં તેમને આ વાઇરસનાં કોઈ ચિહનો નહોતાં દેખાયાં. આમ છતાં તેમણે સોનોગ્રાફરે માર્ક કરેલા ભાગમાં ફરીથી તપાસ કરી હતી અને એમાં કોઈ ચિંતા જેવું તેમને નહોતું જણાયું.

એથી ડૉક્ટરની ચેમ્બરમાં બેઠેલી ૩૭ વર્ષની એ પ્રેગ્નન્ટ મહિલાએ બાદમાં રાહતનો શ્વાસ લીધો હતો, કેમ કે ઍડિસ ઇજિપ્તી મચ્છર દ્વારા ફેલાતા આ ઝીકા વાયરસનો ચેપ તેને ત્રણ અઠવાડિયા પહેલા લાગ્યો હતો. જોકે વહેલામાં વહેલા બે અઠવાડિયામાં જ એનાં લક્ષણો દેખાવા માંડે છે. એ જ વખતે તે ડૉ. ભાલેરાવની ક્લિનીક પહોંચી ગઈ હતી. એ વિશે ડૉ. નમિતાએ કહ્યું હતું કે ‘તે મહિલા જ્યારે પહેલી વખત પ્રેગ્નન્ટ થઈ ત્યારે તેને મિસકૅરૅજ થયું હતું અને હવે બીજી વખત તેણે ઇન-વિટ્રો-ફર્ટિલાઇઝેશન (આઇવીએફ)પ્રક્રિયાથી ગર્ભ ધારણ કર્યું છે. હાલમાં તે જ્યાં રહે છે ત્યાં ઝીકા વાયરસનો ફેલાવો થયો છે અને એને કારણે તે ખૂબ ચિંતિત થઈ ગઈ હતી. તેને હલકો તાવ આવ્યો હતો સાથે જ ૧૫મા અઠવાડિયાની પ્રેગ્નન્સીમાં તેને ખંજવાળની રેશીઝ આવવા માંડી હતી. તેને એ વાતનો મનમાં ડર પેસી ગયો હતો કે ગર્ભમાં રહેલા બાળક પર અને ગર્ભ પર પણ એની માઠી અસર પડશે. તે આતુરતાથી સોનોગ્રાફીના રિપૉર્ટની રાહ જોઈ રહી હતી.’ જે વિસ્તારમાં તે મહિલા રહેતી હતી ત્યાં પૂર જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. મોટા ભાગની સોસાયટીના પાર્કિંગમાં, ઑફિસોમાં અને સાથે જ સ્મશાનભૂમિમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. એને કારણે મચ્છરોના ઉપદ્રવ માટે અનુકૂળ વાતાવરણ મળી રહ્યું હતું. એથી મચ્છરોથી પોતાને બચાવવા પણ અઘરું બની ગયું હતું. પૂનામાં ૧૧૨માંથી ૫૧ કેસ પ્રેગ્નન્ટ મહિલાઓના નોંધાયા હતાં.

### ઝીકા વાયરસ પ્રેગ્નન્ટ મહિલાઓ પર શું અસર કરે છે?

મચ્છરોના કરડવાથી ઝીકા વાઇરસની શરૂઆત થાય છે. એને કારણે ગર્ભમાં વિકસિત થતા બાળક પર એની અસર પડે છે, કેમ કે તે માતાના લોહીમાંથી ગર્ભ સુધી પહોંચે છે. એના કારણે નર્વસ સિસ્ટમને નુકસાન થાય છે, બ્રેઇનના નર્વસ ટીશ્યુ પર અસર કરે છે.

બાળકનું માથું પણ આકારમાં નાનું થઈ જાય છે. દિમાગના વિકાસને એ રૂંધે છે. સાંભળવામાં તકલીફ થાય છે, જોવામાં તકલીફ થાય છે અને સ્નાયુના હલનચલનમાં મુશ્કેલી સર્જાય છે. મહિલાને મિસકૅરૅજ થાય છે કાં તો સમય પહેલા ડિલીવરી થઈ જાય છે.

ઝીકા વાયરસના ફેલાવાના સૌથી વધુ કેસ પૂનામાં નોંધવામાં આવ્યા છે. ડૉ. નમિતાએ કહ્યું હતું કે ‘૧૮મા અઠવાડિયાના સ્કૅનથી મારા પેશન્ટના આત્મવિશ્વાસમાં વધારો થયો હતો, પરંતુ તેની હેલ્થ પર સતત નજર રાખવાની રહેશે. આ વાયરસનું જેને સંક્રમણ લાગ્યું હોય તે પ્રેગ્નન્ટ મહિલાને દર ત્રીજા અથવા ચોથા અઠવાડિયે અલ્ટ્રાસાઉન્ડ કરવાની જરૂર હોય છે. બે થી ૨૯મા અઠવાડિયા દરમ્યાન એ ઇન્ફેક્શનની અસર દેખાવા માંડે છે. તેને પૌષ્ટિક આહારની સાથે સ્વાસ્થ્યને સંબંધિત પણ સાવચેતી રાખવાની હોય છે.’

જે મહિલાઓ તેની પ્રેગ્નન્સીના પહેલા ટ્રીમેસ્ટરમાં હોય તેમને વધુ સાવધાની રાખવાની જરૂર હોય છે. પ્રેગ્નન્સી દરમ્યાન વાયરલ ઇન્ફેક્શન થતાં બાળક જન્મજાત ઝીકાનાં લક્ષણો સાથે જન્મે છે. ધ ન્યુ ઇંગ્લેન્ડ જર્નલ ઑફ મેડિસીનમાં પબ્લિશ સ્ટડી મુજબ આવાં બાળકોમાં શરૂઆતનાં ત્રણ વર્ષમાં અવસાન થવાની શકયતા અન્ય બાળકો જે આવાં લક્ષણો વગર જન્મ્યા છે એની સરખામણીએ ૧૧ ગણા વધુ હોય છે. તાજેતરમાં થયેલી સ્ટડી પ્રમાણે ગર્ભમાં ઇન્ફેક્શનની શક્યતા ૧થી ૧૩ ટકાની વચ્ચે હોય છે. જો પ્રેગ્નન્ટ મહિલા પહેલા ત્રણ મહિનામાં આ વાયરસના સંપર્કમાં આવે તો ગર્ભ પર બીજા કાં તો ત્રીજા ટ્રીમેસ્ટરમાં અસર થવાની શકયતા ઘટી જાય છે, પરંતુ હજી સુધી એના પર રિસર્ચ કરવાની બાકી છે.

### વયસ્કોમાં તો એ તાવ અલગ પ્રકારનો હોય છે

બાનેરથી ૧૦ કિલોમીટર દૂર ભંડારકર રોડ પર ડૉ. અમીત દ્રવિડની ક્લિનીક આવેલી છે. શુક્રવારના બપોરના ૩ વાગી રહ્યા છે, પરંતુ તેઓ હજી પણ પેશન્ટ્સને તપાસી રહ્યા છે. કેટલાક દર્દીઓ કર્ણાટકના બેલગામથી આવ્યા હતાં. રાહ જોતા પેશન્ટ્સનું લિસ્ટ ડૉક્ટરનાં ડેસ્ક પર છે, ડૉક્ટર લેપટોપ પર દર્દીઓના હેલ્થની હિસ્ટ્રી તપાસી રહ્યા હતા. એ જ વખતે મોટી ઉંમરની મહિલા અતિશય તાવ સાથે પ્રવેશી હતી. એ વખતે તેમની સાથે આવેલા તેમના દીકરા સુનીલે કહ્યું કે, ‘અમે માંડવીના ખડકવાસલાની નજીક આવેલા બુદ્રુક ગામમાંથી આવ્યા છીએ. તેની પીઠ અને ઘૂંટણમાં અતિશય પીડા ઊપડી છે. તેને માથામાં દુખાવો અને ભારે તાવ છે જે ઊતરી નથી રહ્યો. ગામના અન્ય લોકોને પણ તાવ છે.’

ડૉ. દ્રવિડે તેમને તપાસ્યા અને લાલ તથા પર્પલ સ્પૉટ્સ જોઈને ખાતરી થઈ કે આ ઝીકા વાયરસનો કેસ નથી. મહિલાને સાંધામાં જે પ્રકારે દુખાવો થતો હતો એના પરથી તેમને ચિકનગુનિયા હોવાનું અનુમાન ડૉક્ટરે લગાવ્યું હતું. પેશન્ટને દવાની સલાહ આપતી વેળાએ ડૉ. દ્રવિડે કહ્યું કે, ‘જો કોઈપણ દર્દીને તાવ, ઠંડી, શરીરમાં દુખાવો, આંખોમાં દર્દ અને આ ઋતુમાં ઊલ્ટીઓ આવવાની તકલીફ ઊભી થાય તો તેમણે તરત મચ્છરોથી ફેલાતા રોગની ચકાસણી કરવાની સાથે ઝીકા વાયરસ, ડૅંગ્યુ અને ચિકનગુનિયાની પણ તપાસ કરાવી લેવી જોઈએ. જોકે એના ટેસ્ટ માટે ૫ હજાર રૂપિયા ખર્ચ થતો હોવાથી અને સરકારી હૉસ્પિટલમાં એ ફ્રી ન હોવાથી કેટલાય પેશન્ટ્સ એ ટેસ્ટ નથી કરાવતાં. એથી અમે બ્લડ ટેસ્ટ્સ દ્વારા એ રોગની તપાસ કરીએ છીએ.’ ૮૦ ટકા પેશન્ટ્સમાં આ બીમારી અસિમ્પટોમેટિક છે. મોટાભાગના દર્દીઓમાં એનાં લક્ષણો હલકાં હોય છે અને કન્જક્ટિવાઇટીસની શક્યતા હોય છે. જોકે એ બાદમાં સ્થિતિ નિયંત્રણ બહાર જઈ શકે છે.

### મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ વાતાવરણ

ભારે ભીડવાળો વિસ્તાર, શહેરોમાં કન્સ્ટ્રક્શન સાઇટ્સ અને ભારે વરસાદને કારણે જમા થયેલા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ એમાં ફાટી નીકળે છે. છીછરા પાણીમાં પણ આ મચ્છરો ફૂલેફાલે છે. ■

feedback@bombaysamachar.com

## આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# આંખમાં કચરો

ગયા અઠવાડિયે આપણે આંખના ચેપનાં લક્ષણો અને એના ઉપચારની વિશે જાણકારી મેળવી.

હવે જોઈએ આંખને પજવતી કેટલીક વ્યાધિ અના ઉપચાર વિશે

**આંખમાં કચરોઃ**

આંખમાંથી કચરો દૂર કરવાની રીતઃ

૧) આંખમાં દૂધનાં ટીપાં નાખવાથી કચરો દૂધ સાથે ચોંટીને બહાર નીકળી જશે.
૨) નીચું જોઈને આંખોને વારંવાર ઝડપથી પટપટાવવી.
૩) આંખોમાં ઠંડા પાણીની છાલકો મારવી.
૪) સ્વચ્છ ભીના પાતળા કપડાથી કચરો બહાર કાઢવાનો પ્રયત્ન કરવો.
૫) આંખોમાં કચરો, ચૂનો કે આકડાનું દૂધ પડવાથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.
૬ ) આંખમાં ચૂનો કે ઍસિડ પડ્યો હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.

**સાવધાનીઃ**

૧) આંખમાં કાંઈ પણ પડ્યું હોય ત્યારે આંખોને ચોળવી નહીં.
૨ ) જો કોન્ટેક્ટ લેન્સ પહેરેલા હોય ત્યારે આંખોમાં કોઈ પણ બહારની વસ્તુ પડે તો તેને તથા કોન્ટેક લેન્સને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરતા ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.
૩.) અતિ તીવ્ર ગતિથી આંખમાં પડેલો કચરો બહુ ઊંડે સુધી ફસાઈ શકે છે તેથી તેને પોતાની રીતે કાઢવાનો પ્રયત્ન ન કરતાં ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

**આંખો ખેંચાવી ને આંખોનો દુઃખાવો**

૧) ઠંડા દૂધમાં રૂ ડુબાડીને આંખો બંધ કરીને આંખની બહાર ઘસવાથી આંખોને ખૂબ જ ઠંડક થાય છે અને આંખો ખેંચાતી બંધ થાય છે.
૨) દિવસમાં ૨ થી ૩ વાર ૧ ગ્રામ બોરિક પાઉડરવાળા હૂંફાળા પાણીમાં કપડાને નાંખી તેને નિચોવીને આંખો બંધ રાખીને ૫ મિનિટ શેક કરવાથી આંખો ખેંચાતી અને તેનો દુઃખાવો બંધ થાય છે.
૩ ) ત્રિફળા ચૂર્ણ, ઘી અને સાકર ત્રણેય ૧-૧ ચમચી ભેગા કરીને લેવા.
૪) ચોખ્ખું ઘી હથેળી ઉપર લઈ બંધ આંખ ઉપર હળવેથી ઘસવું.
૫) ચોખ્ખું મધ આંખોમાં આંજવું કે ગુલાબજળનાં ટીપાં નાખવા.

**મોતિયો આવવો...**




**લક્ષણ :**

૧) ધુમ્મસવાળા કાચમાંથી બહાર દેખતા હોઈએ તેવું ધૂંધળું દેખાય.
૨) રાત્રે દેખાવામાં વાંચવામાં કે ગાડી ચલાવવામાં મુશ્કેલી અનુભવાય.

મોતિયો આવવાનાં કારણઃ

૧) ડાયાબિટીસ, વધારે બ્લડપ્રેશર, જાડાપણું અને સિગારેટનું વ્યસન હોવાથી આ રોગ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે.
૨ ) વધુ પડતું ઠંડું, ગળ્યું કે ખાટું ખાવાની આદતથી.
૩) વધતી આયુ... ૬૫ વર્ષની ઉંમર પછી તેની સંભાવના વધી જાય છે.
૪.) અમુક લોકોને વારસાગત પણ થઈ શકે છે.

**ઉપચાર :**

૧) હળદરના ગાંઠિયાને બાફી નાખવો. ત્યાર બાદ તેને એક-બે દિવસ ખુલ્લી જગ્યામાં મૂકી સૂકવી નાખવો. રોજ સવારે અને સાંજે ગાંઠિયાને પાણી સાથે ઘસીને તેના ઘસારાના ટીપાં આંખમાં નાખવા. ૧૦ મિનિટ આંખ બંધ રાખી ૧ કલાક પછી આંખ ધોઈ નાખવી. આ પ્રયોગથી થોડા સમયમાં મોતિયા તેમજ આંખોની અન્ય બીમારીમાં રાહત થાય છે.
૨ ) તુલસીના ૨૫ પાન વાટીને ચટણી જેવું બનાવી મોળા દહીં સાથે અથવા મધ સાથે ભેગું કરીને સવારે ખાવું. આ પ્રયોગથી અમુક દિવસોમાં જ ઝામરમાં રાહત થવા લાગે છે.
૩) દિવસમાં ત્રણવાર દિવેલના ૨ ટીપાં આંખોમાં નાખવા કે દિવલના થોડા ટીપાં હૂંફાળા પાણીમાં નાખીને તે પાણી દ્વારા આંખો ધોવી. દિવેલ મોતિયાની બીમારી દૂર કરવા માટે ખૂબ જ અકસીર દવા ગણાય છે.
૪) ૧ કપ હૂંફાળા દૂધમાં, ૨ ચમચી બદામનો પાઉડર, ૧ ચમચી મધ અને થોડા કાળા મરી ભેગા કરીને રોજ પીવું.
૫) ૨-૨ ચમચી સુવા અને ધાણાનો પાઉડર અને ૧ ચમચી ખાંડ ભેગા કરીને રોજ લેવું.
૬) ચંદનને ઘસીને રોજ આંખમાં લગાવવું.

**રંતાધળાપણું**

**કારણઃ**

૧ ) વિટામિન અની કમી.
૨) ડાયાબિટીસ, ઝામર અને મોતિયા જેવી બીમારીઓથી આ રોગની શક્યતા વધી જાય છે.
૩) અમુક લોકોને જન્મજાત ખામી હોઈ શકે છે.

**ઉપચારઃ**

૧) રોજ ૧ કપ મોળા દહીંમાં ૧ ચમચી કાળા મરીનું ચૂર્ણ બરાબર ભેગું કરીને જમવું.
૨) ૨-૨ ટીપાં શ્યામતુલસીના પાનનો રસ આંખોમાં રોજ નાખવો.
૩) રોજ ૫ ગ્રામ સાકર તથા ૨ થી ૫ ગ્રામ જીરાને ૧ ચમચી ઘી સાથે ચાટવું.
૪ ) લીંડીપીપરને છાશમાં ઘસીને આંખ આંજવી.
૫ ) ધોળા મરીને દહીંમાં અથવા મધમાં ઘસીને સવાર-સાંજ આંખમાં આંજવું.
૬) પાકા ટામેટાંનો રસ સવાર-સાંજ પીવો.
૭.) ટામેટાં, બીટ, મેથીની ભાજી, ખજૂર, આંબળા, સાટોડીના પાન અને ખરખોડીના પાનનો ઉકાળો કરી પીવો.

**આંખોનું તેજ કઈ રીતે વધારી શકાય ?**

૧) ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળીને સવારે ગાળીને તે પાણી આંખોમાં છાંટવાથી આંખોનું તેજ ખૂબ જ વધે છે.
૨) સો ગ્રામ ત્રિફળા ચૂર્ણ તથા ૧૦૦ ગ્રામ વરિયાળી મેળવી સવાર-સાંજ ૧ ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દૃષ્ટિ વધે છે.
૩) આંખમાં દાડમનો રસ નાખવાથી આંખોના નંબર ઊતરે છે.
૪) લીલા ધાણાના રસના ૨-૨ ટીપાં આંખમાં નાખવાથી આંખો સારી થાય છે. ખીલ, ફૂલું અને છારી મટે છે તથા ચશ્માના નંબર ઊતરે છે.
૫) શુદ્ધ મધ અને ખાખરાના અર્કનું મિશ્રણ સરખે ભાગે લઈ, બાટલીમાં ભરી રોજ રાત્રે સૂતી વખતે ૨-૩ ટીપાં આંખમાં નાખવાથી ચશ્માના નંબર ઘટે છે.
૬) સાકરને પાણીમાં ઘસી તેને સવાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનું ફૂલું મટે છે, આંખો સ્વચ્છ થાય છે અને તેજ વધે છે.
૭ ) રોજ તાજું માખણ કે ઘી ખાવાથી આંખનું તેજ વધે છે.
૮) જાયફળને પાણીમાં ઘસી પાંપણ તથા આંખની આજુબાજુ ચોપડવાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો મટે છે અને આંખનું તેજ વધે છે.

**ખાસ સૂચના :**

અહીં આંખને પજવતી કેટલીક વ્યાધિ અને અના ઉપચાર વિશે વાત કરી છે.આમ છતાં આંખ માનવશરીરનું એક અગત્યનું અંગ હોવાથી કુશળ અને અનુભવી આંખના ચિકિત્સકની અચૂક સલાહ લેવી વધુ ઉપકારક રહેશે. ■

## સંસ્થા સમાચાર

### પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલનું ૧૨ જાન્યુઆરીના ઉદ્‌ઘાટન




કોલકાતામાં કમાણી જૈન ભવન ખાતે દેસાઈ ધર્માલયમાં બિરાજીત પૂ.શ્રી. ધીરગુરુદેવને રાયપુર ગુજરાતી સંઘના સંઘસેવક નેમુભાઈ બાટવીયા, દીપક દોશી, ધર્મેશ દેસાઈ, હિરેન વોરાએ ચાતુર્માસની આગ્રહભરી વિનંતી કરેલ. સંઘે સન્માન કરી રાયપુર સંઘની ભાવનાને બિરદાવી હતી.

રાજકોટમાં પૂ. શ્રી. ધીરગુરુદેવની નિશ્રામાં તા. ૧૨-૦૧-૨૦૨૫, રવિવારના ૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત શ્રી વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલની ઉદ્‌ઘાટન વિધિ દેશ-વિદેશના ભાવિકોની હાજરીમાં યોજાશે.

ધોરાજીમાં સ્ટેશન પ્લોટ ખાતે (ગોંડલ સંપ્રદાય) શ્રી પ્રભુલાલ મૂળજી મહેતા ઉપાશ્રય ખાતે મુંબઈના દિલીપભાઈ પારેખના માતબર દાનથી માતુશ્રી રમાલક્ષ્મીબેન ચંદુલાલ પારેખ-જૈન ભોજનાલય નામકરણ કરવામાં આવેલ છે. ગુરુદેવનો ચાતુર્માસ વિદાય સમારોહ તા. ૧૭-૧૧-૨૪, રવિવારના યોજાશે.

# બે દીકરાના મૃતદેહ તેડીને ૧૫ કિ.મી. કેમ લઈ જવા પડ્યા?: સરકારને નોટિસ

મુંબઈ: તાજેતરમાં ગઢચિરોલી - અમરાવતી જિલ્લામાં એમ્બ્યુલન્સના અભાવે પોતાના બે મૃત પુત્રોને ૧૫ કિમી સુધી પગપાળા લઈ જવા મજબૂર થયેલા એક દંપતીના ચોંકાવનારા મુદ્દે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (એનએચઆરસી)એ મહારાષ્ટ્ર સરકારને નોટિસ ફટકારી છે, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ અને અમરાવતી - ગઢચિરોલીના કલેક્ટરોને ફટકારવામાં આવેલી એનએચઆરસીની નોટિસમાં અંતરિયાળ વિસ્તારોમાં પાયાની આરોગ્ય સુવિધાઓ નથી મળતી એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. માનવ અધિકાર એક્ટિવિસ્ટ અને વકીલ રાધાકાંત ત્રિપાઠીએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં આ રજૂઆત કરવામાં આવી છે.

આ દુ:ખદ અને આઘાતજનક બાબત કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવાર દ્વારા ઉઠાવવામાં આવી હતી અને આઇએએનએસ (૫ સપ્ટેમ્બર) દ્વારા પ્રથમ વખત પ્રકાશિત કરવામાં આવી હતી. પીડિત દંપતી તેમના છ અને ત્રણ વર્ષના એમ બે પુત્રના મૃતદેહને જિમલાગટ્ટાના આરોગ્ય કેન્દ્રથી ગઢચિરોલીના પટ્ટીગાંવ ગામ સુધી ૧૫ કિલોમીટર સુધી વરસાદથી ભીંજાયેલા કાદવવાળા જંગલ વિસ્તારમાં પગપાળા લઈ ગયું હતું.

જિમલાગટ્ટા આરોગ્ય કેન્દ્રએ તાવથી પીડાતા બાળકોને 'મૃત' જાહેર કર્યા હતા અને મૃતદેહોને માતા-પિતાને સોંપી દીધા હતા. જોકે, ઘણા કલાક રાહ જોયા પછી પણ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હોવાથી દુ:ખી થઈ ગયેલા માતા-પિતાને અંતિમ સંસ્કાર કરવા માટે મૃત બાળકોને તેડીને પટ્ટીગાંવ સુધી ૧૫ કિલોમીટર સુધી ચાલવું પડ્યું હતું.

એડવોકેટ ત્રિપાઠીએ મેળઘાટ (અમરાવતી)ના દહેન્દ્રી ગામની કવિતા સકોળ નામની સગર્ભા આદિવાસી મહિલાનો અન્ય એક દાખલો ટાંક્યો હતો. આ મહિલાએ પહેલી સપ્ટેમ્બરે ઘરે મૃત બાળકને જન્મ આપ્યો હતો અને બાદમાં ભારે રક્તસ્રાવને કારણે તેનું મોત નીપજ્યું હતું કારણ કે મહિલાને પ્રસૂતિ માટે હોસ્પિટલમાં લઈ જવા માટે કોઈ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ નહોતી. વકીલ ત્રિપાઠીએ એનએચઆરસીને વિનંતી કરી છે કે બેદરકાર અધિકારીઓ સામે તાત્કાલિક કાનૂની કાર્યવાહી શરૂ કરી પીડિત પરિવારોને યોગ્ય વળતર ચુકવણીની માગ કરી સર્વ ઠેકાણે એમ્બ્યુલન્સ જેવી સગવડ ઉપલબ્ધ કરવાની રજૂઆત પણ કરી હતી. આ ઘટના શાસક મહાયુતિ સરકાર માટે શરમજનક બની છે કારણ કે ભારતીય જનતા પાર્ટીના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિદર્ભ ક્ષેત્રના આદિવાસી જિલ્લા ગઢચિરોલીના વાલી મંત્રી પણ છે. ■

## માનો યા ના માનો



# ૫૯ મિનિટમાં જ મુંબઈમાં કશે પણ પહોંચી શકાશે

### આ સ્વપ્ન હકીકત બનશે અને તેનું કારણ હશે ત્રણ લાખ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર સાત રિંગ રોડ જે શહેરને ટ્રાફિક-મુક્ત કરશે

મુંબઈ: મુંબઈને ટ્રાફિકમુક્ત કરવા માટે એમએમઆરડીએએ ૫૮,૫૧૭ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ યોજના પૂર્ણ થયા બાદ મુંબઈ ફક્ત ટ્રાફિકમાંથી મુક્ત નહીં થશે, પરંતુ સંપૂર્ણ શહેરની કાયાપલટ થઇ જશે. આ યોજના હેઠળ મુંબઈમાં ૯૦ કિલોમીટરના માર્ગ બનાવવામાં આવશે જેમાં ફ્લાયઓવર, હાઇવે અને અનેક ભૂમિગત માર્ગનો સમાવેશ થશે.

એમએમઆરડીએએ તૈયાર કરેલા યોજનાનુસાર મુંબઈ તથા ઉપનગરોમાં મળીને સાત આઉટર અને ઇનર રિંગ રોડ તૈયાર કરવામાં આવશે.

આ સાત રિંગ રોડ તૈયાર થયા બાદ મુંબઈગરાઓ ૫૯ મિનિટમાં શહેર તથા ઉપનગરમાં કોઇ પણ જગ્યાથી બીજી જગ્યાએ જઇ શકાશે. આ સિવાય મુંબઈના પૂર્વ તથા પશ્ચિમ ભાગને અનેક રસ્તાથી જોડવામાં આવશે.

ઇનર રિંગ રોડ દ્વારા મુંબઈ અને થાણેમાં ઝડપથી શહેરીકરણ થશે. આ પ્રોજેક્ટ ફક્ત રોડ સુધી સીમિત નહીં હોય, પરંતુ તેમાં મેટ્રો, નવા રોડ, બ્રિજ, ફ્લાયઓવર, ઝૂંપડપટ્ટી વિકાસ વગેરેનો સમાવેશ પણ થશે.

એમએમઆરમાં આ યોજના પાછળ અંદાજે ત્રણ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. રિંગ રોડ અને કનેક્ટિંગ રોડનો આ પ્રોજેક્ટ હાલમાં વિવિધ ટેન્ડરિંગ સ્તરે છે.

એમએમઆરડીએ, પાલિકા અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) દ્વારા આ વિશાળ યોજનાને નવો ઓપ આપવામાં આવશે જેમાં શહેરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતી વખતે રસ્તાઓ સિગ્નલ ફ્રી હશે અથવા બહુ ઓછા અવરોધો હશે.

**૧** પ્રથમ રિંગ રોડ મુંબઈ કોસ્ટલ રોડના નરિમાન પોઇન્ટથી શરૂ થશે અને બાન્દ્રા-વરલી સી-લિંક તરફ આગળ વધશે. ત્યાંથી જમણી બાજુએ વળતા શિવડી-વરલી કનેક્ટર હશે જે અટલ સેતુના દક્ષિણ ભાગને લિંક કરશે.

**૨** બીજો રિંગ રોડ મુંબઈ કોસ્ટલ રોડના નરિમાન પોઇન્ટથી શરૂ થઇને બાન્દ્રા-વરલી સી-લિંકથી ડાયરેક્ટ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે (ડબ્લ્યુઇએચ) સાથે જોડાશે જેને સાંતાક્રુઝ જંકશન સુધી વધારવામાં આવશે. ત્યાર બાદ તે માર્ગ સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ (એસસીએલઆર) દ્વારા ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેને જોડશે. ઇસ્ટર્ન ફ્રીવે પણ પ્રસ્તાવિત ઓરેન્જ ગેટ ટનલને જોડશે.

**૩** ત્રીજો રિંગ રોડ મુંબઈ કોસ્ટલ રોડના નરિમાન પોઇન્ટથી શરૂ થઇ બાન્દ્રા-વરલી સી-લિંક, બાન્દ્રા-વર્સોવા લિંક રોડ અને ત્યાર પછી જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડને કનેક્ટ કરશે. ત્યાર બાદ તેને પવઇ-કાંજુરમાર્ગ જંકશન સુધી વધારાશે જેને કારણે ઇસ્ટર્ન ફ્રીવે એક્સટેન્શનથી છેડાનગર જંકશનથી ઇસ્ટર્ન એક્સપ્રેસ ફ્રીવેને જોડશે. આ માર્ગ ફરી ઓરેન્જ ગેટ ટનલ દ્વારા કોસ્ટલ રોડને કનેક્ટ થશે.

**૪** કોસ્ટલ રોડથી વર્સોવા લિંક રોડ આવ્યા બાદ પ્રવાસીઓ વર્સોવા-દહિસર લિંક રોડથી જોડાઇ શકશે અને જમણી બાજુએ વળતા ગોરેગામ-મુલુંડ લિંક રોડથી ઐરોલી જંકશન સુધી પહોંચી શકાશે.

**૫** વર્સોવા-દહિસર લિંક રોડ પહોંચ્યા બાદ મીરા-ભાયંદર અને ત્યાંથી ભાયંદર ફાઉન્ટેન હોટેલ કનેક્ટર દ્વારા થાણેના ઘોડબંદર રોડ સુધી પહોંચી શકાશે. ત્યાંથી થાણે કોસ્ટલ રોડના ઘોડબંદર-ગાયમુખ ટનલ દ્વારા ગાયમુખ પહોંચાશે. ત્યાંથી આનંદ નગર-સાકેત ફ્લાયઓવર પહોંચવું સરળ રહેશે.

**૬** મીરા-ભાયંદર લિંક રોડ અને ઉત્તમ લિંક રોડ પહોંચ્યા બાદ તે માર્ગ અલિબાગ-વિરાર કોરિડોરને લિંક કરશે અને ત્યાંશી આનંદનગર-સાકેત ફ્લાયઓવર તરફ થાણે કોસ્ટલ રોડ દ્વારા જઇ શકાશે. પ્રવાસીઓ ત્યાર બાદ ઇસ્ટર્ન ફ્રીવેના આનંદ નગર એક્સટેન્શન અને છેડાનગર સુધી પહોંચી શકશે.

**૭** છેવટે વિરાર-અલિબાગ મલ્ટિ-મોડલ કોરિડોરને જોડાઇને જેએનપીટી (એનએચ-૩૪૮) દ્વારા એમટીએચએલ અટલ સેતુને જોડાશે. ત્યાર બાદ આ માર્ગ ડાઇરેક્ટ ઇસ્ટર્ન ફ્રીવે દ્વારા ઓરેન્જ ગેટ ટનલને જોડાઇને કોસ્ટલ રોડના નરિમાન પોઇન્ટ સુધી જશે.

**'મિનિટોમાં મુંબઈ'**

એમએમઆરડીએના કમિશનર સંજય મુખરજીએ કહ્યું હતું કે આ પ્રકલ્પ દ્વારા મુંબઈગરાઓનો પ્રવાસનો સમય ઓછો થશે. લોકો એક કલાકની અંદર એક છેડેથી બીજા છેડે પહોંચી શકશે. અમે આ યોજનાને 'મિનિટોમાં મુંબઈ' કહીએ છીએ જેનો અર્થ મુંબઈગરાઓને ક્યાંય પણ પહોંચવા માટે ૫૯ મિનિટથી વધુ લાગશે નહીં. ■

# ભૂતપૂર્વ સાંસદનો બદનક્ષીનો દાવો: ઉદ્ધવ-રાઉતની અરજી ફગાવાઈ

મુંબઈ: મુંબઈની એક વિશેષ અદાલતે સોમવારે શિવસેના (યુબીટી)ના નેતાઓ ઉદ્ધવ ઠાકરે અને સંજય રાઉત દ્વારા મેજિસ્ટ્રેટના આદેશ વિરુદ્ધની સંયુક્ત અરજીનો નિકાલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે લોકસભાના ભૂતપૂર્વ સંસદસભ્ય રાહુલ શેવાળે દ્વારા દાખલ કરવામાં આવેલી બદનક્ષીના કેસમાંથી મુક્ત કરવાનો મેજિસ્ટ્રેટની કોર્ટે ઈનકાર કર્યો હતો. બંનેની સંયુક્ત રીતે દાખલ કરવામાં આવેલી રિવિઝન અરજીને નકારી કાઢતાં સંસદસભ્યો અને વિધાનસભ્યો વિશેના કેસના વિશેષ ન્યાયમૂર્તિ એ. યુ. કદમે એવો નિર્દેશ આપ્યો હતો કે આ કેસને મેજિસ્ટ્રેટની કોર્ટમાં સુનાવણી માટે મોકલી આપવામાં આવે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના નેતા રાહુલ શેવાળેએ ઠાકરે અને રાઉત સામે બદનક્ષીના ગુના હેઠળ કાર્યવાહી માટે ખટલો દાખલ કર્યો છે.

સામનાના મરાઠી અને હિન્દી અખબારોમાં ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨માં છપાયેલા અહેવાલમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા હતા તે પાકિસ્તાનના કરાચીમાં હોટેલ અને રિયલ એસ્ટેટ વ્યવસાય છે. ગયા વર્ષના જાન્યુઆરી મહિનામાં દાખલ કરવામાં આવેલી બદનક્ષી પિટિશનમાં જણાવવામાં આવ્યું હતું કે આ લેખ ઉપજાવી કાઢેલો અને કોઈપણ તથ્ય વગરનો છે. બીજી તરફ ઠાકરે અને રાઉતે નિર્દોષ હોવાનો દાવો કરીને કેસમાંથી મુક્ત કરવાની અરજી કરી હતી. મેજિસ્ટ્રેટે તેમની અરજી ફગાવી દીધી હતી. ■

# સ્કાયવોક માટે કાંદિવલી પ્લેટફોર્મ ચારના પુલનો એક દાદર તોડી પડાશે

મુંબઈ: અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી-૩એ) હેઠળ ચાલી રહેલા સ્ટેશન સુધારણાની પહેલના ભાગરૂપે કાંદિવલી સ્ટેશન પર નોંધપાત્ર ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

પશ્ચિમ રેલવેએ પ્લેટફોર્મ નંબર ૪ પર આવેલા ફૂટ ઓવરબ્રિજ (એફઓબી)ના દક્ષિણ છેડે હાલનો દાદરો તોડી પાડવાની જાહેરાત કરી છે. મુસાફરોની સગવડ અને સ્ટેશનની સુવિધાઓ વધારવાના હેતુથી નવા સ્કાયવોકના નિર્માણની સુવિધા માટે પહેલી ઓક્ટોબર, ૨૦૨૪થી ફેરફાર અમલમાં આવશે.

મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન દ્વારા થઈ રહેલા આ ફેરફારને પગલે મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે અને સ્ટેશન પર એકંદર સલામતીમાં સુધારો થશે તેવી અપેક્ષા છે. જકે, દાદરો તોડી નાખવાથી મુસાફરોને કામચલાઉ અગવડ પડી શકે છે. ■

## દેશ વિદેશ

# ભારતની વિકાસ યાત્રાનો હિસ્સો બનો: પીએમ મોદીની ગ્લોબલ ટેકના સીઈઓને અપીલ




રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ: ન્યૂ યૉર્કમાં સોમવારે એમઆઈટી સ્કૂલ ઑફ ઍન્જિનિયરિંગ ટેકના સીઈઓ સાથેની બેઠક દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

ન્યૂ યોર્ક: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની મોટી ટેક્નોલોજી કંપનીઓના સીઈઓને ભારતના ઝડપી આર્થિક વિકાસ દ્વારા પ્રસ્તુત તકોનો લાભ લેવા અપીલ કરી છે. રવિવારે ન્યૂ યોર્કમાં ટોચના અધિકારીઓ સાથેની ગોળમેજી ચર્ચા દરમિયાન મોદીએ ઓફિસમાં તેમના ત્રીજા કાર્યકાળ દરમિયાન વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ભારતની મહત્ત્વાકાંક્ષા પર ભાર મૂક્યો હતો.

આશરે યુએસ ડોલર ૩.૯ ટ્રિલિયનની જીડીપી સાથે ભારત સતત ત્રણ વર્ષથી ૭ ટકાથી વધુ વૃદ્ધિ નોંધાવીને સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંનું એક બન્યું છે અને હાલમાં પાંચમા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. મોદીએ પુનઃપુષ્ટિ કરી હતી કે ભારત ૨૦૨૯ સુધીમાં જર્મની અને જાપાનને પાછળ છોડવાનું લક્ષ્ય રાખીને તેની વૃદ્ધિની ગતિ ચાલુ રાખશે.

ભારત મારા ત્રીજા કાર્યકાળમાં (૨૦૨૪-૨૯) વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના તમામ પ્રયાસો કરશે, એમ મોદીએ સીઈઓને સંબોધિત કરતા કહ્યું હતું.

વડા પ્રધાને વ્યાપારી નેતાઓને ભારતમાં સહ-વિકાસ, સહ-ડિઝાઇનિંગ અને સહ-ઉત્પાદન કરીને ભારત સાથે સહયોગ કરવા આમંત્રણ આપ્યું હતું, જેમાં ભારતની તક્નિકી નવીનતાના હબ તરીકેની સંભાવનાને ઉજાગર કરી હતી. મોદીએ બૌદ્ધિક સંપદા અધિકારોનું રક્ષણ કરવા અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મેન્યુફેક્ચરિંગ અને સેમી-કન્ડક્ટર્સમાં ટેક્નોલોજી ઈનોવેશન માટે મજબૂત ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ભારતની ઊંડી પ્રતિબદ્ધતા અંગે સીઈઓને ખાતરી આપી હતી.

મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કંપનીઓએ વિશ્વ માટે ભારતમાં સહ-વિકાસ, સહ-ડિઝાઇનિંગ અને સહ-ઉત્પાદન દ્વારા સહયોગ અને નવીનતા માટે ભારતની વિકાસ યાત્રાનો લાભ લેવો જોઈએ.

લોટ્ટે ન્યૂ યોર્ક પેલેસ હોટેલમાં આયોજિત ગોળમેજી પરિષદમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સેમી-કન્ડક્ટર્સ સહિતની અત્યાધુનિક તક્નિકોમાં વિશેષતા ધરાવતી ૧૫ મોટી યુએસ-સ્થિત કંપનીઓના સીઇઓ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, અડોબના સીઈઓ શાંતનુ નારાયણ, એક્સેન્ચ્યુરના સીઈઓ જુલી સ્વીટ અને એવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ અન્ય લોકોનો સમાવેશ થાય છે.

ન્યુ યોર્કમાં ટેક સીઈઓ સાથે ફળદાયી રાઉન્ડ ટેબલ હતી, જેમાં ટેક્નોલોજી, નવીનતા અને સંબંધિત પાસાઓની ચર્ચા કરી હતી. આ ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિને પણ ઉજાગર કરી હતી. મને ભારત પ્રત્યે અપાર આશાવાદ જોઈને આનંદ થાય છે, મોદીએ ઘટના બાદ એક્સ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

તેમણે ભારતની બાયો ઈ-થ્રી નીતિને પણ પ્રકાશિત કરી, જેનો ઉદ્દેશ્ય ભારતને બાયોટેકનોલોજીના પાવરહાઉસમાં ફેરવવાનો છે, અને નૈતિક અને જવાબદાર ઉપયોગ પર ભાર મુકીને, બધા માટે એઆઈને પ્રોત્સાહન આપવાની દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

સીઈઓએ પણ તેમને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો, ભારતના સાનુકૂળ વ્યાપારી વાતાવરણની પ્રશંસા કરી અને દેશમાં ખાસ કરીને તેના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં તેમના રોકાણને વિસ્તારવામાં મજબૂત રસ દર્શાવ્યો. તેઓએ ભારત સરકારની નવીનતા-મૈત્રીપૂર્ણ નીતિઓ અને બજારની વધતી સંભાવનાઓને સ્વીકારી હતી. (પીટીઆઈ) ■

# સંસદમાં તમારો અવાજ બનીશ: રાહુલ ગાંધીનું જમ્મુ-કાશ્મીરના લોકોને વચન

શ્રીનગર: લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સોમવારે જમ્મુ-કાશ્મીરના લોકોનો અવાજ સંસદમાં બનવાનું વચન આપ્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર કૉંગ્રેસ દબાણ લાવશે.

જ્યારે તમને મારી જરૂર હોય ત્યારે તમારે મને ફક્ત એક આદેશ આપવાનો રહેશે અને હું તમારી સમક્ષ હાજર થઈ જઈશ. હું તમારા મુદ્દાઓ સંસદમાં ઉઠાવીશ. તમારી સાથેના મારા વિશેષ સંબંધો વિશે તમે જાણો છો. મારે તેનો ઉલ્લેખ કરવાની પણ આવશ્યકતા નથી, એમ રાહુલ ગાંધીએ શ્રીનગરની ભાગોળે આવેલા ઝૈનાકોટમાં ચૂંટણી સભાને સંબોધતાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરના લોકોનો સૌથી મોટો મુદ્દો સંપૂર્ણ રાજ્યના દરજ્જાની બહાલી છે અને અમે વચન આપીએ છીએ કે તે થઈને રહેશે. જો ભાજપ તમને (ચૂંટણી પછી) નહીં આપે તો અમે સુનિશ્ચિત કરીશું કે તેમને આપવું પડે. જમ્મુ-કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશના સ્તરે નીચે ઉતારવું એ અહીંના લોકો સાથે અન્યાય છે. જમ્મુ-કાશ્મીરના દરજ્જાને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ઘટાડીને તમારા લોકશાહી અધિકારોનું હનન કરવામાં આવ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

રેલીના સ્થળથી અત્યંત નજીક આવેલી અને અત્યારે બંધ પડેલી એચએમટી ઘડિયાળની ફેક્ટરીનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભાજપે આખા દેશમાં આવી અનેક કંપનીઓ બંધ કરાવી દીધી છે.

તેમણે એવો આક્ષેપ લગાવ્યો હતો કે મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં ફક્ત દેશના ૨૫ ઉદ્યોગપતિઓને ફાયદો થયો છે જ્યારે સામાન્ય લોકોની અવગણના કરવામાં આવી છે. ૨૫ લોકો માટે તેમણે રૂ. ૧૬ લાખ કરોડની લોન માફ કરી જ્યારે તેઓ ગરીબો, ખેડૂતો, શ્રમિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓની લોન માફી કરતા નથી. (પીટીઆઈ) ■

# કૉંગ્રેસ દલિત-વિરોધી પાર્ટી, કુમારી શૈલજાનું અપમાન કર્યું હતું: અમિત શાહ

ચંડીગઢ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે કૉંગ્રેસની અત્યંત આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યું હતું કે કૉંગ્રેસ દલિત-વિરોધી પાર્ટી છે અને તેમણે કુમારી શૈલજા અને અશોક તંવર જેવા દલિત નેતાઓનું અપમાન કર્યું હતું.

અમિત શાહે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની પણ અનામતના મુદ્દે કરવામાં આવેલા નિવેદન બાબતે ઝાટકણી કાઢી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે દેશમાં અનામતનું રક્ષણ કોઈ કરી શકે છે તો તે ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદી છે.

પાંચમી ઑક્ટોબરે થનારી હરિયાણા વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે તોહાના ખાતે આયોજિત રેલીમાં તેઓ બોલી રહ્યા હતા. કૉંગ્રેસ દલિત-વિરોધી પાર્ટી છે. તેમણે કાયમ દલિત નેતાઓનું અપમાન કર્યું છે. પછી તે અશોક તંવર હોય કે બહેન કુમારી શૈલજા. કૉંગ્રેસે બધાનું અપમાન કર્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપ કૉંગ્રેસ પર કુમારી શૈલજા ચૂંટણીના પ્રચારથી દૂર રહ્યા છે તે મુદ્દે સતત લક્ષ્ય બનાવી રહ્યા છે.

તાજેતરમાં કેન્દ્રીય પ્રધાન મનોહર લાલ ખટ્ટરે શૈલજાને ભાજપમાં જોડાવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

રાહુલ ગાંધીની અમેરિકાની ટિપ્પણી પર બોલતાં અમિત શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધીએ અમેરિકામાં એવું નિવેદન કર્યું હતું કે વિકાસ પછી અનામતની કોઈ આવશ્યકતા નથી. તેઓ વિકાસ થયા પછી અનામત કાઢી નાખશે.

અમારું હરિયાણા સંપૂર્ણ રીતે વિકસિત રાજ્ય છે. તમને અનામત જોઈએ છે કે નહી? એમ શાહે હાજર લોકોને સવાલ કર્યો હતો.

જો કોઈ દલિતો અને ઓબીસીના આરક્ષણને બચાવી શકે છે તો તે ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદી છે, એમ તેમણે કહ્યું હતું. અગાઉની કૉંગ્રેસની સરકારની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે ભાજપ સત્તામાં આવી તે પહેલાં સરકારી નોકરીઓ ખર્ચી (લાંચ) અથવા પર્ચી (લાગવગ) વગર આપવામાં આવતી નહોતી. ભાજપની સરકારે જ નોકરીઓ પારદર્શક પદ્ધતિએ આપી હતી. (પીટીઆઈ) ■

# પૂર્વ ઇરાનમાં કોલસાની ખાણમાં વિસ્ફોટનો મૃત્યુઆંક ૩૮

તેહરાન: ઇરાનની રાજધાની તેહરાનથી લગભગ ૫૪૦ કિમી દક્ષિણપૂર્વમાં સ્થિત તબાસમાં કોલસાની ખાણમાં શનિવારે મોડી રાત્રે મિથેન લીક થવાથી વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને ૩૮ થવા પામ્યો છે. જ્યારે હજુ પણ ૧૪ ખાણિયા ગુમ છે, જે ભૂગર્ભમાં ફસાયેલા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ઇરાનની સરકારી આઇઆરએનએ સમાચાર એજન્સીએ સોમવારે વિસ્ફોટમાં મૃત્યુ પામનારાઓના નવા આંકડા સાથે ગુમ થયેલા લોકોની સંખ્યાની પણ જાણકારી આપી હતી. ઇરાનના રાજ્ય ટેલિવિઝન દ્વારા લેવાયેલા બચી ગયેલા લોકોના ઇન્ટરવ્યુમાં વિસ્ફોટ પછીના અરાજક દ્રશ્યોનું વર્ણન કરવામાં આવ્યું હતું. ■



**પૂરપ્રકોપ:** જાપાનના નોટો દ્વિપ વિસ્તારમાં ભારે વરસાદ બાદ સૂઝૂમાં રવિવારે નદીનું જળસ્તર વધતાં એક ઘર ઢળી પડ્યું હતું. (એજન્સી)

# ચેસ ઑલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ બાદ ગુકેશ અને સાથી ખેલાડીઓએ ટીમ સ્પિરિટ પર મૂક્યો ભાર



નવી દિલ્હીઃ ચેસ ઑલિમ્પિયાડમાં પ્રથમ ગોલ્ડ મેડલ પાંચ સભ્યની ભારતીય પુરુષ ટીમના સભ્યો માટે અલગ અલગ મહત્ત્વ ધરાવે છે. ભારતીય ટીમનું નેતૃત્વ સૌથી યુવા ચેલેન્જર ડી ગુકેશ દ્વારા કરવામાં આવ્યું હતું. નવેમ્બરમાં ચીનના ડીંગ લિરેન સામેની તેની વર્લ્ડ ચેમ્પિયનશિપની ટક્કર પહેલા ગુકેશે તાજેતરમાં પૂર્ણ થયેલા ૪૫મા ઑલિમ્પિયાડમાં અત્યાર સુધીનું તેનું શ્રેષ્ઠ વ્યક્તિગત પ્રદર્શન કર્યું હતું. સ્લોવેનિયાના વ્લાદિમીર ફેડોસીવ સામે તેની અંતિમ રાઉન્ડની મેચ જીત્યા બાદ ગુકેશે કહ્યું હતું કે ''હું અત્યારે ખૂબ જ ખુશ છું, ટોપ બોર્ડ પર ગુકેશનું પ્રદર્શન ભારત માટે શાનદાર રહ્યું હતું. તેણે ૧૦ ગેમમાં નવ પોઈન્ટ બનાવ્યા અને આ સમયગાળા દરમિયાન આઠ જીત અને બે ડ્રો રમ્યા હતા.

આ શાનદાર પ્રદર્શનથી ટીમને ગોલ્ડ મેડલ જીતવામાં મદદ મળી, કારણ કે ભારતે સંભવિત ૨૨માંથી ૨૧ પોઈન્ટ મેળવ્યા. ટીમે ૧૦ મેચ જીતી હતી અને અગાઉના ઑલિમ્પિયાડ વિજેતા ઉઝબેકિસ્તાન સામે માત્ર એક મેચ ડ્રો રહી હતી. ગુકેશે પત્રકાર પરિષદમાં કહ્યું, ''તે ટીમ માટે અને વ્યક્તિગત રીતે મારા માટે એક મહાન અનુભવ હતો. તે એક સ્વપ્ન જેવું હતું.

ભારતની મહિલા ટીમે પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. પુરુષ ટીમની સફળતામાં અર્જુન એરિગેસીનું યોગદાન પણ મહત્ત્વનું હતું, જેણે આ સ્પર્ધામાં તમામ ૧૧ રમતો રમીને ૧૦ પોઈન્ટ મેળવ્યા હતા. હવે તે લાઈવ વર્લ્ડ રેન્કિંગમાં નોર્વેના મેગ્નસ કાર્લસન અને અમેરિકાના હિકારુ નાકામુરા પછી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ■

## ભારતને ગોલ્ડ મેડલ અપાવવા માટે કાંઈ પણ કરવા તૈયાર હતોઃ ગુકેશ

બુડાપેસ્ટઃ વિશ્વ ચેમ્પિયનશિપ ચેલેન્જર ડી ગુકેશે રવિવારે કહ્યું કે તે પોતાની વ્યક્તિગત સિદ્ધિઓ વિશે વિચારતો નથી અને છેલ્લી વખત ચૂકી ગયા બાદ આ વખતે ચેસ ઓલિમ્પિયાડમાં ભારતનો પહેલો ગોલ્ડ મેડલ મેળવવા માટે કંઈક પણ કરવા તૈયાર હતો.

ગુકેશે ભારતની ઐતિહાસિક જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ભારતીય પુરુષ ટીમે અંતિમ રાઉન્ડમાં સ્લોવેનિયાને ૩.૫-૦.૫ થી હરાવીને પ્રતિષ્ઠિત સ્પર્ધામાં તેનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમે પણ શાનદાર પ્રદર્શન કર્યું અને આ સ્પર્ધામાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો હતો. ગ્રાન્ડમાસ્ટર ગુકેશે વિશ્વની સર્વોચ્ચ ચેસ સંસ્થા એફઆઇડીઇને કહ્યું હતું કે , ''હું ખૂબ સારું અનુભવું છું. ખાસ કરીને જ્યારે અમે એક ટીમ તરીકે સારું રમ્યા અને શાનદાર પ્રદર્શન કર્યું. ભૂતકાળમાં અમને કેટલીક નજીકની હારનો સામનો કરવો પડ્યો હતો પરંતુ આ વખતે અમે જીતવામાં સફળ રહ્યા. ■

# ૨૦ વર્ષમાં પ્રથમવાર ચેસ ઓલિમ્પિયાડ જીતવાથી ખુશ છુંઃ હરિકા



નવી દિલ્હીઃ અનુભવી ડી હરિકાને પ્રતિષ્ઠિત ચેસ ઓલિમ્પિયાડ ટાઇટલ જીતવાનું સ્વપ્ન સાકાર કરવા માટે લાંબી રાહ જોવી પડી હતી પરંતુ બુડાપેસ્ટમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન ન કરવા છતાં તે ટાઇટલ જીતવાથી ખુશ છે. ભારતે રવિવારે ચેસ ઓલિમ્પિયાડમાં ઈતિહાસ રચ્યો હતો. ભારતની પુરુષ અને મહિલા ટીમોએ અનુક્રમે સ્લોવેનિયા અને અઝરબૈજાનને અંતિમ રાઉન્ડની મેચોમાં હરાવીને બંને કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. અઝરબૈજાન સામે મહિલા ટીમ માટે ૩૩ વર્ષીય હરિકા ફોર્મમાં પરત ફરી અને જીત નોંધાવી હતી. જ્યારે ૧૮ વર્ષીય દિવ્યા દેશમુખે પણ ત્રીજા બોર્ડ પર ગોવર બાયદુલ્યાયેવાને હરાવીને પોતાનો વ્યક્તિગત ગોલ્ડ મેડલ નિશ્ચિત કર્યો હતો.

હરિકાએ કહ્યું હતું કે , દેખીતી રીતે આ લોકો (સાથીઓ) કરતાં મારા માટે આ વધુ ભાવનાત્મક ક્ષણ છે. હું લગભગ ૨૦ વર્ષથી રમી રહી છું પરંતુ આ પહેલીવાર છે જ્યારે મને ગોલ્ડ મેડલ જીતવાની તક મળી છે. તેણે કહ્યું, હું આ ખેલાડીઓ પર ખૂબ જ ખુશ અને ગર્વ અનુભવું છું. યુવા ખેલાડીઓએ ટીમ માટે ખૂબ સારું પ્રદર્શન કર્યું છે.

તેણીએ કહ્યું, કદાચ મારું પ્રદર્શન સંતોષકારક ન હતું પરંતુ ટીમના ગોલ્ડ મેડલથી હું બધું ભૂલી શકી હતી. હું ખુશ છું કે અમે નિરાશાને પાછળ છોડીને મજબૂત વાપસી કરી શક્યા.''ભારતીય મહિલા ટીમના આ અભિયાનમાં દિવ્યાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. તાજેતરમાં ગાંધીનગરમાં વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપમાં ગર્લ્સ કેટેગરીમાં વિજેતા બનેલી આ ખેલાડીએ ટીમ માટે સૌથી વધુ મેચ જીતી હતી.

દિવ્યાએ કહ્યું હતું કે, તે ખૂબ જ સારી શરૂઆત કરી, પરંતુ અમને મધ્યમાં થોડી સફળતા મળી અને મેં અને મારી ટીમે જે રીતે તેને સ્થિતિને સંભાળી તેના પર મને ગર્વ છે. અમે નિશ્ચય સાથે સ્પર્ધા કરી અને અંતે અમે ગોલ્ડ મેડલ સાથે અહીં આવ્યા છીએ. જ્યારે દિવ્યાને આ ઓલિમ્પિયાડની તમામ ૧૧ મેચો રમવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું,'' આ કરો યા મરોની સ્થિતિ હતી, તમારે દેશ માટે બધું જ આપવું પડશે.''દિવ્યા ત્રીજા બોર્ડ પર ૧૧માંથી ૯.૫ પોઈન્ટ

# શ્રીલંકાની ન્યૂઝીલેન્ડ સામે પ્રથમ ટેસ્ટમાં જીત, પ્રભાત જયસૂર્યાએ મચાવ્યો તરખાટ




ગાલેઃ શ્રીલંકાએ પ્રથમ ટેસ્ટ મેચમાં ન્યૂઝીલેન્ડને ૬૩ રને હરાવ્યું હતું. શ્રીલંકા માટે ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યા આ મેચમાં સ્ટાર બનીને ઊભરી આવ્યો હતો. તેણે બીજી ઇનિંગમાં પાંચ વિકેટ ઝડપી અને યજમાન ટીમને રોમાંચક જીત તરફ દોરી હતી. ન્યૂઝીલેન્ડ માટે રચિન રવિન્દ્રએ લડાયક ઇનિંગ્સ રમી અને ટીમને લક્ષ્ય સુધી લઈ જવાનો પૂરો પ્રયાસ કર્યો પરંતુ પ્રભાતે તેને આઉટ કરીને ન્યૂઝીલેન્ડની છેલ્લી આશા તોડી નાખી હતી.

શ્રીલંકાએ ન્યૂઝીલેન્ડને ૨૭૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ચોથા દિવસની રમતના અંત સુધીમાં ન્યૂઝીલેન્ડે આઠ વિકેટે ૨૦૭ રન કરી લીધા હતા અને મેચ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ હતી. સોમવારે પ્રથમ ટેસ્ટના અંતિમ દિવસે ન્યૂઝીલેન્ડને જીતવા માટે ૬૮ રન કરવાની જરૂર હતી જ્યારે શ્રીલંકાની ટીમને બે વિકેટ લેવાની જરૂર હતી. જોકે, ન્યૂઝીલેન્ડની ટીમ લક્ષ્યાંક હાંસલ કરી શકી ન હતી અને તેનો બીજો દાવ ૨૧૧ રનમાં સમેટાઈ ગયો હતો. ન્યૂઝીલેન્ડે શ્રીલંકા સામે પ્રથમ દાવમાં ૩૫ રનની લીડ મેળવી હતી તેમ છતાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

લક્ષ્યનો પીછો કરતી વખતે ન્યૂઝીલેન્ડ તરફથી માત્ર રચિન જ શ્રીલંકાના બોલરોનો હિંમતપૂર્વક સામનો કરી શક્યો. રચિને સોમવારે ૯૧ રન સાથે પોતાની ઇનિંગ્સ ચાલુ રાખી હતી પરંતુ તે માત્ર એક વધુ રન કરી શક્યો હતો. રચિનને પ્રભાતે આઉટ કર્યો અને ન્યૂઝીલેન્ડની છેલ્લી આશા તૂટી ગઈ હતી.

રચિને ૧૬૮ બોલમાં ૯૨ રનની ઈનિંગમાં નવ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. રચિન પાસે આ મેદાન પર સદી ફટકારનાર પ્રથમ કિવી બેટ્સમેન બનવાની તક હતી પરંતુ પ્રભાતે તેની શાનદાર ઇનિંગ્સનો અંત કર્યો હતો. રચિન સદી ચૂકી ગયો હતો. તે પોતાની ટીમને જીત અપાવી શક્યો નહોતો. રચિનના આઉટ થયા પછી પ્રભાતે ખાતું ખોલાવ્યા વિના વિલિયમ ઓ'રર્કેને આઉટ કરીને ટીમને જીત તરફ દોરી અને ટેસ્ટ મેચની એક ઇનિંગમાં પાંચ વિકેટ પણ પૂરી કરી હતી. ■

# ભારતની અંડર-૧૯ ટીમે ઓસ્ટ્રેલિયાને બીજી વન-ડેમાં નવ વિકેટથી હરાવ્યું, સાહિલની સદી



પુડુચેરીઃ ઓપનર સાહિલ પરખની આક્રમક અણનમ સદીની મદદથી ભારતની અંડર-૧૯ ટીમે સોમવારે અહીં ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું અને ત્રણ મેચની વનડે શ્રેણીમાં ૨-૦થી લીડ મેળવી હતી.

સાહિલે ૭૫ બોલમાં ૧૪ ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૧૦૯ રનની અણનમ ઈનિંગ રમી હતી, જેના કારણે ભારતીય ટીમે માત્ર ૨૨ ઓવરમાં ૧૭૭ રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ભારતે શનિવારે પ્રથમ મેચ સાત વિકેટે જીતી હતી.

રુદ્ર પટેલ (૧૦)ના જલદી પેવેલિયન પરત ફર્યા બાદ મુંબઈના ૧૯ વર્ષીય સાહિલે અભિજ્ઞાન કુંડુ (૫૩ અણનમ, ૫૦ બોલ, નવ ચોગ્ગા) સાથે ૧૫૩ રનની ભાગીદારી કરીને યજમાન ટીમને લક્ષ્યાંક સુધી પહોંચાડી દીધી હતી.

આ પહેલા ફાસ્ટ બોલર સમર્થ નાગરાજ (૩૪ રનમાં બે વિકેટ) સિવાય લેગ સ્પિનર મોહમ્મદ ઇનાન (૩૦ રનમાં બે વિકેટ) અને ઓફ સ્પિનર કિરણ ચોરમાલે (૨૯ રનમાં બે વિકેટ)એ પણ બે-બે વિકેટ ઝડપી હતી, જેના કારણે ઓસ્ટ્રેલિયા આ ઓવરમાં ટીમ ૪૯.૩ રન કરીને ૧૭૬ રનમાં સમેટાઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો સારી શરૂઆતને મોટી ઇનિંગ્સમાં ફેરવવામાં નિષ્ફળ રહ્યા હતા. ઓસ્ટ્રેલિયાની ટીમ માટે મિડલ ઓર્ડર બેટ્સમેન એડિસન શરીફે ૬૧ બોલમાં બે ચોગ્ગાની મદદથી સૌથી વધુ ૩૯ રન કર્યા હતા. ત્રણ મેચોની શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ ગુરુવારે અહીં રમાશે. આ પછી ૩૦ સપ્ટેમ્બરથી ચેન્નઈમાં બે અનૌપચારિક ટેસ્ટની શ્રેણી રમાશે. ■

# ત્રીજી વન-ડેમાં સાઉથ આફ્રિકાનો સાત વિકેટે વિજય, અફઘાનિસ્તાને ૨-૧થી જીતી વન-ડે સિરીઝ

શારજાહઃ સાઉથ આફ્રિકાએ ત્રીજી વન-ડેમાં અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવ્યું હતું. આ સાથે અફઘાનિસ્તાને ત્રણ વન-ડે મેચની સીરિઝ ૨-૧થી જીતી લીધી હતી. આફ્રિકામાં ત્રીજી વનડે જીતવામાં બોલરોએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ સિવાય એડન માર્કરામે શાનદાર ઇનિંગ રમી હતી.

શારજાહના શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા આવેલી અફઘાનિસ્તાનની ટીમને સાઉથ આફ્રિકાના બોલરોએ ૩૪ ઓવરમાં ૧૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

અફઘાનિસ્તાન તરફથી ઓપનિંગ કરનારા રહેમાનુલ્લા ગુરબાઝે સૌથી મોટી ઇનિંગ રમી અને ૯૪ બોલમાં ૭ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૮૯ રન કર્યા હતા.

આ સિવાય માત્ર બે વધુ બેટ્સમેન ડબલ ફિગર પાર કરી શક્યા હતા. બાકીના ૮ બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. દરમિયાન દક્ષિણ આફ્રિકા તરફથી લુંગી એનગિડી, નકાબા પીટર અને ફેહલુકવાયોએ ૨-૨ વિકેટ લીધી હતી.

લક્ષ્યનો પીછો કરતા દક્ષિણ આફ્રિકાએ ૩૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૦૭ રન કરી લીધા હતા. રનનો પીછો કરતી વખતે એડન માર્કરામે ૬૭ બોલમાં ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી અણનમ ૬૯ રનની સૌથી મોટી ઇનિંગ રમી હતી. આ સમય દરમિયાન ટ્રિસ્ટન સ્ટબ્સે તેને ટેકો આપ્યો હતો.

સ્ટબ્સે ૪૨ બોલમાં ૧ ફોર અને ૧ સિક્સરની મદદથી ૨૬ રન કર્યા હતા. માર્કરામ અને સ્ટબ્સે અણનમ ૯૦ (૮૯ બોલ) ની ભાગીદારી કરી અને ટીમને જીત અપાવી હતી. ■

# જસપ્રીત બુમરાહ ક્રિકેટના તમામ ફોર્મેટમાં સર્વશ્રેષ્ઠ ઝડપી બોલર છેઃ સ્ટીવ સ્મિથ





નવી દિલ્હીઃ ઓસ્ટ્રેલિયાના અનુભવી બેટ્સમેન સ્ટીવ સ્મિથે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા ભારતના સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહની પ્રશંસા કરી અને તેને તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ ઝડપી બોલર ગણાવ્યો હતો.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી પર્થમાં પાંચ ટેસ્ટ મેચની શ્રેણી શરૂ થશે. ભારતે ઓસ્ટ્રેલિયામાં છેલ્લી બે શ્રેણી જીતી છે. જો ભારતે ઓસ્ટ્રેલિયામાં સતત ત્રીજી ટેસ્ટ શ્રેણી જીતવી હશે તો બુમરાહની અસાધારણ કુશળતા પર ઘણું નિર્ભર રહેશે.

સ્મિથે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે, તે એક મહાન બોલર છે. તે નવા કે જૂના બોલમાં પણ શાનદાર બોલિંગ કરું છું. તેની પાસે તમામ પ્રકારની મહાન કુશળતા છે. તે એક મહાન બોલર છે. ત્રણેય ફોર્મેટમાં શ્રેષ્ઠ ઝડપી બોલર છે.

૩૫ વર્ષીય સ્મિથ છેલ્લી કેટલીક શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા માટે ઇનિંગ્સની શરૂઆત કરી રહ્યો છે અને તે ભારત સામે પણ આવું જ કરે તેવી અપેક્ષા છે. ઓસ્ટ્રેલિયા માટે ૧૦૯ ટેસ્ટ રમી ચૂકેલા સ્મિથ આ સિરીઝમાં ૧૦,૦૦૦ ટેસ્ટ રનનો આંકડો પાર કરી શકે છે. તેણે અત્યાર સુધીમાં ૯૬૮૫ રન કર્યા છે. બીજી તરફ બુમરાહે જાન્યુઆરી ૨૦૧૮માં ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યા બાદ શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ૩૭ મેચમાં ૨૦.૫૧ની એવરેજથી ૧૬૪ વિકેટ લીધી છે. ■

# ભારતે ચેન્નઈ ટેસ્ટમાં જીત બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં મજબૂત કર્યું પોતાનું સ્થાન

દુબઈઃ ભારતે બાંગ્લાદેશ સામે ૨૮૦ રને જીત મેળવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યૂટીસી) ટેબલમાં ટોચ પર પોતાનું સ્થાન મજબૂત કર્યું છે જ્યારે શ્રીલંકાએ ગાલેમાં ન્યૂઝીલેન્ડને હરાવીને લોર્ડ્સમાં આવતા વર્ષની ફાઈનલ માટે પોતાનો દાવો મજબૂત કર્યો છે. શ્રીલંકા તેના વર્તમાન હરીફ ન્યૂઝીલેન્ડને હરાવીને ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.

ચેન્નઈમાં જીત અને ૧૨ ડબ્લ્યુટીસી પોઈન્ટ સાથે ભારતે ઓસ્ટ્રેલિયા (૬૨.૫૦ ટકા પોઈન્ટ સાથે બીજા) પર ૭૧.૬૭ ટકા પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર પોતાનું સ્થાન મજબૂત કર્યું હતું. બાંગ્લાદેશ (૩૯.૨૯ ટકા પોઈન્ટ) પાકિસ્તાન સામેની શ્રેણી ૨-૦થી જીતીને ચોથા સ્થાને પહોંચ્યું હતું. તે આ હાર બાદ છઠ્ઠા સ્થાને સરકી ગયું છે.

પ્રથમ દાવમાં શાનદાર સદી ફટકારવા અને બીજી ઈનિંગમાં છ વિકેટ લેવા બદલ અશ્વિનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. શ્રીલંકા ગાલેમાં જીત બાદ ટેબલ પર ત્રીજા સ્થાને પહોંચી ગયું છે તેની પાસે ૨૦૨૩ની ડબલ્યૂટીસી ફાઇનલિસ્ટ ભારત અને ઓસ્ટ્રેલિયાને ૨૦૨૫ની ફાઇનલમાં સ્થાન માટે પડકારવાની શ્રેષ્ઠ તક છે. ગાલેમાં ન્યૂઝીલેન્ડ સામે ૬૩ રને મળેલી જીત એ આઠ મેચોમાં શ્રીલંકાની ચોથી જીત હતી, જેનાથી તેઓ પોઈન્ટના ૫૦ ટકા પર પહોંચી ગયા હતા.

શ્રીલંકાની ટીમ હવે વર્તમાન ચક્રમાં મહત્તમ ૬૯.૨૩ ટકા પોઈન્ટ મેળવી શકે છે જે તેને આવતા વર્ષે લોર્ડ્સમાં યોજાનારી ફાઇનલમાં સ્થાન મેળવવા માટે પૂરતું હશે. જો કે આ માટે ટીમે ફરી એકવાર ન્યૂઝીલેન્ડને હરાવવું પડશે અને ત્યારબાદ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાનો સફાયો કરવો પડશે.

આ ચક્રમાં ભારત પાસે હજુ નવ વધુ ટેસ્ટ રમવાની છે અને તે સતત ત્રીજી વખત ડબલ્યૂટીસી ફાઇનલમાં સ્થાન મેળવવા પર નજર રાખી રહ્યું છે. ન્યૂઝીલેન્ડ (૨૦૨૦) અને ઓસ્ટ્રેલિયા (૨૦૨૨) સામે ફાઇનલમાં હારી જતાં ભારત છેલ્લી બે સીઝનમાં રનર્સ-અપ તરીકે સમાપ્ત થયું હતું. ■

# ઈતિહાસનું સૌથી શાનદાર 'કમબેક': ઓસ્ટ્રેલિયન પૂર્વ વિકેટકીપર ગિલક્રિસ્ટે ઋષભ પંતની કરી પ્રશંસા





ચેન્નઇઃ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે બાંગ્લાદેશને ૨૮૦ રનથી હરાવ્યું હતું. લગભગ ૨ વર્ષ બાદ ટેસ્ટમાં વાપસી કરી રહેલા ઋષભ પંતે બીજી ઇનિંગમાં શાનદાર સદી ફટકારી હતી. આ પહેલા પંતે તેની છેલ્લી ટેસ્ટ નવેમ્બર ૨૦૨૨માં બાંગ્લાદેશ સામે રમી હતી. ૩૧ ડિસેમ્બરની રાત્રે તે એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ પછી તેણે શાનદાર વાપસી કરી હતી.

પંત પ્રથમ વખત આઇપીએલ ૨૦૨૪માં રમતો જોવા મળ્યો હતો. આ પછી તેણે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અને શ્રીલંકા સામેની સિરિઝમાં ભાગ લીધો હતો. ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ વિકેટકીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટે તેની શાનદાર વાપસી માટે પંતની પ્રશંસા કરી હતી. તેણે પંતની વાપસીને ઈતિહાસમાં સૌથી શાનદાર કમબેક ગણાવ્યું હતું.

ક્લબ પેરિયાર ફાયર પોડકાસ્ટ પર એડમ ગિલક્રિસ્ટે કહ્યું હતું કે, ''ઋષભ પંતની વાપસી એ ઈતિહાસના સૌથી શાનદાર કમબેકમાંનું એક છે. તેના માટે હું કહીશ કે પંતની રમતમાં તેના કરતાં વધુ મજબૂત, સખત, મનોવૈજ્ઞાનિક અને શારીરિક વાપસી થઈ શકે નહીં. તે કેટલું સારું છે? ભયાનક દુર્ઘટના પછી ૬૨૦ દિવસ પછી ટેસ્ટ ક્રિકેટમાં પાછો ફર્યો છે.

દોઢ વર્ષથી વધુ સમય બાદ ટેસ્ટ મેચ રમવા આવેલા ઋષભ પંતે બાંગ્લાદેશ સામે પ્રથમ દાવમાં ૩૯ રન કર્યા હતા. પરંતુ બીજા દાવમાં તેણે ૧૨૮ બોલમાં ૧૦૯ રનની ઇનિંગ રમી હતી. જેમાં તેણે ૧૩ ફોર અને ૪ સિક્સ પણ ફટકારી હતી. ટેસ્ટ મેચોમાં આ તેની છઠ્ઠી સદી હતી અને આ સાથે તેણે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સદી ફટકારવાના મામલે એમએસ ધોનીની બરોબરી કરી લીધી હતી.

ભારત ઘરઆંગણે છેલ્લી ૧૭ ટેસ્ટ શ્રેણીમાં હાર્યું નથી તેની પણ આ પોડકાસ્ટ પર ચર્ચા કરવામાં આવી હતી. ટેસ્ટ શ્રેણીમાં ભારતની છેલ્લી હાર ૨૦૧૨માં ઈંગ્લેન્ડ સામે થઈ હતી. તે સમયે એલિસ્ટર કૂક ઈંગ્લેન્ડનો કેપ્ટન હતો. તે ચાર મેચની શ્રેણીમાં ઇંગ્લેન્ડે ભારતને ૨-૧થી હરાવ્યું હતું. ■

# સૈફ અંડર ૧૭ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં માલદીવ વિરુદ્ધ મેદાનમાં ઊતરશે ભારત

થિમ્પૂઃ સૈફ અંડર ૧૭ ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં સ્થાન મેળવનાર ભારતીય ટીમ મંગળવારે અહીં માલદીવ સામે મેદાનમાં ઊતરશે. ભારતનો પ્રયાસ પોઇન્ટ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કરવાનો રહેશે. કોચ ઈશ્ફાક અહેમદની દેખરેખ હેઠળ ભારતીય ટીમે ગયા શુક્રવારે તેની શરૂઆતની મેચમાં બાંગ્લાદેશને ૧-૦થી હરાવ્યું હતું. આ મેચનો એકમાત્ર ગોલ સુમિત શર્મા બ્રહ્મચરિમ્યમે ૯૨મી મિનિટે કર્યો હતો.

બાંગ્લાદેશ અને માલદીવ વચ્ચે રવિવારે રમાયેલી મેચ ૧-૧થી ડ્રો રહી હતી જેના કારણે ભારતીય ટીમે ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું.

અહમદે કહ્યું હતું કે ટીમ પ્રથમ મેચ રમનારા કેટલાક ખેલાડીઓને આરામ આપવા અને બહાર બેઠેલા ખેલાડીઓને તક આપવા પર વિચાર કરી રહી છે.

તેણે કહ્યું હતું કે, અમે પહેલાથી જ ક્વૉલિફાય કરી લીધું છે. હું એ સુનિશ્ચિત કરવા માગું છું કે અન્ય ખેલાડીઓને પણ મેચ દરમિયાન મેદાન પર સમય પસાર કરવાની તક મળે. અમારા તમામ ખેલાડીઓ મહત્ત્વપૂર્ણ છે. અમે આ મેચ જીતીને ગ્રૂપમાં ટોચ પર રહેવા માગીએ છીએ.

ભારતની અંડર-૧૬ ટીમે ગયા વર્ષે સૈફ અંડર-૧૬ ચેમ્પિયનશિપમાં માલદીવને ૮-૦થી હરાવ્યું હતું.

તે મેચમાં ગોલ કરનાર પાંચ ખેલાડીઓ વિશાલ યાદવ, લેવિસ જાંગમિનલુન, માનભાકુપર મલંગિયાંગ, મોહમ્મદ કૈફ અને મોહમ્મદ અરબાશ આ પ્રવાસ પર ગયેલી ટીમનો ભાગ છે. ■

**ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના હેઠળ સ્પર્ધાત્મક, અભ્યાસલક્ષી તથા વ્યવસાયલક્ષી પુસ્તકોની ખરીદીની જાહેર ખબર (વર્ષઃ ૨૦૨૪-૨૫)**

રાજ્યના અનુસૂચિત જાતિની વસતી ધરાવતા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના જાહેર ગ્રંથાલયો તથા અન્ય સંસ્થાઓ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના હેઠળ કારકિર્દી ઘડતર માટે ઉપયોગી પુસ્તકો જેમ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.), ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.), સ્ટાફ સિલેક્શન કમિશન (એસ.એસ.સી.) રાજ્ય તથા કેન્દ્ર સરકારના જાહેર સાહસો, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત પસંદગી મંડળ, રેલવે ભરતી બોર્ડ, IBPS બેન્કિંગ સર્વિસ રીક્રુટમેન્ટ બોર્ડ, એલ.આઈ.સી. જનરલ ઈન્સ્યોરન્સ કંપની, આર્મી, નેવી અને પ્રવેશ પરીક્ષાઓ GRE, GMAT, GATE, IELTS, TOFEL વગેરે સંબંધી પુસ્તકો સ્વરૂપે સહાય કરવા સારૂ ચાલુ વર્ષે પુસ્તકોની ખરીદી કરવાની થાય છે. આથી આવા પુસ્તક પ્રકાશકો/વ્યક્તિગત લેખકો/વિક્રેતાઓ પાસેથી ૦૧-૦૧-૨૦૨૩ કે તે પછી પ્રસિધ્ધ થયેલા ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાના નમુનાના પુસ્તકોની ખરીદીની પસંદગી માટે એક નકલ વિનામૂલ્યે ભવિષ્યમાં પરત નહીં કરવાની શરતે તા. ૧૫-૧૦-૨૦૨૪ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન બીજા માળે, નિયામક, ગ્રંથાલય કચેરી, ગુજરાત રાજ્ય, ટાઉન હોલ પાસે, રાજ્ય ગ્રંથાલય ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે શરતોના પાલનની સંમતિ સાથેની દરખાસ્ત સ્વીકારવામાં આવશે.

**ચાલુ વર્ષે પુસ્તક ખરીદી માટે નવું વેબપોર્ટલ હોઈ દરેક પ્રકાશકો/વ્યક્તિગત લેખકો/વિક્રેતાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.** આ યોજના અન્વયે પુસ્તકો રજૂ કરવા માટે રજિસ્ટ્રેશન, પુસ્તકોની ડેટાએન્ટ્રી, વળતરના દર, પુસ્તકો રજૂ કરવાની કાર્યપદ્ધતિ, યોજનાની શરતો અને બોલીઓ તથા અન્ય વિગતવાર માહિતી આ કચેરીની વેબસાઈટ www.dolib.gujarat.gov.in પર ઉપલબ્ધ છે જે જોઈ-જાણી શકાશે.

રજિસ્ટ્રેશન માટેની વેબસાઈટઃ https://dolgbp.gujarat.gov.in/

ફોન નં. ૦૭૯-૨૩૨૫૮૩૩૫/૩૬

Website: www.dolib.gujarat.gov.in

E-Mail: dolgbp@gujarat.gov.in

માહિતી/૧૧૦૪/૨૦૨૪-૨૫

સહી/-
નિયામક, ગ્રંથાલય
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ડૉલર સામે રૂપિયાના છ સત્રના સુધારાને બ્રેક, બે પૈસાનો ઘટાડો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ ઉપરાંત ગત ઑગસ્ટ મહિનાનો દેશનો સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ ઘટી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત છ સત્ર દરમિયાન જોવા મળેલા સુધારાને બ્રેક લાગી હતી અને બે પૈસા ઘટીને ૮૩.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશને ધ્યાનમાં લેતા રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. સ્થાનિકમાં સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૩.૫૨ના બંધ સામે આઠ પૈસાના સુધારા સાથે ૮૩.૪૪ની સપાટીએ ખૂલ્યો હતો, પરંતુ આ સુધારો ધોવાઈ જતા સત્ર દરમિયાન નીચામાં ૮૩.૫૫ અને ઉપરમાં ૮૩.૪૪ની રેન્જમાં અથડાઈને અંતે બે પૈસાના ઘટાડા સાથે ૮૩.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. ઈક્વિટીમાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જળવાઈ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે શક્યતઃ ક્રૂડ તેલના ભાવમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રૂપિયાના સુધારાને મર્યાદિત રાખી શકે છે. ગત ઑગસ્ટ મહિનામાં દેશનો સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ જુલાઈ મહિનાના ૬૦.૯ સામે ઘટીને ૫૮.૯ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૪ ટકા વધીને ૧૦૧.૦૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨૬ ટકા વધીને બેરલદીઠ ૭૪.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૮૪.૩૦ પૉઈન્ટ અને ૧૪૮.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૪,૦૬૪.૦૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ સીમિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# હળવી નાણાનીતિના આશાવાદે સેન્સેક્સ વધુ ૩૮૪ પૉઈન્ટ ઊછળીને નવી ટોચે, ૮૫,૦૦૦ની સપાટીથી સહેજ છેટે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા હળવી નાણાનીતિ અખત્યાર કરતાં રિઝર્વ બૅન્ક દ્વારા પણ રેટ કટ કરવામાં આવે તેવા આશાવાદ તેમ જ એશિયન બજારોમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં તેજી આગળ ધપતાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૮૪.૩૦ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૧૪૮.૧૦ પૉઈન્ટની તેજી સાથે નવી ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા.

તેમ જ સેન્સેક્સ ૮૫,૦૦૦ની સપાટીથી માત્ર ૭૧.૩૯ પૉઈન્ટ છેટે અને નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટીથી માત્ર ૬૦.૯૫ પૉઈન્ટ છેટે રહ્યો હતો. જોકે, આજે સેન્સેક્સે ઈન્ટ્રા ડે ધોરણે ૮૪,૯૨૮.૬૧ની અને નિફ્ટીએ ૨૫,૯૫૬ની ઊંચી સપાટી નોંધાવી હતી. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૦૪.૪૨ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦૨૨.૬૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા.

આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૮૪,૫૪૪.૩૧ના બંધ સામે ૮૪,૬૫૧.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૬૦૭.૩૮ અને ઉપરમાં ૮૪,૯૮૦.૫૩ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૦.૪૫ ટકા અથવા તો ૩૮૪.૩૦ પૉઈન્ટ વધીને ૮૪,૯૨૮.૬૧ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૫,૭૯૦.૯૫ના બંધ સામે ૨૫,૮૭૨.૫૫ના મથાળે ખૂલીને સત્ર દરમિયાન ૨૫,૮૪૭.૩૫ અને ૨૫,૯૫૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૦.૫૭ ટકા અથવા તો ૧૪૮.૧૦ પૉઈન્ટ વધીને ૨૫,૯૩૯.૦૫ના મથાળે બંધ રહ્યો હતો.

ગત ઑગસ્ટ મહિનાનો સર્વિસીસ પીએમઆઈ આંક જુલાઈના ૬૦.૯ પૉઈન્ટ સામે ઘટીને ૫૮.૯ની સપાટીએ રહ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં તાજેતરનાં ફેડરલના બમ્પર રેટ કટનું પ્રોત્સાહક વલણ જળવાઈ રહેતાં એશિયન બજાર પાછળ સુધારાતરફી વલણ જળવાઈ રહેવાની સાથે વ્યાજદરમાં ઘટાડાની સાથે ઈનપૂટ ખર્ચમાં થનારા અપેક્ષિત ઘટાડા અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા પણ રેટ કટ કરે તેવો આશાવાદ તથા રેટ કટને કારણે ભારત જેવી ઊભરતી બજારોમાં વિદેશી રોકાણકારોનો આંતરપ્રવાહ વધે તેવી શક્યતાએ બજારમાં તેજીનો કરંટ જળવાઈ રહ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે એચડીએફસી બૅન્ક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને હિન્દુસ્તાન યુનીલિવર જેવાં હેવી વેઈટ શૅરોમાં તેજીનું વલણ રહેતાં સેન્સેક્સ-નિફ્ટીની તેજીને ટેકો મળ્યો હતો. એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૨૩૩ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૩૮૨ શૅરના ભાવ વધીને, ૧૭૩૧ શૅરના ભાવ ઘટીને અને ૧૨૦ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૦ શૅરના ભાવમાં અપર સર્કિટ અને એક શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને અને ૧૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૪ શૅરના ભાવ વધીને અને ૧૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.

આજે સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૨૯ ટકાનો ઉછાળો મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૨.૫૫ ટકાનો, ભારતી એરટેલમાં ૨.૨૫ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૧.૭૧ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૧.૬૨ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૪૩ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે તેની સામે આઈસીઆઈસીઆઈ બૅન્કમાં સૌથી વધુ ૧.૨૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૧.૦૫ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૯૭ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૦.૮૯ ટકાનો, એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૦.૪૯ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૪૯ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ મિડ કૅપ અને સ્મોલ કૅપ ઈન્ડેક્સ બન્નેમાં ૦.૭૩ ટકાનો સુધારો આગળ ધપ્યો હતો. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવતા હવે બજાર વર્તુળોની નજર અન્ય કેન્દ્રવર્તી બૅન્કોની નાણાનીતિ પર મંડાતા હવે તેની અસર ભારત સહિતના અન્ય બજારો પર પડી રહી હોવાનું માર્કેટ્સ મોજો ગ્રૂપના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અમીત ગોલિઆએ જણાવ્યું હતું, જ્યારે રેલિગેર બ્રોકિંગ લિ.ના રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજીત મિશ્રાએ આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સ્થાનિક પરિબળોના અભાવ વચ્ચે વિશ્વ બજાર પાછળ સુધારો આગળ ધપે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં એકમાત્ર આઈટી ઈન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. તે સિવાયના તમામ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૨.૨૩ ટકાનો, રિયલ્ટી ઈન્ડેક્સમાં ૨.૦૭ ટકાનો, ટેલિકોમ ઈન્ડેક્સમાં ૧.૯૩ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૧.૮૦ ટકાનો, પીએસયુ ઈન્ડેક્સમાં ૧.૭૭ ટકાનો અને ઑટો ઈન્ડેક્સમાં ૧.૪૬ ટકાનો ઉછાળો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં સિઉલ અને શાંઘાઈની બજારમાં સુધારો જોવા મળ્યો હતો અને હૉંગકૉંગની બજારમાં નરમાઈનું વલણ હતું. જોકે, આજે જાપાનની બજાર બંધ રહી હતી.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૩૭૪ની આગેકૂચ, ચાંદી ₹ ૧૧૬૧ ગગડી

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે નીચા વ્યાજ દર અને મધ્ય પૂર્વનાં દેશોમાં વધી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં આજે વૈશ્વિક બુલિયન માર્કેટમાં સોનામાં સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીના દબાણે ભાવ ૧.૧૬ ટકાના કડાકા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક અહેવાલોને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૩થી ૩૭૪નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬૧ ગગડી ગયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ પાંખી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬૧ના ગાબડા સાથે રૂ. ૮૮,૦૦૦ની સપાટી ગુમાવીને રૂ. ૮૭,૭૫૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૩ વધીને રૂ. ૭૪,૧૬૯ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૭૪ વધીને રૂ. ૭૪,૪૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી રોકાણકારો અને સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી. અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવતા ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી તેમ જ મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૦૭ ટકા વધીને ઔંસદીઠ ૨૬૨૩.૮૪ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૦૩ ટકા વધીને ઔંસદીઠ ૨૬૪૬.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૧૬ ટકા તૂટીને ઔંસદીઠ ૩૦.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલ રિઝર્વે ૫૦ બેસિસ પૉઈન્ટની બમ્પર કપાત સાથે હળવી નાણાનીતિના સંકેતો આપ્યા હોવાથી હવે વિશ્લેષકોનું માનુ છે કે આ વર્ષના અંત સુધીમાં ફેડરલ વ્યાજદરમાં ૧૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની સોના જેવી વ્યાજની ઉપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલી રહેતી હોય છે. જોકે, હવે રોકાણકારોની નજર આ સપ્તાહ દરમિયાનના ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલના વક્તવ્ય પર તેમ જ આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ છે.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

B.Y.L. નાયર ચે. હોસ્પિટલ, મુંબઈ-સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮

**ટૂંકી EOI નોટીસ**

**હિતની અભિવ્યક્તિ**

| B.Y.L. નાયર ચે. હોસ્પિટલ | | | સંપર્ક વિગતો |
|---|---|---|---|
| વિષય | ૧ | મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડ (MDL) પાસેથી PPF B.Y.L. નાયર હોસ્પિટલ દ્વારા પ્રાપ્ત CSR ફંડ દ્વારા B.Y.L. નાયર ચે. હોસ્પિટલ અને મેડીસીન વિભાગ T.N.M.C.ના મેડીકલ રિસર્ચ લેબોરેટરીના ઉપયોગ માટે હેમેટોલોજી એનલાઈઝર (૧ નં.)ની સપ્લાય કરવા માટે વિક્રેતાઓ તરફથી હિતની અભિવ્યક્તિ | ડૉ. રોઝમેરી ડી'સૌઝા મેડીસીન વિભાગ ટેલિ. નં. ૦૨૨-૨૩૦૨૭૧૨૨ ઈમેલ ID:- medicinedepttnmc@gmail.com |
| | http://portal.mcgm.gov.in | | |

સહી/-
ડીન
PRO/1356/ADV./2024-25 BYL નાયર ચે. હોસ્પિટલ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ**

**4 લેન રોડ ઓવર બ્રિજ (ROB) નું બાંધકામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.** ડેપ્યુ.સીઈ/સી/II/એડીઆઈ-આરઓબી-64-01 (બે પૅકેટ) (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** અમદાવાદ ડિવિઝનના વિરમગામ-મહેસાણા સેક્શન પર વિરમગામ-ભંકોડા સ્ટેશનો વચ્ચે કિ.મી. 61/1-2 ખાતે LC નં. 64 ને બદલે એપ્રોચીઝ (છેડે થી છેડે) સહિત 4 લેન રોડ ઓવરબ્રિજ (ROB) નું બાંધકામ. (બે પૅકેટ) (2) **કામની અંદાજિત પડતરઃ** ₹ 84,80,90,592.05 (3) **જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ** ₹ 4,39,00,500.00 (4) **ટેન્ડર ફોર્મ ફીઃ** શૂન્ય (5) **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 18 (અઢાર) મહિના ચોમાસા સહિત (6) **બીડ જમા કરવાની તારીખ અને સમયઃ** તા.10-10-2024 ના 15:00 કલાકે (7) **વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-382 345. CPM-047

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**TO WHOM SO EVER IT MAY CONCERN**

Notice is hereby given to the public at large that The Chandra Darshan CHS Ltd has been approached by Mr. Alok Ratanlal Purohit for deletion of name of Mr. Ratanlal Bansilal Purohit from Shares nos. 06 to 10, held under Certificate 02 in respect of Flat 2, in the Chandra Darshan Co-op. Housing Society Ltd., 43, Dr. Bhagwanlal Indrajit Road, Banganga, Mumbai-400006, on account of the death of the said Mr. Ratanlal Bansilal Purohit. Any person or entity having any right, title or interest by way of sale, gift, lien, mortgage, tenancy, sub-tenancy or any way whatsoever in or upon the said Shares and Flat are required to make the same known to the Society at the address below within 14 days hereof failing which it shall be assumed that there are no objections or claims upon the said Flat and Shares and the 100% share of the deceased in the said shares and flat shall then in such event devolve upon his son Mr. Alok Ratanlal Purohit under intestate succession.

For and on behalf of
The Chandra Darshan CHS Ltd,
43, Dr. Bhagwanlal Indrajit Road,
Banganga, Mumbai - 400006

Sd/-
(Hon Jt Secretary)
Date: 23/09/2024
Place: Mumbai

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

B.Y.L. નાયર ચે. હોસ્પિટલ, ડૉ. એ.એલ. નાયર રોડ, મુંબઈ-સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

**ટૂંકી EOI નોટીસ**

**હિતની અભિવ્યક્તિ**

| B.Y.L. નાયર ચે. હોસ્પિટલ | | | સંપર્ક વિગતો |
|---|---|---|---|
| વિષય | ૧ | મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડ (MDL) પાસેથી PPF B.Y.L. નાયર હોસ્પિટલ દ્વારા પ્રાપ્ત CSR ફંડ દ્વારા B.Y.L. નાયર ચે. હોસ્પિટલ અને સાઈકીયાટ્રી વિભાગ T.N.M.C.ના ઉપયોગ માટે વિડિયો ઇલેક્ટ્રોએન્સેફેલોગ્રામ (EEG) મશીન સપ્લાય કરવા માટે વિક્રેતાઓ તરફથી હિતની અભિવ્યક્તિ | ડૉ. હીનલ શાહ સાઈકીયાટ્રી વિભાગ ટેલિ. નં. ૦૨૨-૦૨૩૦૭૬૧૩ ઈમેલ ID:- tnmcpsychiatry@gmail.com |
| | http://portal.mcgm.gov.in | | |

સહી/-
ડીન
PRO/1357/ADV./2024-25 BYL નાયર ચે. હોસ્પિટલ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટસ

**ટેન્ડર નોટીસ નં.:** M247GLRSSL302430 **તાઃ** ૧૯.૦૯.૨૦૨૪ **કામનું નામઃ** ઇલેક્ટ્રિક લોકોમોટીવ્સના સ્મૂથિંગ રેક્ટર્સ ટાઈપ SL-30 નું રિપેર્સ, રિહેબીલીટેશન અને મોડિફિકેશન. **સ્થળઃ** CWM/દાહોદ પ. રેલવેની ઓફિસ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૮,૧૬,૭૪,૫૮૪/- **બીડ સુરક્ષાઃ** રૂ. ૫,૫૮,૪૦૦/- **ઈ-ટેન્ડરની સુપ્રતિની અને ખોલવાની તારીખ અને સમયઃ** ઈ-ટેન્ડરની સુપ્રતિ ૧૧.૧૦.૨૦૨૪ના ૧૪.૩૦ કલાકે અને તે જ દિવસે ૧૫.૦૦ કલાકે ઈ-ટેન્ડર ખૂલશે. **ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો પર ઉપલબ્ધ છેઃ** www.ireps.gov.in / E-Tenders /Works / IR Electrical.

(Sr.EE/W)
Span/17/1/236 CWM, દાહોદ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**પાવર સપ્લાયની વ્યવસ્થા**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ઈએલ/સી/એડીઆઈ/ટીઆરડી/37/2024-25 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-હિમ્મતનગર ગેજ રૂપાંતરણ કામના સંબંધમાં GETCO 132 KV તલોદ સબસ્ટેશન થી WR ટ્રેક્શન સબસ્ટેશન (TSS) તલોદ સુધી 132 KV પાવર સપ્લાય વ્યવસ્થાની જોગવાઈ. (2) **કામની અંદાજિત પડતરઃ** ₹ 15,12,49,250.58/- (3) **જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ** IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (4) **બિડ જમા કરવાની અને બિડ ખુલવાની તારીખ અને સમયઃ** IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (5) **ટેન્ડર ફીઃ** IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (6) **પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 12 મહિના, (7) **વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ. ચીફ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર (બાંધકામ)ની ઓફિસ અને નોટીસ બોર્ડ, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન, અસારવા, અમદાવાદ (ગુજરાત-382345). CPM-048

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | પબ્લિક હેલ્થ વિભાગ |
| ડિવિઝન | ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ, જુહુ |
| બીડ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૭૫૪૦૬_૧<br>૨૦૨૪_MCGM_૧૦૮૦૯૬૬_૧<br>૨૦૨૪_MCGM_૧૦૭૫૦૮૭_૧<br>૨૦૨૪_MCGM_૧૦૬૫૧૭૪_૧<br>૨૦૨૪_MCGM_૧૦૮૫૭૧૬_૧<br>૨૦૨૪_MCGM_૧૦૮૮૫૭૦_૧<br>૨૦૨૪_MCGM_૧૦૮૫૭૧૯_૧ |
| વિષય | ૧) H.B.T. મેડિકલ કોલેજ હેઠળ ટાટા કમ્પાઉન્ડ બોઈઝ અને ગર્લ્સ હોસ્ટેલ ખાતે ઈલેક્ટ્રિકલ પાવર સોર્સ માટે પ્રોટેક્ટિવ સિસ્ટમ. મહાટેન્ડર ID. (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૭૫૪૦૬_૧<br>૨) ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલની એસ્ટ્રા લાઈટ ઈલ્યુમિનેશન ડિવાઈઝ ડાર્કનેસ પ્લેસ માટે કેબલની જોગવાઈ, ફિક્સિંગ અને લેઈંગ. મહાટેન્ડર ID. (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૮૦૯૬૬_૧<br>૩) ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ ખાતે મેઈન હોસ્પિટલ બિલ્ડિંગના વિભાગ અને એમર્જન્સી વિભાગમાં પરચુરણ સમારકામ કાર્ય હાથ ધરવા. મહાટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૭૫૦૮૭_૧<br>૪) ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ રસીકરણ સેન્ટર ખાતે નવીનીકરણ કામ. મહાટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૬૫૧૭૪_૧<br>૫) H.B.T. મેડિકલ કોલેજ ખાતે સ્ટાફ વેહિકલ માટે જરૂરી વ્યવસ્થા. મહાટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૮૫૭૧૬_૧<br>૬) R.M.O. ક્વાર્ટર્સ બિલ્ડિંગની પાછળ ડોમેસ્ટિક વોટર ટેન્ક માટે ઓટો લેવલ મોનીટોરીંગ સિસ્ટમનું SITC. મહાટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૮૮૫૭૦_૧<br>૭) ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ ખાતે સ્થાપિત ૬૨૫K VA જનરેટરનું રિવાઈન્ડિંગ અને વાર્નીશીંગ મહાટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૪_MCGM_૧૦૮૫૭૧૯_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | ૨૪.૦૯.૨૦૨૪ના ૧૬.૦૦ કલાકથી ૦૧.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ 'A' પેકેટ 'B'ની ખોલવાની તારીખ અને સમય | ૦૩.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ કલાક પછી<br>૦૩.૧૦.૨૦૨૪ના ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ 'C' ની ખોલવાની તારીખ અને સમય | ૧૦.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | www.mahatenders.gov.in & http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ A નામ | શ્રી. દિનેશ એ. નાનચે- સબ એન્જિ. (M&E) ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ, |
| B-ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૨૬૨૦૭૨૫૭ એક્ષ્ટે. નં.-૧૫૦ |
| C) ઈ-મેલ સરનામું | secooper64@gmail.com |

સહી/-
ડીન
H.B.T. મેડિકલ કોલેજ
PRO/1352/ADV./2024-25 ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**હિતની અભિવ્યક્તિ**

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ, H/પૂર્વ વોર્ડ ''મોટર લોડર સ્કીમ માટે સંસ્થાઓની નિમણૂંક'' માટે હિતની અભિવ્યક્તિ મંગાવે છે. રસ ધરાવતા પક્ષકારો દ્વારા ૨૩.૦૯.૨૦૨૪ થી ૨૫-૦૯-૨૦૨૪ સુધી સ. ૧૧.૦૦ થી બ. ૩.૦૦ કલાકની વચ્ચે રૂ. ૧૦૦૦/- + ૧૮% GST ની બિન-રિફંડપાત્ર ફીની ચૂકવણી પર હિતની અભિવ્યક્તિના દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ C.F.C. ખાતેથી ખરીદી શકાય છે અને A.E. (SWM) H/પૂર્વ વોર્ડની ઓફિસમાં જરૂરી ચલણ ઈશ્યૂ કરવામાં આવશે.

યોગ્ય લેકર સીલબંધ હિતની અભિવ્યક્તિ A.E. (SWM) H/પૂર્વ વોર્ડની ઓફિસમાં અરજી ફી રસીદ સાથે ૨૫.૦૯.૨૦૨૪ના સાં. ૪.૩૦ ક. પહેલા જ સુપ્રત કરવી આવશ્યક છે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
PRO/1369/ADV./2024-25 H/ પૂર્વ વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**શિક્ષણ વિભાગ**

(શિક્ષણ ઓફિસરની ઓફિસ, ત્રિવેણી સંગમ મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગ, ૧લો માળ, મહાદેવ પાલવ માર્ગ, કરી રોડ, મુંબઈ-૪૦૦૦૧૨)

**નં. EO/EOT/૫૬૬, તારીખઃ ૨૩.૦૯.૨૦૨૪**

**ઈ-ટેન્ડર નોટીસ**

બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૯૦૪૯૩_૧

**BMCના શિક્ષણ વિભાગે, "BMC શિક્ષણ વિભાગના અન્ય બોર્ડ સ્કૂલ માટે ઓફિસ અને ક્લાસરૂમ ફર્નિચરની સપ્લાય માટે ''ઈ-ટેન્ડર'' માટે પ્રતિષ્ઠિત અને બિડરો પાસેથી ઈ-ટેન્ડરો મંગાવે છે.**

| બારડી (રૂ.) | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની શરૂઆત તારીખ અને સમય | પ્રી બીડ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | ટેન્ડર માન્યતા અવધિ |
|---|---|---|---|---|
| રૂ. ૩,૪૫,૦૦૦/- | ૨૪.૦૯.૨૦૨૪ના બ. ૩.૦૦ કલાકે | ૨૭.૦૯.૨૦૨૪ના બ. ૩.૩૦ કલાકે | ૧૫.૧૦.૨૦૨૪ના સાં. ૦૩.૦૦ કલાક સુધી | ૧૮૦ દિવસ |

અન્ય તમામ વિગતો ટેન્ડર ફોર્મમાં ઉપલબ્ધ છે. (https: mahatenders.gov.in/nicgep/app) પરિપત્ર નંબર મુજબ- CA/FRG/૦૩ તા. ૧૧.૦૫.૨૦૨૩, જે વિક્રેતાઓએ તેમની બિડ સુપ્રતિ કરી છે, તેમણે રૂ. ૧૬૫૦૦/- + ૨૯૭૦/- (૧૮% GST)= ૧૯૪૭૦/-ની સ્ક્રૂટીની ફી ચૂકવવાની રહેશે.

ઉપરોક્ત રકમ BMCના કોઈપણ CFCમાં જમા કરાવી શકાય છે. આ માટે શિક્ષણ ઓફિસ (EOT વિભાગ) તરફથી ચલણ જારી કરવામાં આવશે.

સહી/-
શિક્ષણ ઓફિસર
PRO/1362/ADV./2024-25 બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલો, સરકાર હેરીટેજ, જયરાજભૉય પીરભૉય કોમ્પલેક્ષ, બી. જે. રોડ, કાને રોડ જંકશન, બાન્દ્રા (૫), મુંબઈ-૫૦ ખાતે તેની ઓફિસ ધરાવનાર મેં. ઓરબીટ એન્ટરપ્રાઈઝીસ પાસેથી, અગિયાર ધંધાદારી જગ્યાઓ તેની સાથે તેની કાર પાર્કિંગ જગ્યાઓ (અહીં પાછળથી સંયુક્ત રીતે ''સદર પ્રીમાઈસીસ'' તરીકે ઉલ્લેખેલ છે) સંપાદન કરવા અને ખરીદવા માટે વાટાઘાટો ચલાવી રહ્યા છે. સદર પ્રીમાઈસીસની વિગતો અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ છે.

તમામ શખ્સો જેમાં વ્યક્તિ, હિન્દુ અવિભક્ત પરિવાર, કંપની, બેન્કો, નાણાંકીય સંસ્થા/ઓ, નોનબેન્કીંગ નાણાંકીય સંસ્થા/ઓ, પેઢી, વ્યક્તિઓનું સંગઠન, સોસાયટી, લિમિટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ કે વ્યક્તિઓની સંસ્થા સ્થપાયેલ હોય કે ના હોય, લેન્ડર્સ અને/કે લેણદારોનો સમાવેશ છે જે સદર પ્રીમાઈસીસ અને/કે તેના કોઈપણ ભાગ કે હિસ્સાની બાબતમાં ફાળવણી, વેચાણ, અદલાબદલી, એસાઇનમેન્ટ, ભેટ, બીક્વેસ્ટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ & લાયસન્સ, લાયસન્સ, કોવેનન્ટ, ગીરો, બોજા, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, સક્સેસન, કરાર, કોન્ટ્રાક્ટ, સમજૂતિના કરાર, ઇરાદાપત્ર, ટર્મશીટ, ભોગવટો, કબજો, પારિવારિક વ્યવસ્થા, પતાવટ, નિભાવ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે હુકમ, લીસપેન્ડન્સ, જપ્તી કે કોઈપણ જવાબદારી કે કમીટમેન્ટ કે કોઈપણ પ્રકારની માગણી કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો અને/કે હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં સમર્થનમાં અસલ દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ મેસર્સ કાંગા એન્ડ કંપની, એડવોકેટ્સ એન્ડ સોલીસીટર્સ, રેડીમની મેનશન, ૪૩ વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ નોટિસ છપાયાની તા.થી ૧૪ દિવસની મુદતમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના કંઈ દાવા હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**

(સદર પ્રીમાઈસીસનું વર્ણન)

| યુનિટ નં. | માળ | રેરા કારપેટ એરિયા | કાર પાર્કિંગ જગ્યાઓ |
|---|---|---|---|
| ૧૩૦૧ થી ૧૩૧૧ | ૧૩મો | ૧૭,૭૦૯.૪૧ ચો. ફુટ | ૩૦ કાર પાર્કિંગના બનેલ ૧૫ સ્ટેક્સ |

તેની સાથે બાન્દ્રા કુર્લા કોમ્પલેક્ષના ''જી'' બ્લોક, ટ્રાઈડન્ટ રોડ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૫૧ ખાતે આવેલ ગામ કોલેકલ્યાણ, તા. અંધેરી, મુંબઈ પરા જીલ્લાના ભરતમાં ૧૦૪૧૫ ચો.મી. CTS નં. ૪૨૦૭ ભાગ ધરાવતા અને પ્લોટ નં. સી-૬૩ ધરાવતી જમીનની દક્ષિણ બાજુએ ઉભેલ 'એ' સાઈડ પર 'INS ટાવર્સ' તરીકે જાણીતા બિલ્ડિંગમાં સ્વતંત્ર ઓફિસ વીંગમાં કુલ મળી ૨૦૯૦.૫૯ ચો. ફી. કારપેટ એરિયાનો ઉપયોગ કરવા, કબજો ધરાવવાના અને એપરટેનાન્ટ/યુટીલીટી એરિયા, AHU અને અધર્સને માણવાના એક્સક્લુઝીવ હક્ક.

આજ તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૪

કાંગા એન્ડ કંપની,
સહી/-
શ્રી રવિ ગાંધી
પાર્ટનર
એડવોકેટ્સ એન્ડ સોલીસીટર્સ

# બદલાપુરના નરાધમનો કેસ પહેલાં ચુકાદો
# એન્કાઉન્ટર

## મુંબ્રામાં પોલીસ વૅનમાં બળાત્કારીનું પોલીસની પિસ્તોલ ઝૂંટવી ફાયરિંગ

## પોલીસના વળતા જવાબમાં ઘવાયો, હૉસ્પિટલમાં દમ તોડ્યો




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બદલાપુરની ખાનગી શાળામાં બે બાળકી સાથે કુકર્મની ઘટનાને પગલે ઉશ્કેરાયેલા લોકોએ બદલાપુર માથે લીધા પછી હવે થાણે પોલીસે બાળકીઓ સાથે કુકર્મ કરનારા નરાધમનો જાણે કોર્ટની સુનાવણી પહેલાં જ ફેંસલો લાવી દીધો હતો. તળોજા જેલમાંથી પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ જતી વખતે માર્ગમાં જ ફિલ્મી ઢબે બનેલી ઘટનામાં પોલીસે આરોપીનું ઢીમ ઢાળી દીધું હતું. પોલીસ અહેવાલ અનુસાર આરોપીએ પહેલાં અધિકારીની પિસ્તોલ ઝૂંટવી પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો અને પોલીસના વળતા જવાબમાં આરોપી મોતને ભેટ્યો હતો.

થાણે પોલીસના જણાવ્યા મુજબ પોલીસ વાહનમાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ જતી વખતે સોમવારે સાંજે મુંબ્રા બાયપાસ પાસે આ ઘટના બની હતી. બદલાપુરની શાળાની બે બાળકી સાથે કુકર્મ કરવાના કેસના આરોપી ૨૩ વર્ષના અક્ષય શિંદેનું પોલીસ સાથેની અથડામણમાં મૃત્યુ થયું હતું. વરિષ્ઠ (જુઓ પાનું ૪)





(ઉપર) બદલાપુરમાં બે બાળકી સાથે કુકર્મ કરનાર આરોપી અક્ષય શિંદેને તળોજા જેલમાંથી ક્રાઈમ બ્રાન્ચ ઑફિસથી પૂછપરછ માટે લઈ જવાતો હતો તેની તસવીર અને (ડાબે) હોસ્પિટલમાં તેણે દમ તોડી દીધો હતો.

## અડધા કલાક પહેલાં પિતા જેલમાં મળ્યા હતા

મુંબઈ: બદલાપુર કેસના આરોપી અક્ષય શિંદેની તળોજા જેલમાંથી ક્રાઈમ બ્રાન્ચે કસ્ટડી મેળવી એના અડધા કલાક પહેલાં પિતાએ તેની સાથે વાતચીત કરી હતી. આ પોલીસ એન્કાઉન્ટર નહીં, મામલો દાબી દેવા માટે અક્ષયની હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો હતો. બદલાપુરમાં બાળકીઓ સાથે કુકર્મ કેસમાં અદાલતી કસ્ટડી બાદ અક્ષય શિંદેને તળોજા જેલમાં રાખવામાં આવ્યો હતો.

સોમવારે પૂછપરછ માટે તાબામાં લેવા ક્રાઈમ બ્રાન્ચની ટીમ સાંજે તળોજા જેલમાં ગઈ તેના અડધા કલાક પહેલાં પિતા શિંદેને મળવા ગયા હતા. તેમની વચ્ચે થયેલી વાતચીતમાં જેલમાં પોલીસ દ્વારા મારપીટ કરવામાં આવતી હોવાનો આક્ષેપ અક્ષયે કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અક્ષયના એન્કાઉન્ટર બાદ પરિવારજનોએ પોલીસ પર આરોપો કર્યા હતા. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## પ્રદીપ શર્માના એક સમયના સાથી ઈન્સ્પેક્ટરે કર્યું શિંદેનું એન્કાઉન્ટર

મુંબઈ: બદલાપુરમાં બે બાળકી સાથે દુષ્કર્મના કેસના આરોપી અક્ષય શિંદેનું એન્કાઉન્ટર કરનારી પોલીસ ટીમમાં સામેલ ઇન્સ્પેક્ટર સંજય શિંદે વિવાદાસ્પદ એન્કાઉન્ટર સ્પેશિયલિસ્ટ પ્રદીપ શર્મા સાથે ભૂતકાળમાં કામ કરી ચૂક્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સંજય શિંદે અગાઉ થાણે ક્રાઇમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખામાં કાર્યરત હતો, જેના ચીફ પ્રદીપ શર્મા હતા.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના ભાઇ ઇકબાલ કાસ્કરની ધરપકડ કરનારી પોલીસ ટીમનો સંજય શિંદે ભાગ હતો. સંજય શિંદે ભૂતકાળમાં મુંબઈ પોલીસદળમાં ફરજ બજાવી ચૂક્યો છે. મુંબઈના ચર્ચાસ્પદ હત્યાકેસના આરોપીને પોલીસ કસ્ટડીમાં ભગાડવામાં મદદ કરવાનો પણ શિંદે પર આરોપ હતો અને તે સમયે તેની સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રદીપ શર્મા એન્કાઉન્ટર સ્પેશ્યલિસ્ટ હતો અને તેની ટીમ હંમેશા જ વિવાદમાં રહી હતી. ■

JAPAN 10N/11D
Departures Oct 23 Nov 5
મેપલ બ્લોસમ 2024નો આનંદ માણો માત્ર "ટ્રાવેલટાઈઝ" સાથે
2 બુલેટ ટ્રેનનો અનુભવ માત્ર "ટ્રાવેલટાઈઝ" સાથે
3D Team Lab, Chidoriga Fuchi, Hiroshima ઇત્યાદિ સર્વશ્રેષ્ઠ આકર્ષણો ટુરમાં સામેલ
ICELAND 10N/11D
Departures Oct 29 Nov 8
ઇન્ટુ ધ ગ્લેશિયર, બ્લુ લગૂન, નોર્થન લાઇટ્સ ટુર, લાવા કેવ, પ્લેન રેક શટલ, ફ્લાયઓવર આઇસલેન્ડ, અરોરા મ્યુઝિયમ લેક મેવાટન, સ્કાય લગૂન, બ્લેક સેન્ડ બીચ, ડાયમંડ બીચ, એમ્ફીબીયન બોટ રાઈડ સામેલ
બ્લુ લગૂન અને સ્કાય લગૂનમાં થર્મલ બાથ સામેલ
TRAVELTIES Your World. Your Way.
» વર્લ્ડ ક્લાસ એરલાઇન્સ માં મુસાફરી
» રાજસ્થાની મહારાજના હાથ નું સ્વાદિષ્ટ ભોજન
» Centrally located ૪-૫ સ્ટાર હોટેલ માં મુકામ
» ટિપ્સ, ઇન્શુરન્સ, પોર્ટરેજ ટુર કોસ્ટ માં સામેલ
* T & C apply
દક્ષિણ આફ્રિકા ૧૨ રાત્રી\૧૩ દિવસ ઓક્ટોબર: ૧૦,૨૪,૨૮,૩૧ નવેમ્બર : ૨, ૭
ન્યુઝીલેન્ડ ૧૩ રાત્રી\૧૪ દિવસ નવેમ્બર : ૬
જ્યોર્જિયા સાથે અઝરબૈજાન ૧૦ રાત્રી\૧૧ દિવસ ઓક્ટોબર: ૪, ૧૫, ૨૬,૨૯ નવેમ્બર : ૨, ૮
આર્કટિક ૧૦ રાત્રી\૧૧ દિવસ ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫
"દશેરા" પહેલા બુક કરો અને મેળવો તહેવારોની વિશેષ ડિસ્કાઉન્ટ*
101, Akruti Aditya Towers, Noshir Bharucha Marg,Grant Road (W) Mumbai 400007
+91 22 2381 3526/27 Ext 2 | +91 77000 45182 | +91 77000 45192
www.travelties.in | sales@travelties.in

## કોણ શું બોલ્યું?

### ફરાર આરોપીઓને બચાવવા એન્કાઉન્ટર

અક્ષય શિંદેનું પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ થયું છે ત્યાર બાદ આ ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. કેસમાં શાળાના ફરાર અધિકારીઓની અટક શા માટે નથી થઇ? શું ફરાર આરોપીઓને બચાવવા માટે એન્કાઉન્ટર કરાયું? હાઇ કોર્ટે આની તપાસ કરાવવી જોઇએ.

**- નાના પટોળે, કૉંગ્રેસના નેતા**

### પોલીસની ભૂમિકા શંકાસ્પદ...

પ્રકરણ દબાવવા માટે આ એન્કાઉન્ટર કરાયું છે કે? આ બનાવ માટે જવાબદાર પોલીસને સસ્પેન્ડ કરવા જોઇએ. આ ઘટનાની સીબીઆઇ તપાસ કરીને નાર્કો ટેસ્ટ થવો જોઇએ. પોલીસની ભૂમિકા પહેલાથી જ શંકાસ્પદ રહી છે.

**-સુષ્મા અંધારે, ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા**

### ગૃહ પ્રધાન સરકાર બચાવવામાં મશગૂલ...

પોલીસ તાબામાં રહેલો આરોપી આવું કરી શકે તો પોલીસની કાબેલિયત પર પ્રશ્ન ઊભો થાય છે. ગૃહ પ્રધાન સરકાર બચાવવામાં અને નેતૃત્વ કોની પાસે જશે તેની માથાકૂટમાં મશગૂલ છે. આ ઘટનાની સંપૂર્ણ તપાસ થવી જોઇએ.

**- અમોલ કોલ્હે, શરદ પવાર જૂથના નેતા**

### તપાસને બદલે એન્કાઉન્ટર?

આ ઘટનાથી રાજ્યમાં કાયદો-વ્યવસ્થા નથી તે પ્રશ્ન ઊભો થાય છે. હવે રેપ કેસમાં શાળાના કોણ અધિકારી સામેલ હતા એ સામે નહીં આવે. મહિલા સુરક્ષાનો મોટો પ્રશ્ન છે ત્યારે તપાસ કરવાને બદલે એન્કાઉન્ટર કરી મારી નાંખવામાં આવે છે.

**- પૃથ્વીરાજ ચવ્હાણ, કૉંગ્રેસ નેતા**

### સરકારની ભૂમિકા ચોંકાવનારી...

સરકારની ભૂમિકા ચોંકાવનારી છે. પહેલા તો એફઆઇઆર નોંધવામાં મોડું કર્યું અને હવે આરોપીની પોલીસ તાબામાં હત્યા થવી. આ કાયદો-વ્યવસ્થાની અસફળતા છે. **- સુપ્રિયા સુળે, એનસીપી**

### એ રસ્તો ક્રોસ કરતા ગભરાતો...

મારો દિકરો આવું કરી શકે નહીં. કોઇ કંઇપણ કહે તે આવું કરી શકે જ નહીં. તે કામે જતો ત્યારે રસ્તો ક્રોસ કરતા વખતે પણ હું તેનો હાથ પકડતી હતી. ગાડીઓ પસાર થતી તોય ગભરાતો. તે કઇ રીતે ગોળીબાર કરી શકે.

**- અક્ષય શિંદેની માતા**

### પોલીસ જખમી થયો એની કોઇને નથી પડી

બદલાપુરની દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની ત્યારે વિરોધપક્ષો આરોપીને ફાંસી આપવાની વાતો કરતા હતા અને હવે તે માણસાઇને શરમાવનાર કૃત્ય કરનારા આરોપીનો પક્ષ લઇ રહ્યા છે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. પોલીસ જખમી થયો એની તેમને કંઇ નથી પડી.


**- એકનાથ શિંદે, મુખ્ય પ્રધાન**

### વિપક્ષ તો દરેક મુદ્દે પ્રશ્ન કરે...

પોલીસે પોતાના સંરક્ષણમાં પોલીસે ગોળીબાર કર્યો હતો, જેમાં આરોપીનું મૃત્યુ થયું હતું. વિરોધ પક્ષો તો દરેક મુદ્દા પર સવાલ ઊભો કરે છે. આ જ વિરોધ પક્ષ પહેલા આરોપીને ફાંસી આપોનો આલાપ આલાપી રહ્યું છે.

**- દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન**

પ્રીમીયમ પેકેજ
કાશ્મીર | ઓફ બીટ કાશ્મીર
કિન્નૌર-લાહુલ-સ્પીતિ
જીભી-કસોલ-મનાલી
ડેલહાઉસી-અમૃતસર
લેહ-લદાખ
HAZEL Treks N Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938




Experience the
World's Largest Indoor Marine Life Theme Park!
At SeaWorld® Yas Island, Abu Dhabi
DEP DATES 21st SEP | 27th OCT | 03rd NOV | 25th DEC | 18th JAN | 08th FEB | 22nd FEB | 16th MAR
PACKAGE INCLUSIONS
08 DAYS
• રીટર્ન ઇકોનોમી ક્લાસ એરફેર.
• ૦૭ રાત્રી સુપર ડીલક્સ હોટેલ માં નિવાસ.
• Ferrari World Yas Island Abu Dhabi, SeaWorld® Yas Island Abu Dhabi, Yas Waterworld Yas Island Abu Dhabi, Warner Bros. World™ Yas Island Abu Dhabi, Qasr Al - Watan, Emirates National Auto Museum, Swaminarayan Temple, Abu Dhabi by Night અને Sheikh Zayed Grand Mosque નો રોમાંચક અને યાદગાર અનુભવ.
• વિવિધ પ્રીમિયમ અને પ્રખ્યાત ઇન્ડિયન રેસ્ટોરન્ટ માં વેજ / જૈન લંચ અને ડીનર.
• વીઝા, એન્ટ્રન્સ ફી અને ટુરીઝમ દિરહામ TAX સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
GET YOUR ITINERARY
YAS ISLAND ABU DHABI | SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74




*શરતો લાગુ
AURORA TRAVEL-TOURS PVT.LTD
સમાવેશઃ ઍરફેર ⋮ હોટેલમાં રોકાણ
બ્રેકફાસ્ટ એન્ડ ડીનર ⋮ ટીપ્સ ⋮ સાઈટીંગ ⋮ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ
એક્ટિવીટીઝ ⋮ ટુરિસ્ટ વિઝા અને બીજું ઘણું બધું
ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
સંપર્ક : ઓફિસ નંબર ૭૦૨,૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બી.ડી. માર્ગ, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર.
ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14
ધવલ 98219 21920 | જેસલ 98331 00845 | ખુશ્બુ 9820798588 | નીલ 98218 90405 | નીરાલી 9137601052 | વિશાલ ગોસાલિયા 98196 37535 | જતીન સંઘવી 98206 22417

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.